

નંદકુમાર પાઠક.

સંવેદના

નંદકુમાર પાઠક

★

હું માનવી, જગદર્પણ જેમ સારા
મિથ્યા મથું, ગહનમાનસપ્રાણપારે
વેરાય તેજકણિકો, ઘનઅંધકાર,
તે ઝીલતાં જગતના ક્ષણ ભેદ વાંચું.

★

પહેલી આવૃત્તિ: ૭૫૦ : આષાઢ: ૧૯૯૮

એસોશીએટેડ એડવર્ટીયઝર્સ એન્ડ પ્રીન્ટર્સ લીમીટેડ
૫૦૫ આર્થર રોડ, તારદેવ, મુંબઇ.

સોલ એજન્ટ

એન. એમ. ત્રિપાઠી એન્ડ સન્સ

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ.

સ્મૃતિશેષ માતાને

મૃત્યુતણી મત્તવિરાટ છોળ
સંકેલવા વિશ્વ સમસ્ત જાણે
આજે જ આવી ન હોય એવી
ગાઢી હતી ગૂઢ કરાળરાત.

હું ક્યાં હતો? આથમતા દિવાને
આશા તણા, દીન બની નિહાળતો;
અન્ધારની ભીષણભવ્યતામાં
પ્રારબ્ધદીધો પથ કાપતો'તો.

વહી ગયો કાળ, ન વાર લાગી,
વહી ગઇ આખર રાત માથે
અન્ધારને લેઇ પ્રવાસી જેવી,
પ્રકાશકેરી પદપંક્તિ વેરી.

પ્રકાશની એ પદપંક્તિઓને
ભીંજાવતો માત! ભમી રહ્યો છું.

★

"There is always a separation between the man who suffers and the artist who creates; and the greater the artist the greater the separation".

T. S. Eliot

નિવેદન

ઈ. સ. ૧૯૩૪થી તે આજ સુધીમાં લખાયલાં કાવ્યોમાંથી કેટલાંક પસંદ કરીને અહીંઆં સંગ્રહિત કરવામાં આવ્યાં છે. આમાંનાં મોટા ભાગનાં કાવ્યો અપ્રગટ છે, અને જે થોડાં કાવ્યો જુદા જુદા સામયિકોમાં પ્રસિદ્ધ થયાં છે તેમાં "ઊર્મિ"ને ફાળે વિશેષ જાય છે. પહેલું કાવ્ય, ૧૯૩૫માં, "ઊર્મિ"માં જ છપાયું.

કોઈ પણ સાહિત્યસર્જન પર, જમાનાની મહોર હળવી કે ગહરી, જાણે અજાણે, પડી જવાની જ. યુગભાવનાનાં ઊર્ધ્વલક્ષી આંદોલનોનું પ્રસન્ન પ્રતિબિંબ પાડે અને સાથે સાથે કલાની આકરી કસોટીમાંથી અગ્નિશુદ્ધ બહાર નીકળી આવે એવી કૃતિઓ તો વિરલ. છતાં, આ દિશામાં, લેખકના ઊર્મિ અને રુચિતંત્ર અનુસાર, ઓછેવત્તે અંશે પ્રયાસો ચાલુ રહેવાના જ. આ વસ્તુસ્થિતિને સ્વીકારી લીધા પછી પણ કહેવું જોઇએ કે કવિ પોતાના વૈયક્તિક વિશ્વને સદંતર અવગણી શકતો નથી. વિરાટ વિશ્વ સાથે તાદાત્મ્ય સાધી, સમગ્ર માનવતાની ધબક ઝીલવા જતાં, કવિના માર્ગમાં વૈયક્તિક બંધનોની વાડ આવી જાય છે. આ વાડ ઓળંગતાં કેટલીક વખત તે પાછો પડી જાય છે તો કેટલીકવાર સફળ પણ થાય છે. એને મર્યાદા કહો કે મહત્તા. હું બન્ને કહીશ.

કાવ્યસંગ્રહનું નામ "સંવેદના" છે માટે હરેક કાવ્યમાં વેદના રહેલી છે એવું સૂચન કરવાની ધૃષ્ટવૃત્તિ એની પાછળ નથી. છતાં આટલું કહીશ: જગતની જીભને ટેરવે રમી રહેતી કવિતા ઘનીભૂત વેદનાના ઘર્ષણમાંથી જન્મે છે; અને જ્યાં ઘર્ષણ હશે ત્યાં ગતિ હશે, ચેતન હશે, જીવન હશે, કવિતા હશે.

આવી રીતે આ સંગ્રહ બહાર પાડવામાં સ્નેહીમુરબ્બીઓ અને ઘણા મિત્રોનો સાથ છે. મુરબ્બી ભાનુભાઇએ (બાદરાયણ), તેમનો કિંમતી સમય ફાજલ પાડી, હાથપ્રત જોઇ કરેલી જરૂરી સૂચનાઓની સાભાર નોંધ લઉં છું. મુરબ્બી પ્રોફેસર ગૌરીપ્રસાદ ચુ. ઝાલાએ વખતોવખત કરેલું માર્ગદર્શન પણ લેખકને ઘણું ઉપયોગી થઇ પડયું છે. તેમાંય મુરબ્બી રામભાઇએ, પ્રવેશક અને વિવરણ લખી

આપવાની મારી વિનંતીને સ્વીકારી, જે ઉમંગ અને મમતાથી એ કાર્ય કરી આપ્યું છે તે માટે શબ્દોમાં આભાર નહિ માનું. એ આભારદર્શનનું પ્રતીક મૌન જ હોવું ઘટે. મિત્રોનો વ્યક્તિગત આભાર માનવા જતાં કોઇને અન્યાય થઇ જવાનો ભય હોવાથી તેઓનો સામટો જ આભાર માની લઉં તો તે માટે મને માફી મળશે એવી આશા રાખું છું. છતાં ય મારા મિત્ર ધીરુભાઈ દલાલે પુસ્તકના મુદ્રણની સાહસિક જવાબદારી ઉત્સાહપૂર્વક ન લઈ લીધી હોત તો આ પુસ્તક હું ક્યારે પ્રગટ કરી શકયો હોત એ એક પ્રશ્ન જ છે.

દિલ્હી:
તા. ૨૦–૭–૪૨

નંદકુમાર જેઠાલાલ પાઠક.

પ્રવેશક

આજની કવિતાનાં જે વિશિષ્ટ તત્ત્વો છે—અન્ય દેશોમાં થયેલ સમાજસંક્રાન્તિએ, અને આપણા દેશમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં સ્ફુરેલા અને આપણા પ્રાન્તે અગ્રભાગે રહીને ઝીલેલા ચૈતન્યે ઉપજાવેલી નવી દૃષ્ટિ અને નવીન વિષયસમૃદ્ધિ; ગુજરાતીનું અભ્યાસગૌરવ વધવાથી અને સાથેસાથે થતા સંસ્કૃતના અધ્યયનમાં સજીવતા આવવાથી થયેલો ભાષાવિકાસ; અને સંસ્કૃત વૃત્તોનો સફળ ઉપયોગ તેમજ લોકગીતોના ઢાળોનો સ્વીકાર; એ તત્ત્વોમાંથી બધાં—ઓછાં વત્તાં—શ્રી. નંદકુમારની કવિતામાં વિદ્યમાન છે.

આ નવી કવિતાએ સંસ્કૃત વાણી અને સંસ્કૃત વૃત્તોનો—અચકાતાં અચકાતાં નહિ પણ નિશ્ચયપૂર્વક, અને આદરપૂર્વક—છૂટે હાથે સ્વીકાર કર્યો છે. એ સ્વીકાર આજના તરુણ કવિઓમાં વ્યાપક બન્યો છે અને દૃઢ થયો છે. એનો વિરોધ નથી થતો એમ નહિ. સંસ્કૃત વૃત્તોની દૃઢ નિયમબદ્ધતા ગુજરાતીને ફાવતી નથી; એ વૃત્તો સંસ્કૃતના જે ઉચ્ચારણતંત્રને અવલંબીને સફળ થાય છે એવું ઉચ્ચારણતંત્ર ગુજરાતીનું નથી; ભાષાની સંસ્કૃતપ્રચુરતા કવિતાને લોકભોગ્ય થતી અટકાવે છે; વગેરે કારણોએ આ નવીન કવિતાપદ્ધતિનો વિરોધ કરવામાં આવ્યો છે. એ વિરોધની અસર જોઇએ તેટલી ન થતી હોય, એનું પરિણામ નજરે ન પડતું હોય, તો તે સ્થિતિ સકારણ છે: સંસ્કૃતજ્ઞ ગુજરાતીને સંસ્કૃતનું ઉચ્ચારણતંત્ર એટલું સહજસિદ્ધ હોય છે કે સંસ્કૃત વૃત્તમાં, રચનાર તેમજ વાંચનાર શિષ્ટ ગુજરાતીજન, આપમેળે સંસ્કૃતોચિત ઉચ્ચાર કરે છે. એટલું જ નહિ પણ તળપદા ગુજરાતી—તત્સમ નહિ પણ તદ્‌ભવ—શબ્દોમાં પણ સંસ્કૃતાનુકારી ઉચ્ચારની જરૂરિયાત પડે તો તે તેને ખૂંચતું નથી. સંસ્કૃત વૃત્તોના દૃઢ નિયમનું સફળ અનુવર્તન કાન્તે તથા તેથી પણ વિશેષ બોટાદકરે કરી બતાવ્યું છે અને એમનો અનુયાયી આજનો કવિ એ નિયમબંધનોથી અકળાતો નથી; ઉલટું વૃત્તશુદ્ધિ અને ભાષાશુદ્ધિનો વિષમ સહયોગ સાધવાને એ તત્પર બન્યો છે; સંસ્કૃત વૃત્તોની આંગળી પકડીને સંસ્કૃત શબ્દો પણ ઘૂસી જાય છે તેથી કવિતા લોકભોગ્ય રહેતી નથી એ આક્ષેપથી

બચવા માટે આજના કવિએ વિદ્વદ્ભોગ્ય કવિતા કરવાના શોખ સાથે લોકભોગ્ય ગીતો રચવાની ફરજ કબૂલ રાખી છે. અર્થાત્ વિરોધ છતાં એ નવીન કવિતા સંસ્કૃતના પ્રભાવથી સર્વત્ર અને સર્વથા મુક્ત થવા તૈયાર જણાતી નથી. આ પરિસ્થિતિના ગર્ભમાં ગુજરાતી કવિતાની કઈ કઈ શક્યતાઓ રહી હશે? કવિતા માત્ર લોકભોગ્ય જ હોય એવું વિધાન સર્વ કાળે નભ્યું નથી અને નભે નહિ. વિદ્વદ્ભોગ્ય કવિતાને સ્થાન છે, એની કિંમત પણ છે; એના વગર ભાષાસમૃદ્ધિ અને સત્ત્વશાલી વિચારની પ્રગતિ આશ્રયહીન બને. અન્યપક્ષે લોકહૃદયને સ્પર્શે એવી ગેય કવિતા તળપદી વાણીદ્વારા જનતાને કાવ્યાનંદનો અનુભવ કરાવે, ઉન્નત ભાવનાઓથી રંગે, એ પણ આવશ્યક છે.

શ્રી. નંદકુમાર આ અદ્યતન કવિવર્ગના પ્રતિનિધિ છે. એમનાં કાવ્યોમાં ૪૦ ઉપરનાં કાવ્યો અને 'મર્મર' વિભાગમાંનાં ૧૦ મુક્તકો સંસ્કૃત વૃત્તમાં રચાયેલાં છે; ૨૮ કાવ્યો ગેય છે. એમનાં ગેય કાવ્યોમાંથી કેટલાં લોકપ્રિય બનશે એટલે કે ગુજરાતીને નહિ તો ગુજરાતણને કંઠે આરૂઢ થશે એ પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે. ભાષામાં અને અર્થમાં સરલતા હોય તો જ લોકપ્રિય બનાય તેવું હરહંમેશ નથી. શ્રી. નાનાલાલ કવિના 'ચંદ્રીએ અમૃત મોકલ્યાં રે' અને 'માહિષ્મતીને તીર' જેવા ગહન અર્થથી ભરેલા ગરબાઓની લલિત પદાવલી અને અસ્ખલિત લયધારા ગુજરાતણના હૃદયમાં વસી છે; અર્થાત્ લયસંગીત અને લાલિત્ય એ પણ લોકપ્રિયતાનું સાધન છે. શ્રી. નંદકુમારનાં ગેય કાવ્યોને લોકપ્રિયતા જીતવાનું આ દુર્ગદ્વાર લભ્ય છે, એ દુર્ગદ્વાર ઉઘડાવવાનાં સામર્થ્યતત્ત્વો એ કવિતામાં છે. પરંતુ આવો દુર્ગપ્રવેશ લોકની કલાવૃત્તિને જીતે છે, લોકહૃદયના ગર્ભદ્વારને જીતી શકતો નથી; અર્થબોધ, સહજસરલ ન હોય તો, कान्तासंमिततया વિચારનો પ્રેરક કે સંસ્કારક, સામાન્ય જનતા માટે બની શકતો નથી. ગેય કાવ્ય રચનારા કવિએ આ મુદ્દો લક્ષમાં રાખવા જેવો છે.

શ્રી. નંદકુમારનાં કાવ્યોમાં હૃદયની ઊર્મિ છે, વિચારની ગહનતા છે અને એ બંનેને સુભગરીતે સમર્પનારી કલ્પના પણ છે; પરંતુ એ તત્ત્વોની વિવિધતા કે વિશાલતા નથી. એમનાં કાવ્યોના વિવિધ વિષયોના મૂલમાં, કે લક્ષ્યસ્થાનમાં, બહુધા એક જ પ્રકારનો ઊર્મિપ્રવાહ છે, એક જ પ્રકારનું વિચારતન્ત્ર છે. કાવ્યસંગ્રહના 'સંવેદના' એ નામકરણમાં આ વાતનો સ્વીકાર,

ધાર્યો કે અણધાર્યો, થઇ ગયો છે. સંવેદના: સંવેદન* નહિ; સંવેદના એ આ કાવ્યોનું વિશિષ્ટ વ્યાપક તત્ત્વ છે; સંવેદન તો પ્રત્યેક કાવ્યમાં, પ્રત્યેક કવિની કવિતામાં હોય જ, અને શ્રી. નંદકુમારની કવિતામાં પણ છે.

આ સંવેદન શબ્દનો આપણે કવિતાના પ્રકારદર્શન માટે ઉપયોગ સારો કરી શકીએ. આત્મલક્ષી કે સ્વાનુભવરસિક કહેવાતાં કાવ્યોમાં જે સંવેદન હોય છે તે સ્વસંવેદન છે; પરલક્ષી કે પરાનુભવરસિક કાવ્યોમાં પરસંવેદન હોય છે. કાવ્યવર્તી સંવેદનતત્ત્વના આ રીતે બે પ્રકાર છે: સ્વસંવેદન અને પરસંવેદન. આ સંગ્રહમાંનું **'નવસર્જન'** (પૃ. ૫) સ્વસંવેદનનું ઉદાહરણ છે: સંપૂર્ણ સામર્થ્યના અભાવનું સ્વવિષયક ભાન, જે અલ્પ સામર્થ્ય છે તેમાં સંતોષ, અને પરાજયમાં વિજય જોતી મનોદૃષ્ટિ; એવાં આ સ્વસંવેદનનાં તત્ત્વો છે, તે કવિનાં સ્વાવલંબી વિચારતત્ત્વો છે. એ વિચારનું—એ સંવેદનનું—ઉદ્‌ભવસ્થાન કવિ પોતે જ છે. **'સંતોષ'** (પૃ. ૮) ની વિચારસરણિનું—પ્રાપ્તસ્થિતિનો સ્વીકાર, આત્મશ્રદ્ધાનો રંગ, માનવતા જળવાઇ રહી એટલાંથી સંતોષ, એ વિચારસરણિનું–પણ કવિ પોતે જ ઉદ્‌ભવસ્થાન છે. આમાં સ્વસંવેદન છે તે સ્વાવલંબી છે.

'નવજીવન' (પૃ. ૧), **'ન્હોતું જાણ્યું'** (પૃ. ૨) એ કાવ્યોનું સ્વસંવેદન પરાવલંબી છે; સંવેદન કવિનું પોતાનું, પણ એનું અવલંબન પોતાથી ભિન્ન—પ્રણયમૂર્તિ કે આરાધ્યમૂર્તિ.

'કાવ્યદેવીને' (પૃ. ૩) કાવ્યમાં સ્વસંવેદનનું અવલંબન વસ્તુત: પોતે જ છે, પોતાની કવિત્વ આરાધના; પણ એ કવિત્વને 'કાવ્યદેવી' રૂપે કલ્પી છે તેથી પરાવલંબનનો આભાસ ઉપજે છે.

શ્રી. નંદકુમારનાં કાવ્યોમાં ઘણાં ખરાં (સ્વાવલંબી કે પરાવલંબી) સ્વસંવેદનનાં કાવ્યો છે. પરસંવેદનનાં કાવ્યો પ્રમાણમાં થોડાં છે. **'શાને'** (પૃ. ૩૮), **'નવોઢા'** (પૃ. ૪૬), **'ત્યાગ'** (પૃ. ૪૯), **'દુનિયાના દંશ'** (પૃ. ૫૩),

* વેદન અને વેદના એ શબ્દયુગ્મમાંનો વેદના શબ્દ લાગણી અર્થમાં રૂઢ થયો છે, વેદન નહિ. એ રૂઢિજન્ય ભેદને કારણે 'સંવેદના' એટલે લાગણીરૂપ અંતઃકરણવૃત્તિ, અને 'સંવેદન' એટલે જ્ઞાન, અનુભવ, લાગણી એ બધું, એવો અર્થભેદ આપોઆપ ઉપજે છે. 'સંવેદન'નો અર્થવિસ્તાર 'સંવેદના'થી વિશાળ છે.

'જગતાત' (પૃ. ૫૭), **'હું'** (પૃ. ૫૯), **'કદર'** (પૃ. ૬૫), એ કાવ્યો શુદ્ધ પરસંવેદનનાં ઉદાહરણો છે. આમાંનું **'હું'** એમાં કવિથી ભિન્ન વ્યક્તિ પોતાનું સંવેદન સ્વમુખે રજૂ કરે છે એથી આ પરસંવેદન કાવ્ય dramatic પ્રકારનું છે; બોલનારું પાત્ર પોતાની ભૂમિકામાં રહીને બોલે છે અને એ પાત્રની ઉક્તિ એ જ આ કાવ્યનું વસ્તુ છે. એને 'પાત્રોક્તિ' કાવ્ય કહી શકીએ. આવાં dramatic lyrics માં પરસંવેદન તે પરનું જ સંવેદન હોય છે, પરાનુભૂત સંવેદન હોય છે,—કવિ પોતે અદૃશ્ય રહે છે. બાકીનાં પરસંવેદન કાવ્યોમાં પરસંવેદનાનું કવિએ કરેલું સમર્પણ છે, કવિ પોતે અદૃષ્ટ રહેતો નથી; અને એ કારણે એ પરસંવેદનમાં સમભાવ-જનિત કવિસંવેદનનું મિશ્રણ થાય અથવા એ પરસંવેદનમાંથી સારરૂપે સર્વસાધારણ સંવેદન રજૂ કરવામાં આવે એવો અવકાશ રહે છે.

શ્રી. **નં**દકુમારનાં કાવ્યોમાં—સ્વસંવેદન કાવ્યોમાં અને પરસંવેદન કાવ્યોમાં પણ બહુધા—**સંવેદના** છે, અને એ સંવેદના લગભગ સર્વત્ર વિષાદમય છે. આ વિષાદ ક્યાંક તો આશાના એક પણ કિરણ વગરનો, ઉલ્લાસના એક પણ તરંગ વગરનો, વ્યાપક વિષાદ છે. ઉદાહરણ માટે જુવો **'અંધારણી'** (પૃ. ૧૩); એકાકી અસહાય જીવનનો વિષાદ આ આખા કાવ્યમાં છાઈ રહ્યો છે અને અંતે પણ

'છે પત્થરોમાં પગ છૂંદવાના
મૂકી નિશાની નવરકતની જવા'

આવો જ વિષાદ **'કાવ્યદેવીને'** (પૃ. ૩) એ કાવ્યમાં અનુભવાય છે; પ્રફુલ્લ કુદરત પણ પોતાનાં સત્યોને ગૂઢ રાખીને મતિને રૂંધે છે; કાવ્યદેવીને અંકે સુવાને, એના સૂરમાં તાલ પુરવાને, એનાં નયનઅમી ઝીલવાને, એનાં લાડ પામવાને હૈયું ઝુરે છે અને આત્મા તલપે છે; પણ એ સહુ વૃથા જવાનું છે, કાવ્યદેવીના ગાઢા પડદા નહીં જ ઉપડે, અબુધઉર આવ્યો હતો અને અબુધ ઉર લઈને જઈશ, એવી શંકા ટકી રહી છે. નિરાશાવૃત્તિમાં જ કાવ્યનું પર્યવસાન છે. **'કલા'**માં (પૃ. ૬) સરિતાને જીવનકલા સાંપડી પણ કવિ એથી વંચિત રહ્યો, અકિંચન રહ્યો, એ વિષાદમય સ્થિતિ છે. **'નવસર્જન'**માં (પૃ. ૫) આશાનો ઉન્મેષ કાવ્યાન્તે થયો છે, તો તે આશાનો ઉદ્ભવ પણ મનના માની લીધેલા સમાધાનમાં છે.

> , 'એ કાળના વિજયમાં મમ જીત માનું
> એ પ્રાણના વિલયમાં ક્ષણ જીંદગીના
> ભાવિ અનંત નવસર્જનને નિહાળું'

'**વિરાટપૂજા**'માં (પૃ. ૪) હૃદયનો પ્રકાશ છે, ઉલ્લાસ છે; પણ ત્યાં પણ પોતાની અલ્પસાધનતાનું ભાન અને 'કોણ હું પછી?' એવો પોતાની અલ્પતાનો અંગીકાર, એ ઉલ્લાસ ઉપર વિષાદની છાયા આણે છે. '**ઝરણું**' (પૃ. ૧૭), '**સંતોષ**' (પૃ. ૮), '**એકલો**' (પૃ. ૯), '**બનું**' (પૃ. ૧૫), '**તને જ**' (પૃ. ૩૨), '**ભલે ન પાસે**' (પૃ. ૩૯)—એ બધાં કાવ્યોમાં પૂર્ણ પરિતોષનો અભાવ છતાં બહુ થોડો કે બહુ મોડો સંતોષપ્રસંગ આવે તો તેથી **સંતુષ્ટ** રહેવાની, મનનું સમાધાન કરવાની, વૃત્તિ છે. 'તોય બહુ છે', 'ભલે', એ આ કાવ્યોમાં રહેલી મનોદશાના લાક્ષણિક ઉદ્દગારો છે.

શ્રી. **બાદરાયણ**ના '**ભલી નિશા જીવનની અમારે**' એવો સંતોષ સ્વીકારતા '**જીવનનિશા**' કાવ્યની, અથવા '**ભલે સકલ બંધ થાય મુજદ્વાર, હૈયે રહી શમે ન કદી ઝંખના**' એ પંક્તિવાળા '**ઝંખના**' કાવ્યની, યાદ આપતાં શ્રી. **નંદકુમાર**નાં, આ પ્રકારની સંતોષની કે સમાધાનની વૃત્તિ બતાવતાં, કાવ્યોને 'ભલે-કાવ્યો' એ નામ આપવાની વૃત્તિ થાય છે.

શ્રી. **નંદકુમાર**નો વ્યાપક ભાવ વિષાદ છે, પણ એ વિષાદ સામે એ બંડ કરતા નથી; એ વિષાદમાં જ એમને આનંદ છે:—

> 'શ્રમિત પ્રાણ પંપાળતો
> ઉઠીશ હૃદયે ભરી સકલ સ્નેહસૌંદર્યને,
> ભરીશ પગલાં ધરી હૃદય અર્ઘ્ય આનંદનો.'

'અર્ઘ્ય'—પૃ. ૩૫.

એ વિષાદ મંગલહેતુક છે એવી એમની અચલ શ્રદ્ધા છે:—

> 'ભલે નિહાળું નજરે ન તારાં
> ઉજાળતાં વિશ્વ વિશાળ નેનો
> × × ×
> જરૂર એ ધન્ય ઘડી ય આવશે

તૂટી જશે કાળતણી દિવાલો;
ને દૃશ્ય આ સર્જન પ્રાણમાંહી
જશે શમી, મીટમહીં વિરાટની
જ્યોતિતણાં મંગલ તેજ રેલશે'

'પ્રભાતે'—પૃ. ૧૧.

અને એ અચલ શ્રદ્ધાના ખડક ઉપર દુઃખના મોજાઓ અફળાઇ અફળાઇને ભાંગે ત્યારે જ જીવનજલધિનાં તેજ ઝળકે છે:—

જીવનજલધિ ઘોર ઉછળે
દુઃખરૂપ મહામોજ ગરજે;
ધસીને શ્રદ્ધાના ખડક પર એ વારિ પડતાં
અહા! તે કાળે ઓ જીવન! જલ તારાં ચમકતાં,

'જીવનજલધિ'—પૃ. ૧૦.

વૃત્તબંધ કાવ્યો મૂકીને ગેય કાવ્યો પ્રતિ જતાં, વિષાદને પાછળ મૂકયો અને ઉલ્લાસમાં આવ્યા એવી આશા, પ્હેલું ગીત, 'ટાણું', વાંચતાં ઉપજે છે:—

'પરજીવનની વાત જવા દો, છોડો વાદ નકામા,
આજ ઉરાડો કુંકુમ રંગો કાદવધૂળ ધરાનાં
મનવા! ગરવા કાળકિનારા'

'ટાણું'—પૃ. ૬૯.

પણ 'ગરવા કાળકિનારા' તો હજી સંમુખ ઊભા છે; મૃત્યુને વીસરીને આનંદ માણવાનું નિમન્ત્રણ છે, પણ મૃત્યુની સ્મૃતિ ગઈ નથીઃ—

'આજ જીવી લો, કાલ ભલે હો કડવા મોતકટોરા,
મનવા! ગરવા કાળકિનારા.'

ત્યાર પછીના કાવ્યમાં (**'ધન્ય'**—પૃ. ૭૦) કવિ **સંસારમાં** ધન્યતા માનવાનો અને આંસુડાં ન સારવાનો ઉપદેશ કરે છે ત્યારે તેઓ નિશ્ચયપૂર્વક પોતાનો રાહ બદલે છે એવું નથી—ક્ષણવાર 'ભૂલા પડ્યા' છે; અને વિનાવિલંબે પાછા વિલાતી જીવનવાડીને ભીષણ મારગડે આવી પ્હોંચે છે જ્યાં—

'સ્વપ્નસત્યના સંગમઆરે,
દુનિયા રોતી જોઇ!'

'સંગમઆરે'—પૃ. ૭૩.

અને એ પછીનાં ગીતોમાં વિષાદનો સૂર, ભિન્નભિન્ન પ્રકારે, સંભાળાયા જ કરે છે:—જીવનના અંજનને લ્હોતી આંસુઓની ધારા, 'શાશ્વત દૈન્ય,' પ્રભુની નિકટતા છતાં દૂરતા (**'દૂરનો દૂર'**), પ્રકાશહીન રાતો પૂરી નહીં થાય એવી વેદનામય આશંકા, આંસુડાં ઉછાળી જનારનું (પ્રભુનું) અદર્શન, સ્નેહજીવનની એકલવાટ ઇત્યાદિ પ્રકારે કવિનો વિષાદભાવ દેખાઇ આવે છે.

વિષાદની આ વ્યાપકતા, ગીતોમાં, નિરપવાદ નથી એ સ્વીકારવું પડશે. બહુધા અથવા સર્વથા વિષાદની છાયાથી અસ્પૃષ્ટ રહેલાં ગીતોમાં—**'આવો તો,' 'સૌભાગ્યપગલાં,' 'સોણું,' 'મુગ્ધઅજ્ઞાન,' 'ઉંબરમાં,' 'નૃત્ય,' ચૂંદડી,** એ ગીતોમાં—વિષાદ નથી પણ પ્રિયમિલનનો ઉત્સાહ, આનંદ, મીઠી મુંઝવણ, કે ઉલ્લાસ છે. આમાં વિચારતત્ત્વ કયાંક જ્ઞાનની શાંતિવાળું છે, કયાંક કૂટ પ્રશ્નની ગહનતાવાળું છે, કયાંક કૈમારના મુગ્ધભાવવાળું છે, કયાંક પ્રથમ મિલનની લજ્જાથી યુકત છે. ઉત્કટ ઉલ્લાસ કે વિલાસ શ્રી. **નં**દકુમારના કવિસ્વભાવને અપરિચિત છે; એ દોષ નથી પણ ઘણો મ્હોટો ગુણ છે.

શ્રી. **નં**દકુમારની ભાષા અતિસંસ્કૃત હોવાના દોષથી મુક્ત હોવા છતાં અર્થગૌરવને વહી શકે તેવી છે. સંસ્કૃતના અભ્યાસે એમને ગુજરાતીમાં અપ્રચલિત કે પાંડિત્યગંધી શબ્દો નથી આપ્યા, પણ શિષ્ટ સંસ્કાર આપ્યો છે. થોડાક નમૂના જોઇએ:—

બળે જગત; કારમા અનિલ ભાવિ કંપાવતા,
અલૌકિક અમીભર્યાં નયન ઓપતાં તાહરાં;
પ્રચંડ ધમસાણ જો જગત રાષ્ટ્રનાં ગાજતાં,
અખંડ તવ ભાલમાં રમણ સૌમ્યરેખા તણાં;

ક્ષમા વિરલશક્તિમાં, રસિકતા તરે સંયમે,
પ્રફુલ્લ પગલે પ્રકાશ પથરાય આત્મા તણા;

પ્રસન્ન તવ વાણીની મધુરવેણુમાં ડોલતા
તને વશ થયા અનેક નિજ ટેકને છોડતા.

'યુગમૂર્તિ'—પૃ. ૨૫.

આ પંક્તિઓમાં વાપરેલા સંસ્કૃત શબ્દોની ઉચ્ચારસરલતા, વર્ણમધુરતા અને શબ્દવ્યવસ્થાનું લાલિત્ય, આપોઆપ દેખાઇ આવે છે, ચીંધી બતાવવાની જરૂર નથી; છતાં 'અનિલ ભાવિ કંપાવતાં,' 'જગત રાષ્ટ્રનાં ગાજતાં,' 'પ્રચંડ' ને પડઘો દેતો શબ્દ 'અખંડ' 'રમણ સૌમ્ય રેખાતણાં,' 'વાણીની મધુરવેણુ,' 'અનેક નિજ ટેકને'—એ પદાવલિમાં રહેલ સવર્ણતા અને મધુરતા તરફ ધ્યાન ખેંચું છું. આ માધુર્ય આકસ્મિક તો ન હોય, કવિના વાણીવિષયક રુચિતન્ત્રનું જ એ ફળ છે.

ઘડી કર હુલાવતી, હૃદયરંગથી ભીંજતી,
અબોલ ઉરભાવના વિશદ ચુંબને આંકતી,
પ્રસન્ન નિજબાળના કિલકિલાટમાં રાચતી,
અને સહુજવ્હાલની મૃદુલ હેમદોરી થકી,
ઝુલાવી, નિજ સ્ત્રીત્ત્વની પરમધન્યતા માણતી,
બધી જગતમાત આ અમર યંત્ર સંહારની.

'હું'—પૃ. ૬૦.

સરમુખત્યારના સત્તાગર્વભર્યા હુંકારનો પડઘો પાડે તેવો શબ્દાડંબર, આડંબરી વાણીની છટાને વધારે છકાવી શકે તેવો પૃથ્વીછંદ; આવી પાર્થિવ-પરુષતાની વચ્ચે આ વાત્સલ્ય—વીરડી હૃદયંગમ બને છે. એક જ વાત ખૂંચે છે—'નિજ સ્ત્રીત્વ'માં સ્ત્રીના ઉચ્ચારનું બેવડું વ્યતિક્રમણ. આ એક ક્ષતિ બાદ કરતાં આ આખું કાવ્ય,—પૃથ્વીછંદનો વિષયાનુરૂપ ઉપયોગ કરતું છતાં એમાં વાક્યરચનાની સરલતા અને લલિતતા ખિલાવતું આ કાવ્ય—શ્રી. નંદકુમારની કાવ્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

અર્થમાં ગંભીરતા હોવા છતાં દુર્બોધતા નથી આવતી એ પુરવાર કરતી નીચેની પંક્તિઓ સત્ય અને સૌન્દર્યના સારનિષ્કર્ષ સમી છેઃ—

ધારીને દિનરાત પાંખ જગમાં જેવો ઉડે કાળ આ
તેવાં, જીવનમૃત્યુ દિવ્ય ઉડતાં ચૈતન્યની પાંખનાં?

'મંગલવિદાય'—પૃ. ૧૯.

ખીલી કળી કોમળ શાન્ત ખેલે,
પ્રફુલ્લ થાતાં જ પરાગ વેરે,
ખરી જતી ક્રૂર પ્રવાહ કાળને–
વિકાસ શું મૃત્યુ ભણી ગતિ છે?

'પાવાગઢ'—પૃ. ૨૮.

જો ચાહવું, પત્થરમાં ય તો પછી
ન પ્રાણ કાં પાથરવા ઉમંગે?
જો વિશ્વની ગૂઢ વિચિત્રતામાં
છે જીવવું તો ખીલવું બધે ન કાં?

'પત્થરને વીંટળાયેલી લતાને જોતાં'—પૃ. ૪૫.

રંકજીવનના સ્વપ્નસીમાડે, લીલા સૌ આ જોઇ,
સ્વપ્નસત્યના સંગમઆરે, દુનિયા રોતી જોઇ.

'સંગમ આરે'—પૃ. ૭૩.

ના દૃશ્ય સૃષ્ટિ જીવતી જ્યહીં લગી
અદૃશ્ય સૃષ્ટિ ઉરમાં રમી રહી?
ને ઝંખના ઓસરતાં અદૃશ્યની
શાં મૂલ્ય આ માનવજિન્દગીનાં?

'પત્રસૃષ્ટિ'—પૃ. ૬૪.

આ સૌન્દર્યકણિઓ અહીંતહીંથી વીણીને આપી છે, તે ઉપરાંત મર્મરવિભાગમાં મૂકેલું એકેએક મુક્તક, ઓછા અર્થવૈભવવાળું છતાં, સુંદર છે.

ભાષાની સંસ્કૃતમયતામાં કવિએ સંયમ બતાવ્યો છે તેનું વિશેષ પ્રમાણ એમણે યોજેલા સમાસોમાં રહ્યું છેઃ— 'તિમિરલહરી', 'અધીર-ઉરભાવ', 'અમરસ્વગાથા', 'જગજટિલતા' એ સમાસો શ્રી. નંદકુમારની સમાસપ્રક્રિયાની સાચી વાનગી છે; એમના સમાસો કાવ્યના લય પ્રવાહને નડતા નથી, બલ્કે મદદ કરે છે; અને વળી લાલિત્યની વૃદ્ધિ કરે છે. અહીં આપેલા સમાસોને વાંચી જુઓ, એમાં રહેલું વર્ણોનું સુભગસંયોજન સાંભળો, કાવ્યમાં સ્વસ્થાને કેવા શોભે છે તે વિચારો, તો એ સમાસની ગુણવત્તાની ખાતરી થશે. કોઇક સમાસોમાં ભાષાસંકર છે, જેમ કે 'પડઘાવલી', 'તિમિરપડદાએ,' 'વિષાદપડઘા', 'મનુજમાળખું'; પણ તે લયના કે વિચારના વહેણને બાધક નથી થતા. વૃત્તના ફરમાનને માનીને, લઘુવર્ણોની આવશ્યકતા પૂરી પાડવાને, કઢંગો વિશ્લેષ કર્યો હોય એવું—'સમદરતટે' એ સમાસમાં બન્યું છે તેવું—થોડું જણાય છે. આ 'સમદરતટે' ને સ્થાને 'જલનિધિતટે' મૂકી શકાત. કાવ્યમાં ઉચ્ચારમાધુર્ય માટે કાળજી રાખતા આ કવિનો આ એક અનવધાન-દોષ ક્ષમ્ય ગણીશું?

ક્ષમ્ય ન ગણાય તેવું છે આ કવિનું, ઠીક ઠીક પ્રમાણમાં આવી જતું, ગુરુલઘુનું વ્યતિક્રમણ. વૃત્તની અને ગેયતાની શુદ્ધિના આગ્રહી કવિએ **अपि माषं मषं कुर्यात् छन्दोभंगं न मर्षयेत्** એ વિધાન સ્વીકાર્યું લાગે છે. અત્યારનો પ્રવાહ આ વિધાનથી ક્વચિત્ અવળો વહે છે; **नैव माषं मषं कुर्यात् छन्दोभंगं तु मर्षयेत्.** ભાષાશુદ્ધિ અને વૃત્તશુદ્ધિ બેમાંથી એકની શુદ્ધિનો ભોગ આપવો પડે એવી કપરી સ્થિતિમાં lesser evil કયું? બેમાંથી એકેય નહિ. બે અનિષ્ટમાંથી એકની તારતમ્ય દૃષ્ટિએ પસંદગી કરવી જ પડે એવું કંઈ નથી; ભાષા અને વૃત્ત બંનેની શુદ્ધિ જાળવવી જોઇએ. પ્રસંગવશાત્ જણાવું છું કે આ સંગ્રહમાં ક્યાંક છન્દોભંગ 'છપાયો છે' તેને માટે કવિ જવાબદાર નથી.

શ્રી. નંદકુમારની ભાષાશૈલીનાં સુતત્ત્વો બતાવ્યાં છે તે તેમની કવિતાના શબ્દદેહનાં અંગભૂત છે. શબ્દદેહને શ્રી. નંદકુમારે પરિમિત અલંકારથી શણગાર્યો છે. એ ઉપરાંત અર્થને પણ સુંદર અલંકારથી એમણે

ક્યાંક ક્યાંક શોભાવ્યો છે. '**નવોઢા**' કાવ્યમાં (પૃ. ૪૬–૪૭) આ સુંદર ઉપમા છે :—

'પત્રે પડી કમળના, જલ બિન્દુ જાએ
ધીમે સરી, નહિં રહે ઘડી એક ત્યાં એ,
રમી ઝૂલી નેનનમાં ધીરેથી
તેવું સર્યું અશ્રુ કુંળા કપોલે.'

આ ઉપમા સુંદર છે; પણ મૌલિક નથી, પ્રાચીન છે. તો ત્યારપછીની જ કડીમાં કવિએ આથી ઘણી વધારે સુંદર મૌલિક ઉપમા આપી છે :—

'અંધારામાં દીપક તેજરેખા,
પડે જલે અસ્થિર કાંપતી રહે,
તેવી લસે આંસુભરેલ લોચને
વિલોલ કીકી રસબાલિકાની.'

આ શ્લોકમાં વાણી અને અર્થ બંનેનાં સુંદર અલંકરણોનો અત્યન્ત મનોહર મેળ સધાયો છે એ શ્રી. **નંદકુમાર**ની કલાદૃષ્ટિનું પરિણામ છે.

કવિતામાં ઊર્મિની સચ્ચાઈ અને વિચારની ભવ્યતા જેટલાં આવશ્યક છે તેટલી જ આ શ્લોકમાં છે તેવી કલા પણ આવશ્યક છે. શબ્દોની વર્ણમાધુર્યની દૃષ્ટિએ પસંદગી, સમાન વર્ણો અન્યોન્યનું અનુરણન કરે એવી શબ્દવ્યવસ્થા, અર્થનો ઉપકારક બને તેવો અલંકાર; અને આ બધાં તત્ત્વોનો અવિકલ છંદમાં કે વૃત્તમાં અવતાર; આ કલાતત્ત્વોમાં કાવ્યની ચિરંજીવતાનું રહસ્ય છે. શ્રી. **નંદકુમારે** એ રહસ્યદીક્ષા લીધી છે.

કલાતત્ત્વો ગણાવતાં છન્દ કે વૃત્તનો નિર્દેશ છન્દોબદ્ધ કવિતા પરત્વે કર્યો. ગેય કાવ્યોમાં લયનો અસ્ખલિત પ્રવાહ, ગીતનો જે ઢાળ સ્વીકાર્યો હોય તેનું અક્લિષ્ટ, સહજસુંદર, અનુવર્તન એ કલાતત્ત્વો એટલાં જ આવશ્યક છે. શ્રી. **નંદકુમાર**નાં સર્વ ગેય કાવ્યોમાં આ તત્ત્વો અન્યૂન છે. ઢાળના પરિચયને અભાવે, કે ઉચ્ચારણતન્ત્રના કુસંસ્કારને લીધે, કે પછી 'કર્ણદોષ'ને કારણે, ગીતકાવ્યો સુગેયતાથી વંચિત રહે છે; અથવા, વિશેષ નહિ તો, મૂળ

ઢાળ તદનુસારી નવીન ગીતમાં સંપૂર્ણ ઉતરતો નથી. શ્રી. **નંદકુમાર** આ દોષથી મુક્ત છે. એટલું જ નહિ પણ સુગેયતા એ એમનાં ગીતોનો ગુણ છે. એ ગુણ છતાં એમના ગરબાઓ ગુજરાતણોમાં પ્રિય થાય નહિ તો તેને માટે શ્રી. **નંદકુમાર**નું એ ગરબામાં રહેલું વિચારગાંભીર્ય જવાબદાર ગણાશે ?

શ્રી. **નંદકુમારે** ગીતકાવ્યો પૈકી બે ત્રણ ગીતો સંગીતને અનુકૂળ થાય તેવાં બનાવ્યાં છે તેથી એ પ્રકારનાં સંગીતોચિત ગીતો વધારે સંખ્યામાં આપશે એવી આશા બંધાય છે. પણ સાથે સાથે—

'વહજો અનંતતાને વાટ
ઉરનદ વહજો વસમે ઘાટ'

—એવું કહેનારા, ઉરનદને **વસમે** ઘાટે વહેવડાવનારા, આ કવિને સૂચના કરીશું કે તમારો ઉરનદ હવે વસમો ઘાટ છોડીને રસમય વનઉપવનો પ્રતિ પરવરે તો તે પ્રાપ્તકાલ છે.

ગોપાલભવન
સાંટાક્રુઝ,
૨૪–૭–૪૨

રામપ્રસાદ પ્રે. બક્ષી.

સંકલના

નવજીવન

હે કલ્યાણી! જીવનસરના પંકમાં હું પડ્યો'તો,
મારા માટે દશ દિશ હતી શૂન્ય અંધારઘેરી;
થાકી અંતે શિથિલ થઈને આશ છોડી ઢળ્યો'તો,
જાણ્યું'તું કે વિફલ ગઈ આ જિન્દગી યે અનેરી.

ન્હોતા આભે ઝગઝગ થતાં તોરણો તારલાનાં,
કે હૈયામાં ક્ષણભર લઈ દિવ્ય ધારું ઉમંગ;
ના કો તીરે તરુવર ઝુક્યાં ગાઢ છાયા ગભીરાં,
નાચન્તી ના અનિલલહરી, શાન્ત વારિતરંગ.

ન્હોતી શ્રદ્ધા, નહિ નયનમાં તેજ, પ્રાણે ન જોમ,
મોંઘા મોંઘા મનુજઉરના વૈભવો યાદ આવે;
વ્યાપી અંતે જીવનભરની વેદના રોમ રોમ,
ને મૃત્યુની તિમિરલહરી ચેતના જ્યાં બુઝાવે–

–ત્યાં તું આવી, ક્ષણ તટ રમી, પાય તારા ઝુલાવી,
જાગ્યાં વારિ લલિત લહરે, ધન્ય થૈ જિન્દગાની.

ન્હોતું જાણ્યું

જૂના નાના કંઇ તડપડયા તુંબડાનો બનેલો,
ઢીલા તારે બહુ સમયથી કાટ કાળો ચઢેલો;
ઝાલી ધીરે થરથર થતા હાથમાં એકતારો,
આવી તારા ઝળઝળ થતા આંગણામાં બજાવ્યો.

ધીરે ખૂલ્યાં મધુર રવથી દ્વાર તારાં સુરંગી,
ને હું જોઉં પ્રણયમધુરી મૂર્તિ તારી ઉભેલી;
ન્હોતું જાણ્યું પ્રથમમિલને આમ પ્રેમી બનીશું!
ન્હોતું જાણ્યું પ્રથમ નજરે મુગ્ધ હૈયાં દઇશું!

ને ત્યાં મારો સ્વર અટકતાં ગીતનો અંત આવ્યો;
એ ગીતાન્તે કરુણ બનતો આંચકે તાર તૂટ્યો;
ને તમ્બૂરો કરથી પડતાં તૂંબડું જીર્ણ ભાંગ્યું,
મારી આંખે કરુણ સહસા આંસુનું બિન્દુ આવ્યું.

"ના કૈં પાસે" કહી ડગ ભરું ત્યાં ધીમું વેણ આવ્યું,
"જાણું જુઠ્ઠા, હૃદયમહીં આ ગીત કોનું છુપાવ્યું?"

કાવ્યદેવીને

શીળી શોભા તારી, હરિતવનનાં હાસ કુમળાં,
અને વ્હેણો, સિન્ધુ, તરુવરતણાં ગાન નવલાં,
પ્રફુલ્લેલી લીલા કુદરત કળા ગૂઢ સઘળું,
અરે! રૂંધાઇ છે મુજ મતિ, જગે કૈં ન સમજું.

સુવા અંકે તારા, મુખથી ખરતાં હાસ ઝીલવા,
અનાદિ તારા એ હૃદયસુરમાં તાલ પુરવા;
અમી ઝીલી પીવા નયનસરનાં શાન્ત વહતાં,
સુહાગી સોહન્તા વરદ કરથી લાડ કરવા
ઝુરે હૈયું મારું, જીવન કગરે, આત્મ તલપે.

વૃથા આ સૌ જાશે? નિરવધિ જલે નાદ ડૂબશે?
અને શું ના તારી અમરસ્વગાથા ઉકલશે?
ન શું ગાઢા તારા અમિત પડદા યે ઉપડશે?

અરે! જેવો આવ્યો અબુધઉર આ વિશ્વ મહીં હું,
થશે જાવાનું યે અબુધઉરને સાથ લઇ શું?

વિરાટપૂજા

મને પ્રજ્ઞા આપી જગજટિલતાને સમજવા,
અને આંખો ખોલી ગહન તવ સૌન્દર્ય કળવા;
હતું ખાલી ખાલી હૃદય, કરનો સ્પર્શ જ થતાં,
હસી નાચી ઊઠ્યું તિમિરપડદાઓ ઉપડતાં.

ન ચૂકાવાશે આ ઋણ હૃદયનાં કોદિ જગતે,
તને તો શેં આપું વિરલ બદલો, ના ગમ પડે;
નથી ઓલાતું યે પર સહુ દિશે ભાવ જગમાં,
ખરે! આત્માનો આ 'પ્રણય' જગ માની વિરમતું.

તને આપું યે શું? વિભવ જગના તુચ્છ મુજને,
નથી તારી તોલે, અવર જગસૌન્દર્ય ઉરને;
તને આપુ જે હું અમરપલમાં ભેટ લઘુ આ
પ્રભો! શું તે તારી પરમ નહીં સૌન્દર્યકણિકા?

વાયુ, આકાશ ને પૃથ્વી, તેજ, વારિ, બધાં મળી,
ઉતારે મંગલા તારી આરતી કોણ હું પછી?

નવસર્જન

આ કાળનાં ઉછળતાં ઘનઘોર મોજાં
વાગે ભલે સતત આત્મની વજ્રછાટે;
એ કાળના ગહનનાદ પ્રશાન્ત થાશે,
ધોવાઈ આત્મ, જગનું પ્રતિબિંબ થાશે.
હું–માનવી, જગતદર્પણ ધન્ય થાવા
મિથ્યા મથું, ગહન માનવ પ્રાણપાટે
વેરાય તેજકણિઓ, ઘન અંધકાર,
તે ઝીલતાં જગતના ક્ષણ ભેદ વાંચું.

જે હોય તે, પ્રબળ કાળની ઊર્મિમાળા
આવી ભલે જીવનના તટ ભેદી તોડી
ડૂબાવી દે વિલસતો રસપૂર્ણ પ્રાણ;
એ કાળના વિજયમાં મમ જીત માનું,
એ પ્રાણના વિલયમાં ક્ષણ જિન્દગીના
ભાવિ અનંત નવસર્જનને નિહાળું.

કલા

પ્રશાન્ત જગ પોઢતું, નિબિડ અંધકારે ઢળી,
ઢળ્યો અનિલ નિન્દરે, સકલ સૃષ્ટિ શાંતિભરી;
અનંત નભતારલા વિલય પામિયા, ક્યાંક કો
લસે ટમટમે અધીરઉરભાવ જાણે હસે,
અને નયન માહરાં વિફલ આથડી ચોદિશે,
મથે ગહન સૃષ્ટિના અમલ તત્ત્વને પામવા.

કહે, તિમિરભેદતી સરિત ! અંધકારે તને
કયા દીપક દોરતા? સકલ વિશ્વ અંધારમાં
ઢળ્યું, સરવ શાન્તિમાં, સ્તિમિત વૃક્ષ તીરે સૂતાં,
અબોલ ઉર પંખીનાં, કલકલો શમ્યા સૃષ્ટિના;
ન રાત દિનને ગણી સતત સ્વપ્નની સિદ્ધિમાં,
અમાપ પથ કાપતી અદીઠમાં તદાકાર થૈ
અકિંચન હું તો, મને મનુજને ન લાધ્યું જ તે
કલા જીવનની જડી, જીવનમાં કલા સાંપડી.

અમર ગીત

ગાજે સિન્ધુ, દિનરજનિની તેજછાયા રમે છે,
ને પોઢ્યું છે વિયત ઉરમાં તારલા સાચવીને,
આ પાસે જો વિકસતી કળી ખેલતી વાયુસંગે,
ખેલે છે શી પ્રકૃતિ સઘળી હર્ષ–ઉલ્લાસ ખોળે!

ગાઓ ગીતો, અતલનભ ને ડોલતાં સિન્ધુવારિ,
ગાઓ ગીતો, અમરગીત એ આત્મ કલ્યાણકારી.
ગીતે ગીતે મુજજીવનના બંધ આજે છૂટે છે,
આત્મા મારો નવગીત મહીં તાલ આપી કૂદે છે.

કૈં કલ્પોથી કુદરતગીતો ગાજતાં વિશ્વ કુંજે,
એ ગીતોમાં ગહન મધુરા ગાન–આલાપ ગુંજે;
જે જે હૈયે મનુજકુળને ભાવના ભવ્ય સોહે
તે સૌ આજે શ્રવણ પડતાં ચિત્ત મારું ય મોહે.

ઇચ્છા હૈયે અમર લય એ પી જવાની પ્રભો! છે;
કો કાળે તો અબુધ ઉરમાં ગીત કો ભવ્ય જાગે.

સંતોષ

પડીશ પછડાઇને સતત એકલો ભૂમિપે,
ખમીશ વ્રણ કારમા, વિષમ ભાગ્યની લેખડે
ભમીશ અથડાઇને, કરુણતાભર્યાં આત્મના
વિષાદપડઘા ભલે દશદિશે ઘૂમી ડૂબતા;
ન કો નયનમાં રમે સુભગ સ્વપ્ન તો યે ભલે,
ન વા હૃદય ઊછળે ચિરઉમંગમાં તો ય શું ?
રડે કળકળે ભલે હૃદય શોકઘેલું થતાં,
અખંડ જલ છો વહે જીવનમાં નિરાશાતણાં.

હસીશ બસ રંગમાં, દૃગ અનંતમાં નાખીને,
અપાર પડદા પડયા ક્ષિતિજ ઢાંકતા; છો પડયા;
ભલે જગતને, મને,—મનુજને અહીં રૂંધતા.
મથીશ સહુ છોડવા, બલ અમાપ મારે ઉરે.
પડીશ પછડાઇને સતત એકલો ભૂમિપે
પળેપળ રહ્યો જ માનવ, ન અલ્પ સંતોષ એ.

એકલો !

શોભે તારો ગહનગગને એકલો યામિનીએ,
મોજું જેવું સમદરતટે એકલું આવી જાયે:
અંધારામાં ગગનમટકે વીજ એકાકી નાચે,
એવાં એવાં જીવન જગતે એકલાં આજ મારે.
હારે હૈયું, નજર ઢળતી, પાય ઢીલા પડે છે,
લાંબો લાંબો પટ પથતણો કેમ ક્યારે કપાશે ?
આશાઓના ટમટમ થતા દીપ મારા બુઝાયે,
ઝંઝાવાતો જીવન ધ્રુજવે પર્ણ ના હોય જાણે !

ના સાથે કો જીવનભર શું એકલા ચાલવાનું !
ના સાથે કો સભર જગમાં એકલા જીવવાનું !
એકાકી હું ? જગતભરની વાડીઓ ફાલી છે ના !
કોના કાજે પ્રભુનિરમિયું વિશ્વ અસ્તિત્વ સોહે ?

ખીલેલી આ કુદરત કળા, ને પ્રભો ! માનવીયે
છે સૌ તારાં, જગત તુજ છે, એકલો કેમ માનું?

જીવનજલધિ

મહા મોજાં ગાજે,
મુકી માઝા આજે;

ધસી વેગે આવી ખડક પર એ વારિ પડતાં,
અહા! તે કાળે ઓ જલધિ! જલ તારાં ચમકતાં.

જીવનજલધિ ઘોર ઉછળે,
દુખરૂપ મહામોજ ગરજે;

ધસીને શ્રદ્ધાના ખડક પર એ વારિ પડતાં,
અહા! તે કાળે ઓ જીવન! જલ તારાં ચમકતાં.

પ્રભાતે

ભલે પનોતાં પગલાં તણા એ
સુણું ન તારા પડઘા મધુરા,
ભલે નિહાળું નજરે ન તારાં
ઉજાળતાં વિશ્વ વિશાળ નેનો.
જરૂર એ ધન્ય ઘડી ય આવશે,
આજે નહીં તો વળી કો પ્રભાતે,
ને શ્વાસના મંજુલ વાયુસ્પર્શે
તૂટી જશે કાળતણી દિવાલો;
ને દૃશ્ય આ સર્જન પ્રાણમાંહી
જશે શમી, મીટમહીં વિરાટની
જ્યોતિતણાં મંગલતેજ રેલશે.

સેવા

ગાજે ઘેરાં ગરજન કરી મેઘ ઘેલો બનીને,
ને છીપાવે વિશદજલથી વિશ્વનો કંઠ જ્યારે,
જેણે આપ્યો જનમ, ઉંચકી આભઅંકે રમાડયાં
તે ના આવે દૃગપથ રવિ, ડૂબતો વાદળાંમાં.

પર્ણો પુષ્પો તરુવરતણા દેહને ઓપ આપે,
ઝંઝાવાતો સુસુસુ કરતા કિન્તુ ફૂંકાય જ્યારે,
છોડી સૌ તે દિશદિશમહીં ઊડી જાયે ખરીને,
ને તે કાળે જીવનતરુને મૂળ તો ધારી રાખે.

પોષાયે છે જીવન, નવલાં ચેતનાગાન ઘૂમે,
છૂપાયાં છે વિરલ વચનો વિશ્વના મૌનમાંહે.

અંધાણી

આ જિન્દગીની અણદીઠ ભોમે
ભમી ભમી આખર ભૂલવાનું ?
પડ્યા હશે પંથ અનંત તો યે
હસી જગે કો નહીં દોરનારું !

અને ઉતારો અહીંઆ જ શોધવા
થૈ ભોમિયા મારગ કાપવાનો,
અંધારના વાદળને વિદારવા
જાતે જલાવી દીપ ઝાલવાનો.

ફાલી રહેલી જગવાડી જોતાં
કદી નહીં સૌરભ લૂંટવાની ?
અનેક ઘાટો રમણીય કાપતાં
વાટે નહીં પાંખડી પામવાની ?

છે પત્થરોમાં પગ છૂંદવાના
મૂકી નિશાની નવરક્તની જવા.

ન્યાય!

પ્રભો! વર્ષા આવી,
અને પૃથ્વી ઠારી;

તપેલી તાપેથી, ધરતીઉરને શાંત કરતી
બીછાવી લીલી તેં મૃદુલ હળવે જાજમ રૂડી.

જનઉર મહીં દુઃખભડકા,
કુંપળકુમળા જીવ બળતા,

ગરીબોનાં હૈયાં અનલજળતાં શાંત કરવા
નથી રાખી વર્ષા? જગતક્રમમાં ન્યાય તુજ આ

બનું

બનું, ઇચ્છા થાતી મનુજપથનો દીપ જ બનું,
ગરીબોના ઘાને મૃદુ રુઝવતી ફૂંક જ બનું;
ચડી ઊંચે ઊંચે અતલનભપાટે જ વિહરું,
શશી તારા ભેટી રવિકિરણશું ગોઠડી કરું.
અહીં વેરાયેલા જગતપથમાં કંટક તીણા
પગે વાગે, ધીકે ધરતી, ચરણો નિત્ય બળતા,
કુંળાં મોઘાં વેરું કુસુમ, જળનાં સિંચન કરું,
હૃદે ઝંખું, વ્હાલા! વિશદ વસુધાનો પથ કરું.

નથી આંસુ લ્હેવાં મનુજઉરનાં દુઃખ ગરવાં,
ગુલાબી મ્હેકન્તાં નથી ય કુસુમો પંથ ધરવાં;
નથી ઊંચે જાવું, નથી જગતના દીપ બનવું,
નથી મારે હાવાં અનુપમ કશું કાર્ય કરવું.
જતા કો પંથીના શ્રમહરણ કાજે ય હળવી
બનું જો એકાદી સુખદ લહરી તો ય બહુ એ.

ત્યારે અને હવે

પડ્યો'તો પંથમાં જ્યારે હતાં પગલાં સૂણ્યાં તારાં,
ભવનમાં મ્હાલતો હાવાં ન કાં તું આવતો ત્યારે?
રુદનમાં નાવડું ડૂબતું, હસીને હાથ ઝાલ્યા'તા,
હસે હૈયું હવે હર્ષે, ન કાં તું આવતો ત્યારે?
ભીખારી હું જનમનો ને ભીખારી થઇ ગમે રહેવું,
સદા યે આંખમાં તારી, ન કાં તું આવતો ત્યારે?

ઝરણું

કાલે તો તું ઝરણું ગભરુ ખેલતું'તું ઉમંગે,
આગે વ્હેતાં નદ થઇ ગયું, દોડતું કૈં ફૂલંગે,
જાતાં આગે સરિત બનતાં, જાગી હૈયે ખુમારી,
ગાજી અંતે જલધિઉરમાં, જિન્દગી ધન્ય તારી.

મોટા મોટા ગિરિવર, ગુહા ઘોર અંધારઘેરી,
પંખીઓની વિવિધ પડઘા રમ્ય વાણી અનેરી;
કાંઠે કાંઠે સઘનતરુની સૌમ્ય છાયા સુંવાળી,
તારા મોંઘા પથવિભવની ભવ્યતા શી રૂપાળી !

નાનાં મોટાં અગણિત પડે પર્ણ તેને હુલાવે,
નાની મોટી લલિત ઉરમાં ઊર્મિઓને નચાવે,
ને જ્યાં ઝંપે જગત નિજનાં પાપપુણ્યો વિસારી,
ખેલે તું ત્યાં અતલ નભના તારલાઓ ઉતારી.

ના જાણું હું, ઝરણ, નદ કે છે નદી જિન્દગી આ,
ના જાણું ક્યાં જલધિ? પથ ક્યાં? જિન્દગી ક્યાં જતી આ?
જે હો તે હો, જીવનભર ના આંખ પ્રત્યક્ષ ભાળે,
હૈયે ઘેરાં ગરજન રમો સિન્ધુનાં અંતકાળે.

મંગલ વિદાય

ન્હોતો એ કંઈ દેવ, ના, નહિ હતો ભેદી ફિરસ્તો વળી
ન્હોતો પંથભૂલેલ સાધુ ભવના ગાઢા મહારણ્યનો.
ન્હોતી કર્મતણી અખૂટ જલમાં ગંગા વહાવી કદી
એણે કીર્તિતણી ધ્વજા ગગનમાં ના કૈં ઉડાવી હતી.

માથે ગાંસડી ભારયુક્ત લઈને માયાતણી ચાલતો,
હર્ષે લાકડી આશની કર ગ્રહી તે પંથને કાપતો;
ને ભૂલો પડી એ જતો નિજરચી પ્રારબ્ધની જાળમાં,
ન્હોતો કાળધણી, હતો મનુજ એ, પુરાયલો પિંજરે.

તોયે સ્વપ્ન હતાં અનંત ઉરમાં, આશા હતી કોડીલી,
તોયે જીવનખેલ ભવ્ય રમવા, ઉત્સાહઊર્મિ હતી;
આંખે વિશ્વતણા પ્રગૂઢ ભણવા ભેદો હતી ઝંખના,
પ્રાણે પ્રેમકલા, પ્રફુલ્લ ઉરમાં શ્રધ્ધાઉછાળા હતા.

ને તેથી જ વધુ વધુ ઉર ચહે મારું દીવાનું બની,
ને તેથી જ સરી પડે નયનથી આંસુ અધીરું બની,
વ્હાલા ભાઈ! ચહી શકું ઊછળતા કલ્લોલ આત્માતણા,
તો ના કેમ ચૂમું હસી હસી કહે દૌર્બલ્ય સૌ દેહનાં?

સોહન્તા શશિસૂર્ય, રમ્યરૂપલા તારા, ઘટા મેઘની,
ઘેરા સિન્ધુ, તરંગલોલ સરિતા, ઘેલી ઝરાની ગતિ;
મોંઘાં માનવહેત, રમ્યરમણા, કલ્લોલ પંખીતણા,
આવા ધન્ય અગાધ વિશ્વતણી હું પામ્યો ન લીલા જરા.

રાચે આજ, રચે અનંત શમણાં ભાવિતણાં ભવ્ય કૈં,
ને ખેલે વળી ભૂતકાળ ગરવી સૃષ્ટિમહીં ધન્ય થૈ.
વાગે છે દિનરાત વિશ્વભરતી મા’કાળની ખંજરી,
જાગે ના પણ જીવ, શાન્ત શમતી એ ધન્ય સૂરાવલી.

ક્યાંથી આજ પ્રભાત મંદ પગલે આવી પ્રકાશે મઢે?
કોના જીવનસાદ પુણ્યપડઘા પાડી મુંઝાવે મને?
સૂની જીવનકુંજ, કોણ કુસુમો લાવી હસાવી ગયું?
આવી, આતમરામ કોણ હળવે આજે જગાડી ગયું?

ભાઇ ! મંગલમૃત્યુ આ તવ, કલા હૈયે ખિલાવી ગયું,
ભાઇ ! જીવન મારું પુણ્ય સ્મરણે તારા ભરાઇ ગયું;
અંધાને તવ મૃત્યુ નેત્ર નવલાં આપી ઉજાળી ગયું,
મૃત્યુ યે તવ ભાઇ ! જીવન સમું આજે જગાડી ગયું.

ભાઇ ! ભવ્ય કિયું ગણાય? મરણે તારા રમે પ્રશ્ન આ,
બન્ને–જીવનમૃત્યુ આજ મુજને આપે મહાપ્રેરણા,
ધારીને દિનરાતપાંખ, જગમાં જેવો ઊડે કાળ આ,
તેવાં જીવનમૃત્યુ દિવ્ય ઊડતાં ચૈતન્યની પાંખનાં?

અંધારાં ઘન પાથરી જગતમાં, બિહામણી બાવરી,
આવી વિશ્વ પ્રજાળવા પ્રલયની કીકી સમી કારમી;
કંપાવે જનચિત્ત, વિશ્વઘૂમતી, આત્મા ય ડોલાવતી,
એવી ભવ્ય અઘોર રાત જગમાં મૂકી ઉષા ના જતી?

ને આ કાળ અનેક પ્રાણ હરતો સંસારમાં મ્હાલતો,
આપી શાશ્વત સત્ય ચેતનતણું એ માનવીને જતો;
ઢાળી પુષ્પ ધરા પ્રમત્ત રમતો કૈં ખેરવી પાંખડી,
તો યે એ જ સમીર સૌરભ નહીં ફેલાવતો પુષ્પની?

મૃત્યુ એક અખંડ જ્યોત લસતી ઉજાળતી વિશ્વને
ને ત્યાં માનવદેહ ભસ્મ બનતો વીંટાઇ એ જ્યોતને
ખેંચી લાવી ખૂણે ખૂણેથી, જલતા દીપો પતંગો ગ્રસે,
તો યે દીપ પ્રકાશ પાથરી ગૃહે અંધારને ના હરે?

ઊગે છે નભ સૂર્ય ગાઢ જગના અંધારને ડારવા,
જન્મે છે ત્યમ માનવી ગહન એ અંધારને ટાળવા;
ડૂબી સૂર્ય કદી જગે નહિ જતો, ઊગે બીજે આભમાં,
ડૂબે માનવ આજ, કાલ દીવડો થૈ આવવા વિશ્વમાં.

કાવ્યવેણુ

ભરેલા સંસારે સુખમય ભલે જીવન નથી,
ભલે વિશ્વે ગાજે ધનજલધિ ના આશ કણની,
મ્હેલાતો મોટી ગગનરમતી ના ઉર વસી,
ઉછીનાં સંગીતો લઈ લઇ ભલે શોર કરતી.

જનો જેને કહે છે સુખ, ન અમને કિંમત કંઇ;
ભમે લક્ષ્મીઘેલા જન હૃદયલક્ષ્મી અવગણી,
અને માળા મોટા મનુજ ! તણખાતોલ અમને,
અમારા મોંઘા છે વિભવ, જગતે તુચ્છ તમને.

ફરો છો ઊંચે તો ડગડરથકી કંપી ઊઠતા,
અમે મૈયાહૈયે ચરણ મૂકિયે, કંપન કશાં ?
રચો ઊંચા મ્હેલો, ધનિક ! ચપલા બીક તમને,
ભલા ! હોયે નાનાં ઉટજ પછી શી બીક અમને ?

રમો લક્ષ્મીખોળે પણ હૃદયશાતા નહિ મળે,
ગુલાબી દુઃખોની રજઈ અમને શાંતિ અરપે,
ધ્રબો ઊંડા પાયા, ભવન રચવા ભવ્ય જગતે,
અમે ખોદ્યા પાયા અમર કરવા જીવન ભવે.

ઉવેખો છો સૌને: વિભવધનના પાઠ જ હશે!
ધરાનાં મોંઘેરાં શયન અમને ધૈર્ય શીખવે,
ગણો છો સૌ વિશ્વે પણ ન ગણતા જીવનઘડી
જતી જેવી વર્ષાજલ ઉર ધરી સાગરસખી.

તમારાં લુખ્ખાં છે સ્મિત જગ મહીં, પ્રેરક ન એ;
અમારાં આંસુની નિશદિન ચડે પ્રેમભરતી,
હસો છો જોઈને સ્થિતિ અમતણી કિન્તુ જગનો
હસે જૂનો જોગી તમ સ્થિતિ પરે, સૌ નીરખતો.

તમે આપો મોટી રકમ ધનની દીનજનને,
તમારી આંખો છે યશ તરફ, સેવા ન સમજે;
અમારી ઝોળીમાં કંઇ નવ મળે: આંસુ પણ છે,
દુખીનાં આંસુની અનવરતધારા સમજશે.

ન ધૂએ લક્ષ્મીનો જલધિ જગની પાપરજને,
ન આપે એ લક્ષ્મી ગતિ પણ અરે! વિશ્વરથને,
બચાવે ને ગાજે યુગનરવરો સંસ્કૃતિ જગે,
હજારો દુ:ખીનાં ઉરકમળમાં વાસ કરીને.

ભલા! શસ્ત્રો જુદાં જીવનરણમાં યુદ્ધ કરવા,
તમે કાપો તેને શરણ મળતું બાહુબળમાં;
તમે માનો જેને રજકણ, મહાસત્ય અમને,
તમે જ્યાં ના નાખો નજર, જડતાં રત્ન અમને.

તમારી ચેષ્ટાઓ, પ્રણયનખરાં–પાપભરતી,
તમે ભેટો છાયા, નિકટ વસતું સત્ય વીસરી,
પ્રમાણો માગો છો નિશદિન તમે પ્રેમ જ તણાં,
પ્રમાણોમાં કો'દી પ્રણયપથ ના આંખ ચડતો.

અમારા છે જુદા પથ, નહિ મળે મેળ જગતે ?
અમારી છે જુદી દિશ, નહિ જશે સાદ તમને ?
અમારો તો યે આ કર સુભગપંથે અમતણો,
તમોને બોલાવે અમર ગ્રહવા પંથ પ્રભુના.

નહીં દ્વેષો છૂપ્યા, નહિ નહિ તૃષા વૈર ઉરમાં,
પરંતુ સાલે છે જિગરમહીં તેથી જ કથવા,
અમારી વાગે છે ત્રૂટક બસૂરી વેણુ, વહતી
ત્રણે કાળો ગૂંથી કટુ મધુર સૂરાવલી કરી.

રોપે ભલે બીજ ન ખેડુ તો યે
વર્ષા પધારે ગરજન્તી જાયે,
ભલે ન જુએ જનદૃષ્ટિ હોંશે
છતાં કલાપી થઇ મસ્ત નાચે.

સ્ખલન જનનાં આંખે આવે,
હૃદય કુમળાં કંપી જાયે;
ઘેલી ગાંડી કવિ જગમહીં કાવ્યવેણુ બજાવે
સુણે ના કો પણ ફરજને ચૂમતી શાન્ત થાયે.

યુગમૂર્તિ

વિરાટ વણઝાર આ યુગતણી જતી ક્યાં હશે?
અખંડ અગડોળ આશઅભિલાષનો શે ફરે?
રમે ખણખણે ય ઘોર પગઘૂઘરા કાળના,
હસે મનુજ શે અને ઠમક આપતો તાનમાં?

છૂપી ઉરમહીં મહા વિરલ વાંછના આત્મની?
સમસ્ત જગ ઝંખતું પરમ શોધમાં સત્યની?
નથી વિફલ વિશ્વમાં, કયમ પછી બને તાહરી
પુરાણ પડઘાવલી નવલગીતની ગાજતી?

રમ્યા પુનિત પારણે સુભગ ભારતીને ઘણા,
વહ્યાં જીવન રામનાં મનુજવંશ ભીંજાવતાં,
રમી રસિક બંસરી, અમર પાર્થસંવેદનો,
ભરી નયનઅંજલી કરુણ આંસુની, કારમું
રડ્યો સદય બુદ્ધ, ભેખ લીધ વિશ્વ ઉદ્ધારવા;
છતાં ગહન કૈંક છે સરલ સાદમાં તાહરા,
ખરે સરલતા ય ગૌરવ ધરે મહાપ્રાણમાં;
થયો વિરલ યોગ આ તણખલા સમા દેહમાં,
બન્યું અજબ તત્ત્વનું મનુજમાળખું તાહરું!

બળે જગત, કારમા અનિલ ભાવિ કંપાવતા,
અલૌકિક અમી ભર્યાં નયન ઓપતાં તાહરાં,
પ્રચંડ ઘમસાણ જો જગત રાષ્ટ્રનાં ગાજતાં,
અખંડ તવ ભાલમાં રમણ સૌમ્ય રેખા તણાં,
અમોઘ બલ પ્રેરણા, અમિત ઓઘ શ્રદ્ધા તણા,
અનંત ઉભરા સદા મનુજ પ્રેમના આંખમાં,
ક્ષમા વિરલશક્તિમાં, રસિકતા તરે સંયમે,
પ્રફુલ્લ પગલે પ્રકાશ પથરાય આત્મા તણા.

પ્રસન્ન તવ વાણીની મધુર વેણુમાં ડોલતા
તને વશ થયા અનેક નિજ ટેકને છોડતા,
સદા લહરતા મુખે સ્મિત તરંગ છંકારથી
શમ્યા હૃદય દાહ, તાપ જગના શમ્યા કારમા.

નથી; જગત આંગણે તુજ સમાં નથી જીવનો,
નથી જ ઇતિહાસનાં અમરપાન ઓપ્યાં કદી
અખંડ તવ કર્મની પુનિત તેજછાયા ભર્યાં.
કહુ મનુજ ? સંત ? ગૂઢ પથનો પ્રવાસી કહું ?
રમે જગતમાં, નથી જગતનો–તને શું કહું ?
ભમે મનુજવૈખરી વિફલ જાણવા માપવા
મહા પુરુષનાં અગાધ ઉર ભાવ ઉંડાણને.

અનંત યુગ આથમ્યા, ક્ષિતિજમાં રમે છે નવા,
હશે મનુજ વંશની સરલ ગૂઢ ગાથા ભર્યાં,
સદા ઉઘડશે કથા તવ વસંત સંદેશથી,
સદા વિકસશે વિચારકલિકા પરાગો ભરી.

વિધાન તવ આત્મનાં અમરપાટીપે કાળની
લખાય, જગ વાંચશે, સમજશે, તને પૂજશે,
ત્રિકાલ તવ આરતી ગજવશે, અને ઝંખશે
સદા તવ સમા મહાનરવરો હૃદે ધારવા.

પાવાગઢ

સુણું શૈલે શૈલે શ્રવણ વિંધતા કાળપડઘા,
નિહાળું છું વૃક્ષે વિટપવિટપે કાળપલટા,
હતી તારી શોભા, સહુ ગયું વહી કાળ નદમાં
નમેરા ઘા ઝીલ્યા વિધિવશ બની દૈવ રૂઠતાં.

ધસે છે વેગે તું અવિરતગતિથી જગતમાં,
નથી કોઈ એવાં સ્થિર રહી શકે ઘોર નદમાં,
કુંફાડા તું મારી વિષવરસતો નાશરુપમાં,
પ્રભુ જેવી તારી ગતિગહન ઓ કાળ! જગમાં.

ઘડીમાં ડુબાવે અનુપમસ્થળો નાશજળમાં,
ડુબાડીને તારે સ્થળ અતિજૂનાં એક પળમાં,
નથી જોયો જાણ્યો પથ જગતમાં માનવી તણો,
નથી જ્યાં વેરાયાં સ્મિત, ન તવ ક્રોધાગ્નિ જ્વલતો.

નિહાળું છું જ્યારે તવજગજૂની તાંડવ કલા,
અને ઘેરા ઘેરા નૂપુરઠમકા પાય પડતાં,
અમારાં શોભન્તાં જિવતર નકી નાદ પડઘા,
અકારા તારા આ જગત ભરતા નૃત્ય જ તણા.

કૃપા તારી તે છે મધુજીવનનાં હાસ નવલાં,
ભરાતાં તું રોષે કટુ જીવનમાં અશ્રુ ખરતાં,
રમાડે છે હર્ષે ભવ પટ પરે ચિત્ર સમ તું,
હશે જન્મ્યું, જીવ્યું જીવન, જગમાં કાળ પરનું ?

શિશુત્વની શોભન ભાવનાઓ
પયોધિશી યૌવનખેલનાઓ,
જતાં બધું દોર જરા જમાવે
વિકાસમાં બીજ વિનાશનાં છે ?

ખીલી કળી કોમળ શાન્ત ખેલે,
પ્રફુલ્લ થાતાં જ પરાગ વેરે,
ખરી જતી ક્રૂર પ્રવાહ કાળને
વિકાસ શું મૃત્યુ ભણી ગતિ છે ?

વિરાટ આ ખેલન ઘોર વિશ્વે
ન કાળ ! તારાં શમશે જરાયે ?
અખંડ વીંઝે તવ વજ્રપાંખો
શેં રોષ એવો ઉરમાં ભરાયો ?

ઓછાં પડયાં માનવ કાજ દુ:ખો
તેથી કરે વિશ્વમહીં વધારો ?
કે ભાવના ભવ્ય ઉરે છૂપી છે
કલ્યાણકૃત્ માનવવંશનો થવા ?

પ્રભો ! દુઃખો ઝાઝાં સુખ ન ટકતાં ઝાકળ સમાં,
મને લાગે લાંબી દિવસ કરતાં રાત્રી જગમાં,
અસૂયાના ગાજે નદ ઘુઘવતા ઘોર જગમાં,
અને વ્હેતાં વ્હેણાં પ્રણયજળનાં કોક સ્થળમાં.

વિધાતાએ મુક્યા દિનરજનિના રંગ જગતે
મનુજે આલેખ્યાં શુભઅશુભ ચિત્રો ભવ પટે,
અને દુષ્કૃત્યોની ઝડી વરસતાં માનવ તણાં,
ભુંસાઇ જાયે એ શુભ, અશુભને મૃત્યુ નથી હા !

પતાઈ રાજાના પ્રણયીઉરની ખેલન ભૂમિ !
અને તેના કાળા કુટિલ ઉરની કોપન ભૂમિ !
હજારો વીરોના મરણ તણી સંહારપ્રતિમા !
નથી તેં શું જોયું ? નથી અનુભવ્યું આ જગતમાં ?

અનેરી આશાથી ઉર ધબકતાં સુન્દરી તણાં,
મીઠાં વેરાએલાં પ્રણય સ્મરણો પ્રેમી ઉરનાં,
અને મૃત્યુ ખોળે સ્મિતમય મુખે ખેલ કરતા
ગયા યોધ્ધાઓ ક્યાં ? ગત સમય ક્યાં ગૌરવ ભર્યાં ?

અહા સામે આભે, અમર પથનો પાન્થ ઉગતો,
હતો એવો તારો પણ વિભવનો ભાનુ ચઢતો,
અને મધ્યાહ્નને એ રવિ વિલસશે તેજ ભરતો
હતો તારે એવો જીવનમહીં માધ્યાહ્ન તપતો.

જશે અંતે ડૂબી ક્ષિતિજસરમાં સૂર્ય સરતો,
અરે ! એવો તારો દિનકરડુબ્યો ભાગ્ય ભરતો;
પ્રભાતે તો પાછો રવિ તિમિરનાં નાશ કરશે,
નહીં કોદી તારો રવિ અમર સૌભાગ્ય ઘડશે ?

અરે ! હર્ષાશ્રુનાં જગતફલકે ચિત્ર ચમકે,
નહીં કો ભૂંસીને નિયત ઘટના ફેરવી શકે,
ભલે ઘૂમે ગાજે વિષમ અનિલો શોક ઘર ના
ઉષાના વિશ્વે ના સ્મિત વિલસતાં યામિનિ વિના.

ભલે ન પગલાં પડે

વિશાળ પટ આભના ઉઘડશે અહીં; મીટમાં
ઉષાનયનની મહા વિલસશે કલા તાહરી,
વસંત ઉર ખોલશે, મઘમઘી જશે વિશ્વની
અનંત દલપાંદડી, સકલ ચેતના જાગશે.
વિલાસ તુજ મૂર્તિમંત અણુ યે અણુ વિશ્વને,
વિહાર તવ, કાળના આનિલમત્ત સિન્ધુ પટે,
નમીશ નિરખી બધા ગહન વૈભવો તાહરા,
ભલે ન પગલાં પડે, નયન ઝંખશે ના જરા.

ભલે ન પગલાં પડે, હૃદયની સુઆશા બધી
શમી સમયમાં જતી, સમય ઝંપતો તો ય શું?
હવે હરખ શોક શા? મમ અતૃપ્તિની કારમી
ભલે ભડભડે અખંડ ઉરમાં ચિતા ચોદિશે
અને પ્રણય પાંખડી શમશમી અકાળે કુળી
ઢળે વિવશ થૈ, રહે પુનિત ભસ્મ હૈયું ભરી.

તને જ

તને જ ઉર કાં ચહે? સતત ઝંખના શેં થતી?
નમે નયન કાં તને? વિરલભાવ આવી ઉરે
ઉમંગ ભર ખેલતા, ખિલવતા મને, સૃષ્ટિને,
થતા ઉમળકા તને જ કયમ વિશ્વમાં ચાહવા?
અદીઠ જગમાં રહ્યાં, નજર ના ઢળી કોઇ દી,
નહીં વચન નીકળ્યાં પ્રણયભાવથી કંપતાં,
નહીં ઉર હુલાવતા પદરવો રમ્યા કર્ણમાં,
ન વા ક્ષણિક સ્વપ્નમાં મિલનયોગ તારો થયો.

હવે ચરણ ના ખસે, હૃદયની અકાલે અહીં
શમે સકલ ચેતના, ગહનતાભરી કાળની
વિશાળ ઘનછાંયડી વિજનવાટ રૂંધી ગળે,
અને વિકલ આંખડી સતતપંથ ઝંખી ઢળે.
હવે ન ડગ માંડજે નિકટ આવવા નેહથી,
ઢળેલ નયનો પરે અદીઠ ચુંબનો વેરજે.

•

ક્ષણિક ઝબકે

જતાં સાંજે આજે નયન સહસા આથડી પડયાં,
અને નાચ્યાં રાચ્યાં અભિનવ ઉરે ભાવગરવાં;
સમાધી સાધી ત્યાં દરશનતણી સૌ વિસરિયાં,
અમે પાછાં ચાલ્યાં ઘર, પ્રણયસમ્રાટ સરખાં.

જતાં સાંઝે બીજે દિવસ, થઈને મસ્ત ફરવા,
ભમે સૂનાં સૂનાં નયન પળ બાલા નિરખવા;
અને ત્યાં તો મારી નજર પડતાં, નેત્ર નમતાં,
અમે બન્ને પાછાં સ્મિતવિનિમયે ધન્ય બનતાં.

ત્રીજે દા'ડે જાતાં મુખડું વળી પાછું મળી ગયું,
અજાણ્યા ઉલ્લાસે સહજ શરમે એ ઢળી ગયું;
કને બન્ને આવ્યાં, વચન સરિયાં મુગ્ધ મધુરાં,
અમે બોલ્યાં ખોલ્યાં હૃદય પળમાં પાગલ થયાં.

હતાં ડાહ્યાં ત્યારે ગહન દુનિયા કૈં ન સમજ્યાં,
બન્યાં ગાંડાં ત્યારે ક્ષણિક ઝબકે ભેદ સમજ્યાં

અકલ બાલિકા

નહીં નયન ઘેલછા, હૃદયમાં નહીં ભાવના,
નહીં પ્રણયપાશના તરફડાટની વેદના,
તને લલિત લાડમાં હુલવવા ઉમંગો ભરી
અલૌકિક ન કલ્પના, બસૂર તાર સૌ વાણીના,
ન વા કુસુમ સૌરભે મઘમઘાવવા પ્રાણને
ખીલી સભર વાડીઓ, તવ ઉજાળવા વાટને
પ્રકાશ નહિ, અંધકાર રમણે ચઢયો અંતરે,
પ્રલંબ પડઘા પડે થરથરાવતા આત્મને.

અકિંચન હું તો ય કાં પગ પ્રસન્ન તારા પડે?
દયા, પ્રણય, ઝંખના, અખૂટ સ્વપ્ન આનન્દના
અરે! નયન તાહરે અજબ વૈભવો કાં લસે?
ખરે! અકલ બાલિકા! અકલ પ્રાણની ઝંખના,
તને જગતવૈભવો સકલ શૂન્ય લાગે અને
જુએ સુભગ સર્જનો અતલ શૂન્યમાં સ્નેહના!

અર્ઘ્ય

તમે શ્રમિત થૈ જશો, મમતમાં વૃથા, સાથમાં
ફરો, કઠિનપંથ આ, ક્ષિતિજનો પ્રવાસી હું તો
ભરી અમર આશને હૃદયમાં, દિવાના સમો
ન દુઃખ નહિ સૂર્યના પ્રખર તાપ સંતાપ, ને
પ્રગાઢ રજની તણા તિમિરઘોધ સૌ અવગણી,
અખંડ બસ ચાલતો; ઉઝરડા પડે અંગમાં,
છતાં ન દિલમાં તમા, વિવશ પાય કૈં આથડે
પડે, ન ગણતો કશું, ક્ષિતિજનો પ્રવાસી હું તો.

તમે વિભવમાં રમો, સમયગોદમાં પોઢતાં
રચો મધુર સ્વપ્નથી પ્રણયશૃંગ સોહામણાં,
ઉષા સુભગ આંખના કિરણ રંગ વેરી જશે,
અને નિરખી એ જગે, શ્રમિત પ્રાણ પંપાળતો
ઉઠીશ હૃદયે ભરી સકલ સ્નેહ સૌન્દર્યને,
ભરીશ પગલાં ધરી હૃદય અર્ઘ્ય આનંદનો.

ઝીલ્યા જગે

ઝીલ્યા જગે જોમથી કાળઘાને,
ઝીલી થયું નિર્દય હૈયું મારું,
ન કિન્તુ તારાં દગબાણ બાલે!
ઝીલી શકે આ મુજ રંક હૈયું!

હસ્યો ઝીલી ધીર થઇ નમેરી
વિધિતણી વેધક હાસ્યધારા.
સહી શકયો ના અધરે સરન્તી
રેખા સ્મિતોની અણજાણ, બાલે!

રચી જગે રાસ અગમ્ય ખેલે
અનંત જૂનાં કંઇ ગૂઢ તત્ત્વો,
પામ્યો બધાંએ, સમજી શકયો ના
ગુંજે ઉરે જે ધબકાર–ગીતો.

એ ધૈર્ય શું! નિર્બળતા ય કેવી!
એ જ્ઞાન શું! એ વળી હીનતા શી!

જુદાઈ

લાંબો પંથ હતો છતાં ય પરવા તેની કરી ના કદી,
હાથે હાથ મિલાવી ખૂબ હસતાં ચાલ્યાં જતાં'તાં અમે;
વાતોમાં કંઈ ના હતો દમ છતાં વાતો કદી ના ખૂટે,
થાકેલાં બહુ તો ય થાક હળવો કરવા ન હૈયું ચહે.

ને થાતાં પથ ભિન્ન બે, ક્ષણિક ત્યાં ઊભાં રહ્યાં આપણે,
જોતી તું મુજપંથ, હું નિરખતો તારા નવા પંથને,
ચાલ્યાં આખર, બોલવું બહુ હતું, તો યે ન બોલી શક્યાં,
આંખે આંખ મળે, ન પથ; ના પંથો ય નાના દિસે !

શાને ?

શાને તારા સરલ નયને આંસુનાં બિન્દુ આવે ?
શાને તારા વિશદ ઉરમાં કલ્પના ઘોર લાવે ?
તેં તો મૂક્યો હજી પ્રણયને ઊમરે પાય આજે,
તારા કાજે સભર ઉરઉલ્લાસનો સિન્ધુ ગાજે.

પાછી તારી કુસુમલચતી કુંજ બાલે ! સુહાશે,
પાછાં તારાં હૃદય ગરવાં ગીત સ્નેહાર્દ ગાશે;
ટ્હૌકી રહેશે અણુઅણુ ભરી કોકિલા પ્રાણઘાટે,
ને ખેલાશે રસિક રમતો કોઈ શું પ્રેમપાટે.

જવાનું તો જગમહીં નકી સત્ય તું કાં ન પેખે ?
શાને મિથ્યા કુદરત તણા કાનૂનોને ઉવેખે ?
કાલે જાતું જન, પરવરે આજ ત્યાં શોક શાને ?
કાલે આજે ક્ષણિક સઘળા ભેદ છે કાળપાને.

રોનારાંને જગમહીં મળે આંસુઓ લૂંછનારાં,
દુઃખી કાજે વિધિ સરજતો દુઃખને પૂછનારાં.

ભલે ન પાસે

અંધારઘેરી જગવાટ કાપતાં,
ભલે મળે દીપ ન, કો ધરે ના,
હૈયે બળન્તા ભડકાની જ્વાળા,
ઉજાળશે ભાવિ તણા ન પંથ ?
ને છો તપે ભાનુ અસહ્ય બાળતો,
વિશ્રામ છાયા નથી શોધવી હવે,
નેનો મહીંથી છલકી ઢળી જતાં
આંસુ ધીકેલી ધરતી ન ઠારશે ?

એ મૃત્યુની આખરની ક્ષણોને
ઘેરી ભલે કારમી શાન્તિ લેતી,
ચૂસી જતી કંઠ તૃષા છીપાવવા
ભલે ન પાસે સ્વજનો ય કોઈ હો.
છે આખરે જિન્દગી સાચવીને
ભરેલ તારી સ્મૃતિનો કટોરો.

નથી હૃદયમાં

નથી હૃદયમાં રહી ગતકથા તણી કૈં વ્યથા
નહીં પ્રણય ગીતની ય પડઘાવલી પ્રાણમાં,
મળ્યાં પણ અરે! ન એ પ્રખર સ્નેહની રોશની,
કદી જીવનમાં મૃદુ ઝળહળી–જલી ના ઘડી,
પ્રસન્ન ઉર સ્વપ્નની છલકતી સુધા નેણમાં
નિહાળી, પણ ના રહ્યાં મધુરમત્ત સંભારણાં,
થયું મિલન તો ય એ મિલનની મીઠી વેદના
નહીં હૃદય તાર કો ઝણઝણાવી છેડી ગઇ.

હતા જ તકલાદ એ ક્ષણિક ક્ષુદ્ર શું સ્નેહના?
હતા નફ્ટ કોલ એ અધમ ઘોર શું દેહના?
પ્રગાઢ ઉર મોહની સઘનકાલિમા એ હતી?
હતી પ્રણયશુ અરે રમત આદરી કારમી?
નથી નયનમાં હવે રુદન કે રડે શોકમાં,
નથી હૃદયમાં હવે કવિત કે કવે કોપમાં.

આજે મારે

વાવ્યાં હૈયે સહૃદય થઈને બીજ તેં સ્નેહ કેરાં,
પોષ્યાં તારી છલકઇ જતી આંખડીનાં અમીથી,
ફૂલી ફાલી વિવિધ ફુલડે રમ્ય વાડી રસાળી,
તું જાતાં એ મધુર કુસુમો અન્યને અર્પવાનાં!

ને પુષ્પોની રસટપકતી પાંખડીઓ સુંવાળી
વેરી સેજે, શયન તુજ સોહાવવાની હતી, તે
આશા અન્તે વિધિવશ થતાં ભગ્ન મારી થઈને
મારે તો તે લખ લખ થતી ભોમમાં બાળવાની!

પુષ્પોના એ પરિમલ થકી આત્મની કુંજ તારી
મ્હેંકાવાના ઉરઉછળતા કોડ હૈયે હતા તે
ચૂરેચૂરા સહુ થઇ ગયા કાળવંટોળમાંહી,
મોંઘી તેની સહજ સુરભી ધૂળમાં રોળવાની!

આજે મારે ગત સમયની પોથીનાં પુણ્ય પાનાં,
જોતાં રોતાં નવજીવનનાં ગીતને છેડવાનાં!

હોળી

સૌન્દર્યોના શિખર પરથી નાચતી ગૂંજતી એ
આવી, બેઠી, કંઇ કંઇ કરી વાત હૈયું રીઝાવી,
મારી આંખે પડળ ગહરાં કૈં હતાં તે હઠાવી
ચાલી ગૈ, ને જઇ જગત સૌન્દર્યમાં એ વિરાજી.

હૈયાઝોળી મહીં જીવનની વેદનાઓ ભરીને,
વાટે ઘાટે વિકળ થઇને વાટ જોતો ફરૂં છું;
આશા સ્વપ્નો, જિવતર બધું ધૂળમાં રોળી અંતે,
આદર્શોની ભડભડ જલે હોળી, જોતો રહું છું.

એક પત્થરને વિંટળાએલી લતાને જોતાં

સઘનતરૂઘટામાં, ડોલતી ડાળીઓમાં,
કુસુમઉરકલામાં, મંજરીમર્મરોમાં,
નવલ નવલ ભાવો લાવતી કૈં અનંત,
મનુજ ઉર હુલાવી ખેલતી જો વસંત.

મૂકીને ખેલનો તારાં, અકેલી સર્વને ત્યજી,
વીંટાઇ પત્થરે શાને પુષ્પને પલ્લવો સજી?

ઝૂલી ન તું કો સહકાર ડાળીએ!
વિરાજી ના રમ્ય અશોકના ઉરે!
દુર્ભાગ્ય શાં પત્થર પૂજવા પડયા!
શાં પાપ તે અંતર છૂંદવાં પડયાં!

પડે પ્રારબ્ધના પાસા ઉંધા ત્યાં શું થઈ શકે!
વ્હેતાં વ્હેણુ નદી કેરાં રણે રોકી ન કો શકે!

પડયા હશે કોમલ અંગ માંહી,
કઠોર સ્પર્શે ઉરઘાવ ગાઢા;
ન તેં ગણ્યો પત્થરને તથાપિ,
વિંટાઇ તું કોડભરેલ સ્નેહે.

તો યે તે સ્નેહની સેરો હૈયામાં ફૂટવા દીધી!
રસાળાં ફુલડાં ધારી જિન્દગી ફોરમે ભરી!

હશે પ્રેમીઓનાં નિયમન જુદાં શાશ્વત નહીં?
હશે સૃષ્ટિ જુદી અમીછલકતી યૌવનભરી?
નહીં હોયે ત્યાં આ જડ જગતના ક્ષુદ્રનિયમો?
નહીં હોયે ઘેરાં નયનરુંધતાં સ્થૂળ પડળો?

ખીલી રમી રમ્ય રસાળ કુંજે
સૂણી હતે વાતડી વ્હાલ મીઠી
કો પ્રેમીઓની, ઉરકંપનોને
ઝીલ્યા હતે મસ્ત બની ઉમંગે!

વસંતની વ્હાલભરેલ હૂંફે,
ને વાયુના ચંચલ ચેન ચાળે,
જેવી ઝૂલે આમ્રની મંજરીઓ
તેવાં ઝૂલ્યાં ના તવ દેહઅંગો!

નહીં એ લ્હાવ મોંઘેરા લખ્યા ભાગ્યમહીં હશે!
વૃથા સૌન્દર્યને વેરી વિધિ કાં રાચતો હશે!

ખીલ્યું હોયે જીવન પણ ના હોય હૈયું હુંફાળું,
હોયે હૈયું, પુનિત પણ ના પ્રેમથી એ સિંચાતું;
ને હૈયામાં પ્રણય છલકે જ્યાં નહીં કો પિનારું,
જન્મી વિશ્વે વિષમવિધિની જાળમાં જીવવાનું!

અંધાર વીંટયો રજનીવધુએ,
ને હાસ્ય રૂંધ્યું મુકી આંસુ ઉનાં;
સુસ્નેહની સેજ ઉરે સજીને,
ત્યાં દ્વેશના કંટક પાથર્યા જો!

વાશે ઉના આગમ ગ્રીષ્મવાયુ,
અને વિલાસો ક્ષણમાં વસંતના
જશે ઉડી, યૌવન રંગ જેવાં
વિલાઇ જાશે પ્રિય પુષ્પ તારાં
અને હતી તું ન હતી થઇ જશે!

ભૂલાશે કેમ આ તારી ભવ્ય જીવનની કલા!
ભૂલાશે કેમ આ તારા મૂકસંદેશ સ્નેહના!

જો ચાહવું, પત્થરમાં ય તો પછી
ન પ્રાણ કાં પાથરવા ઉમંગે?
જો વિશ્વની ગૂઢ વિચિત્રતામાં
છે જીવવું તો ખીલવું બધે ન કાં?

નવોઢા

હૈયે હેત, નિમંત્રણો નયનમાં ને મુગ્ધ ભાવો મુખે,
ઊછાળા ઉરના રમે, વિફલ થૈ હસ્તો ફરે ને સરે;
ના કૈં ચેન પડે ફરે ચરણ કાં અસ્વસ્થતા સેવતા?
લાગે મસ્ત મનોદશા પણ ન કાં આનંદ છાયા જરા?

વિશાળ મૂકી ગૃહ ખંડ ચાલી
અગાશીમાં યૌવન ભાર ધીમી,
ડગેડગે પાયલ નાચી ઊઠયાં
રીઝાવવાને ન થતાં નગૂણાં.

મોઘાં મંથન મન્મથે હૃદયમાં લાવી હલાવી મૂકી
નૈયા નેહની, હેલતી સરકતી શંકાસમીરે ફસી,
ગાજ્યો મેઘ છવાઇ વાદળ ગયાં ને વીજ ઝાંખું લસી,
હૈયાનાથ નથી બિચારી નિકટે, શું મશ્કરીમાં હસી?

વહી રહયો સૌમ્ય સમીર શીળો,
બાલા ઉરે પણ જલે કંઇ દાહ ઊનો,
અનિલ! સહુ વૃથા આ યત્ન ચાળા જવા દે,
રમે પ્રેમી હૈયાં પરજગતના રૂઢ નિયમે.

પત્રે પડી કમળના જલ બિન્દુ જાએ,
ધીમે સરી નહીં રહે ઘડી એક ત્યાં એ,
રમી ઝૂલી નેનનમાં ધીરેથી
તેવું સર્યું અશ્રુ કુળા કપોલે.

અંધારમાં દીપકતેજરેખા,
પડે જલે અસ્થિર કાંપતી રહે,
તેવી લસે આંસુ ભરેલ લોચને
વિલોલ કીકી રસબાલિકાની.

દિશામાં શોધતી ઘેલી બ્હાવરી મુગ્ધ આંખડી,
સન્દેશા પાઠવે મોઘા સ્વપ્ન ભારે લળી લળી.

ઊંચી કરી ડોક વિલોકી વાટને
થાકી ગઇ ના પણ નાથ આવે,
નિરાશભાવે ગૃહમાં સિધાવે,
સામી ભીંતે લટકી દીપતા દર્પણે દેહ જુએ.

અંગે અંગે કિરણ પ્રગટે સ્નેહનાં તે જુએ છે?
આશા ઘેલાં નયન ઉછળે ખેલનો તે નિહાળે?
નાચી ઊઠે હૃદય સ્મરતાં નાથને, તે વિલોકે?
જોતી બાલા પ્રતિદિન છતાં દેખતી શું નવું કૈં?

વાયુ સ્પર્શે શિથિલ થઇને સ્વાર્થઘેલી બનીને,
મૂકી તેનાં સ્વજન સઘળાં એકલી મસ્ત ભાવે;
ચૂમે તેના કુસુમ કુમળા ગાલને વ્હાલ લાવી,
સંકોરી તે અલક લટને સુન્દરીએ ધીરેથી.

સ્મિતને વેરતી કોની દર્પણે તરતી છબી?
સુન્દરી ચમકી, શાને કંપને કાય ધ્રૂજતી?

મીઠી જાગી મન મુઝવણો, ભાલમાં સ્વેદ બિન્દુ,
વેગે વાગ્યા હૃદય ધબકા, આંખમાં હાસ છાનું;
ઢાળ્યું નીચે વદન, ચરણો ના ફરે કાં નવોઢા?
પાસે આવ્યો પ્રિતમ નવલો તો ય બોલી શકે ના?

ત્યાગ

મોંઘી અને સૌરભથી ભરેલી
શૈયા પરે પુષ્પ અનેક વેરીને
જે ઢાળતી દેહલતા સુઅંગના
તે આજ ભૂમિ પર દેહ નાખી
પડી હતી વ્હાલમ સાથ પ્રેમે.

બીડાએલાં હતાં નેનો ભારેલાં પ્રેમઅગ્નિએ,
ઢંકાએલું હતું તેનું ભાવિ કાળતણા પટે.

થાકેલ વ્હીલા રજરંગી મોઢે,
સંતોષની રેખ ઊંડી વિરાજતી;
ફાટેલ, આછાં વપુવસ્ત્ર તો યે
એ વસ્ત્રમાં વૈભવરેખ રાચતી.

અને એ વસ્ત્રમાં ઢાંકયું આછું સૌન્દર્ય દેહનું,
પ્રતિબિમ્બ થતું જાણે વનશ્રીને ઉજાળતું.

પાસે સૂતેલો નર ત્યાં ઊઠે છે,
અને ધીમેથી પટ એક કાપે,
જેની પરે સુન્દરી ને ય પોતે,
સૂતો હતો સેવી અનેક શંકા.

કાપતાં કાપતાં વસ્ત્ર કંપતો હસ્ત એહનો,
કાપતાં એક તંતુને "હૈયું" જાણે ન કાપતો !

ધારી પછી ધૈર્ય નૃપાળ હૈયે,
ભરે ધીમે જ્યાં ડગ બે જ ત્યાં તો
ડૂમો ભરાયો, ઉરકંપી ઉઠ્યું,
ઠરી ગયા પાય, ન શ્વાસ ચાલ્યો.

હૈયામાં ભરતી આવી સ્નેહની ગર્જના ભરી,
ધૈર્યની પાંખડી ડોલી, શંકાઓ સૌ સરી પડી.

પાછો ફર્યો, નેહભરેલ નેનો
છીપાવવા જીવનની તૃષાને
ભૂલી ગયાં તે સ્થળ-કાળ બન્ને,
ને પાન સૌન્દર્યતણું કરી રહ્યાં.

આવતા ઘાવ શત્રુના ઝીલ્યા જે વજ્રછાતીએ,
ફૂલથી યે બની કુણી, કંપી આર્દ્ર બની જતાં !

કરો ઘૂમ્યા જે લઇ શસ્ત્ર લોહનાં
સંહારભૂમિપર શત્રુભૂખ્યા,
અને દયાથી ન ડર્યા જરા તે
આશ્લેષ માટે ધસતા ધ્રૂજન્તા !

છતાં એ વીરને હૈયે શંકાઓ કારમી હતી,
કલિયુગ તણી સત્તા અણુએ અણુમાં હતી.

કંપ્યો ફરી ના, ધરી ધૈર્ય ચાલ્યો,
ન પાછું જોયું, નહિ આંસુ આવ્યું;
કિન્તુ અરે ! આ ડગ કૈંક ચાલ્યો
ત્યાં એ થયું શું ? કયમ શાન્ત ઊભો ?

ને ધીમે કંપતાં તેનાં નેનો પાછા વિલોકવા
સૂતેલી સુન્દરી શાને ઢળે છે આંસુથી ભર્યાં ?

રચાય છે શેં ગતસૃષ્ટિ સ્નેહની
ચીરી પડેલા પડદા પ્રસંગના ?
સ્વયંવરે હાક વગાડી સ્નેહની
શું કોરતી અમૃતની ઘડી એ ?

પાઠવ્યા હંસની સાથે સ્નેહસંદેશ કોડિલા,
પડે છે પડઘા તેના આત્મગુહા ગજાવતા ?

સોહામણા ભોગ સુભવ્ય સ્વર્ગના,
ને સોહતા શાશ્વત કાન્તિવાળા
દેવો ઉવેખી, વરી મર્ત્ય માનવી;
વિચાર એ કાળજુ કોરી લેતો ?

ભવ્ય રાજસભા મધ્યે ડોલતી મુગ્ધ બાલિકા
દમયંતી એક દી જોઇ –મુગ્ધરૂપે મૂઝાવતી ?

ને નેનમાં નેન ગૂંથી વિલોલ,
ને દેહને દેહ દઇ પવિત્ર,
તે આત્મમાં આતમજ્યોત જોડી

દેવો સાખે,
અગ્નિ સાખે,
ગૃહિણી ગણીને,
વચન દઈને,

જીવનપથની સાથી જેને બનાવી,
જગતવનનાં ઝાંખરાંથી બચાવી,

આજે મૂકી વિજનવનમાં એકલી આમ જાતાં,
જાગ્યાં ઘેરાં સ્મરણ –પગમાં શૃંખલા થૈ પડયાં શું ?

× × ×

વિવેકબુદ્ધિની રેખા ભુંસાતી મસ્તકે હતી,
ને તેની સ્નેહની જ્યોતિ બૂઝાતી કંપતી હતી.

કરાલ એ જંગલની ઘટામાં,
એકાકી, દુઃખી, અબળા, સૂતેલી,
નિર્દોષ, ભૂખી, પિયુપ્રેમઘેલી,
છોડી ગયો આખર રાજવી એ !

ઝૂલતી વનરાજીમાં વાગતી વાયુખંજરી
પડી ધીમી રખે જાગે પ્રેમદા એમ ધારતી !

અને ન કાં જાગતી પ્રેમદા હજી ?
દયાભીની વ્હાલભરી વસુંધરા
કરી કુણો કોમલ અંક તેનો
ઝૂલાવતી સ્નેહલ સ્વપ્નઝૂલે ?

અને એ સુન્દરી ધીમે હાલી નિન્દરે ઢળી,
શ્રધ્ધામાં કે સૂતો સ્વામિ પાસે ત્યાં બીક છે કશી ?

દુનિયાના દંશ.

‘આવ બેન, ભલે આવી, ભૂલી કાં આજ તું પડી ?
હજી તો આભને આરે ભાનુની આંખ ના ખુલી !’

ઊભો થયો હર્ષ ન માય હૈયે,
લસી ઉઠયાં નેન પ્રસન્ન ભાવે,
વિશુદ્ધતા જીવનની મુખે ધસી
વધાવવા બેનની ભાવમૂર્તિ.

‘આવી ભાઈ અખા, આજે કામ તારું જરા પડયું,
સગાભાઈ સમો મારે, કોણ મારું જગે બીજું ?

પૈસા મૂક્યા’તા તવ ઘેર મેં જે,
તેની મને કંઠી ઘડી તું આપને,
પૈસા જતાં ભાઈ ન વાર લાગે
ને દાગીના તો ઘરભીડ ભાંગે.’

‘ હા, હા, બેન ખરી વાત,’ અખો બોલી ઉઠયો હસી,
‘ જોતાં કંઠી ગળે મારો માશે આનંદ ના જરી.’

પછી કરી વાત ઘણી અખાશું,
પાછી ફરે છે ઘરની ભણી એ,
વિચાર ડૂબ્યો ક્ષણ આદ્ર હૈયે,
અખો જુએ બાઈ જતી ઉમંગે.

'દીધી પ્રભુએ પલ આ અમોલી'
કહે અખો અંતર્ભાવથી ભર્યો,
'ઉમેરીને સો રૂપીઆ ઘડીશ
રૂપાળી કંઠી મુજ બેન કાજે'

વિચારતાં ભૂત સમક્ષ થાતો
કરે ગ્રહીને મૃતબેન તેની,
અખા ઉરે કંપન સ્નેહનાં થયાં,
વિચાર મોજાં વધતાંજ ચાલ્યાં.

'ઝાઝું જગે બેનની ભાવઘેરી
છાયા નીચે જીવનમાં રમ્યો ના,
છતાં સગી બેન જતાં જતાં યે
આપી ગઇ બેન દયાળુ બીજી.
ન તોડી મૃત્યુ સ્મૃતિતંતૂને શકે,
એ રંક સાચા ઉરપ્રેમ પાસે,
ન બેન! મૃત્યુ કદી ભાવના જીતે,
રહી ગએલી જનચિત્ત માંહે.

પિતાની લાડકી તું યે હતો જેવો હું તેમને,
ન હોયે ભેદ સિન્ધુને ઊર્મિ મોજમહીં હૃદે.
આજે વિશ્વના તાતે, આપ્યો મોકો મને, ભલે,
નથી હૈયે સુકાયા એ ભ્રાતૃભાવ તણા ઝરા.

[૨]

વહ્યા દિનો પાણીપ્રવાહ જેવા,
ને બાઈ આવી નિજકંઠી લેવા,
જોઇ ઘડેલી સૂવર્ણ કંઠીને,
હૈયું ઉમંગે છલકાઇ જાયે.

હર્ષથી હાથમાં લઇને ફેરવી ફેરવી જુએ,
આનંદે ઓપતા મોંઢે કિન્તુ છાયા ફરી વળે.

'ચોરે સગી માનું ય સોની હોંસે,
વિશ્વાસ આવા જનનો ન રાખીએ.
શેં જાણ્યું કે ભેગ કર્યો ન હોયે?
જાઉ નકી કોઇ ઝવેરી પાસે.'

[૩]

બીજે દિને બાઇ અખાની સામે
આવી ઊભી કંઠી કરે ગ્રહીને,
'જો ભાઇ, આ કંઇ થૈ કંઠીને ગયું,
જો ને જરી, ને કરી આપ ઠીક.

'કંઠી નવી છે મણકો ન તૂટે
ઘડી ઘણી કાળજીથી ન છૂટે'
અખો વિચારે મનમાં ત્યહીં તો
દિવા સમું સ્પષ્ટ બધું થઇ ગયું.

ન આંખમાં અશ્રુનું બિન્દુ આવ્યું,
ન શબ્દ મોઢા મહીં એક આવ્યો,
અગમ્ય ભાવે મુખ ઘેરી લીધું,
દિઙ્મૂઢ જેવો સ્થિરચિત્ત ઊભો.

ઘડીમાં બાઇના સામું, ઘડીમાં આભમાં જુએ,
ઘડીમાં વેદનાવ્હીલી આંખો તેની બધે ભમે.

વાયુ આઘાતથી જાગે ભારેલો અગ્નિ જ્વાલમાં,
અખાની તેમ વૃત્તિઓ ચેતના–મસ્ત જાગતી.

સંવેદનો અંતરમાં ઊંડાં થયાં,
ને આચકા આત્મન્ કાં અનુભવે?
છૂટે ધીમે શું ભવગાંઠ જીવની?
ઉડે ધીરે શું જગનિન્દ આત્મની?

જગતાત.

ફૂટી નિશાની કળી સોનલવર્ણ વેરી,
ને તેજસૌરભમહીં જગ મ્હેકર્યું નાહી,
પ્રાચિદિશા અરૂણને ઉર ધારી લાડે,
કર્તવ્યમાં ન ચૂકતાં રવિ પંથ કાપે.

હાથમાં દોરડાં લીધાં, કોદાળી ખાંધપે મૂકી,
વર્ષોના જાણીતા ચર્ણો વહે ખેતરની ભણી.

સવારની શીત ગુલાબી નિન્દમાં,
પ્રભાતના વાયુની મીઠી ગોદમાં;
અભંગ નિદ્રા મહીં વિશ્વ ઘોરતું,
કર્તવ્ય કુંજે દિલ તેનું ખેલતું.

એ તાત છે જગતનો કૃષિકાર વૃદ્ધ,
જાતો સવાર પડતાં થઇને પ્રવૃત્ત;
આંખો ઝીણી ચમકતી ઉંડી યે ગઇ'તી,
દુઃખો ચૂસી જીવનનાં હસી શું રહી'તી ?

વર્ષોના કાળવારિના ન્હેણુને તોરમાં હસી,
પાતળા મૃગશા પાયે સ્થિરતા ભાસતી હતી.

આવ્યો અંતે પ્રિયજનસમા ખેતરે ચાલતો એ,
ફેંકી ઝાંખી નજર સઘળે, જોઈ આવી સહુ તે;
ન્હોતું કોઇ પશુ વિચરતું ખેતરે આજ તેથી,
સંતોષી એ હૃદય ફરતું આજના કાજ માંહી.

કોદાળી કરમાં લીધી, દોરડાં પૃથ્વીપે મૂકી,
શેઢે સુક્કાં ઠૂંઠાં છે તે લાગ્યો એ ખોદવા પછી.

વિચારો માનવીની છે લાકડી ઝાલવા જગે,
કર્તવ્યો માનવીનાં છે ચાલવા ચરણો જગે.

કામે તેનું જીવન ઘડિયું કામમાં ઊછર્યો'તો,
કર્તવ્યોના પુનિત જપતાં મંત્ર એ ખેલતો'તો,
શ્વાસે શ્વાસે હૃદયધબકે કામના નાદ ગુંજે,
કર્તવ્યોમાં જીવન રમણા મૃત્યુ એમાં જ થાશે ?

ધન્ય એ માનવીમૃત્યુ, ધન્ય જીવન એ જગે,
કર્મમાં મૃત્યુને ભેટે, મૃત્યુમાં કર્મને જુએ.

શીળાં તેજે રમી ભાનુ, તપ્યો મધ્યાહ્ન આવતાં,
ત્રાસિયાં પંખીઓ સર્વે માનવી સર્વ દાઝતાં.

પેલો ખેડૂ હજી ન મુકતો ખોદવાનું ખુશીથી,
ત્યાં સીમાડે ગૃહિણી નિરખી ભાથુ માથે મુકેલી,
પ્રસ્વેદોનાં મુખથી ખરતાં ભૂતલે બિન્દુ આવે,
ને તે કાળે ઘનગરજના મેઘની વ્યોમ થાયે.

હું

હું તો અફરતત્ત્વ છું તડિતરુદ્ર સંહારનું,
મને સમયબંધનો, મનુજ સ્નેહ, આત્માતણી
પ્રગૂઢ ચિરભાવના – સતત જંગપંથે જતાં
પ્રકંપ ઉરમાં જરા ય નવ લાવતાં, ઘેલછા
બધી, સમય હું; વૃથા મનુજપ્રેમનાં રોદણાં,
અલૌકિક અનંત સૌ અસતવાત આત્માતણી.

પ્રજા, પ્રિય સ્વતંત્રતા, સહજ હક્ક વાણીતણા,
પુકાર જગ લોકશાસન તણા, નકામા બધા,
પ્રજા હું, પડઘો પ્રજા હૃદયનો, સ્વયંમુક્તિ હું,
વૃથા જ વલખાં કરો, સકલ લોકનો ગોપ હું.

મહા ગગન ચુમ્બતું શિખરરુદ્ર સત્તાતણું,
જયહીં મનુજ આંખડી થથરતી જુએ બાવરી,
કરી અચલધામ હું શિખરપે રહ્યો ગાજતો;
અને વિપલ નેત્રની અનલવીજ ઉન્માદમાં
લસે, જગત ખંડમાં ભડભડે ચિતા કારમી,
ઘરેઘર ઊડે અનંત તણખા મહાયુધ્ધના
ધસે મનુજ યંત્રશાં, ત્વરિત શસ્ત્ર હસ્તે ગ્રહે,
ખરે પલકમાં ગુમાન કંઈ વ્યક્તિ હુંકારનાં,
શમે પલકમાં મહા અડગ રાષ્ટ્ર કૈં ગાજતાં,
વિશાળ પટ રૂંધતાં વિજયમત્ત સામ્રાજ્ય કૈં

પ્રમત્ત મમ કોપની અગનરાખ ઓઢી ઢળે.
અજોડ મુજ યોજના, મનુજ, રાષ્ટ્રકલ્યાણની,
ન નાગરિક કોઇ, ના અમર હક્ક અસ્તિત્વના,
બધાજ મમ સૈનિકો, સમરભૂમિનાં સોગઠાં,
હસી જનમ ધારિયો મમ તૃષા જગે ઠારવા.

ઘડી કર હુલાવતી, હૃદયરંગથી ભીંજતી,
અબોલ ઉરભાવના, વિષદચુમ્બને આંકતી,
પ્રસન્ન નિજબાળના કિલકિલાટમાં રાચતી,
અને સહજવ્હાલની મૃદુલ હેમદોરી થકી
ઝુલાવી, નિજસ્ત્રીત્વની પરમ ધન્યતા માણતી
બની જગતમાત આ અમર યંત્ર સંહારનાં.

અદમ્ય ઉરલાલસા, સમરફાગ કૈં ખેલવા,
અગમ્ય તલસાટ, રક્ત જનવંશનાં રેડવા,
અપૂર્વ જગઆંગણે જગવવી હસી હોળીઓ,
અહો! અજબ સંસ્કૃતિ જગતપાટ સર્જાવી મેં.

અમાપ વીજવેગીલાં ઘરર નાદઘેલાં બની
દિશા થરથરાવતાં ગગનચોકમાં ખેલતાં
વિમાન, મનમાનતાં રમકડાં લઇ ઓમનાં,
ઝુલન્ત વન, કુંજ કે મનુજ, મ્હેલ કે ઝૂંપડી
અચૂક કરી નેમ એ રમતરંગમાં મ્હાલતાં.

વળી ડુબક-કિસ્તીઓ, તિમિરઘોર પેટાળમાં
પયોધિ પડકારતી, જલસપાટી ખૂંદી વળ્યાં
જહાઝ, નભચુમ્બતાં પ્રબળમોજ નાથી લીધાં;
વિરાટ ધરતી ધ્રૂજી અસહ્યયંત્ર તોતિંગથી;
ખરે ! અજબ સંસ્કૃતિ, અજબ હું વિધાતા બન્યો.

ગયો ગહન ભૂતકાળ દૃગ રૂંધતો આખરે,
તવારિખ ઘડું પળેપળ હું આજ ને કાલની,
વિષણ્ણ દૃગઆંસુ, ને, મનુજરક્તરંગાયલી
મહાપ્રલયની કથા અમરકાળ પાના પરે
લખી, વિધિતણી કલા-કલમને હસી હું રહ્યો.
હસીશ; કયમ ના હસું ? સકલ દેશ સંસારનો,
અરે મનુજ, આત્મનો વિરલ સર્‌મુખત્યાર હું.

પત્રસૃષ્ટિ.

રજા હતી આજ, વિચારતો હું,
‘ચાલો લખી નાખું જવાબ આજે
આવી પડેલા અનેક પત્રના.’
ને કાઢવા કાગળ, મેજખાનું
ખેંચ્યું, ત્યહીં તો કંઈ ભૂતકાળના
મિત્રો, સગાંસ્નેહીતણા લખેલા
અનેક પત્રોથી ભરેલ ખાનું
જોઈ થયું, લાવ રજા છ તેથી
આજે બધી સાફસૂફી કરીને
સફાઈથી ગોઠવણી કરું બધી.
અને વળી આ ઢગલો નકામો
પત્રો તણો શો ખપ એ બધાનો?
વિચારી એવું પ્રવૃત્ત હું થયો
સૌ ભૂંસવા અક્ષર ભૂતકાળના.

ગઈ કાલની મેં સ્મૃતિઓ છુપાવી
આજે રડે આંખડી માનવીની,
ને આવતી કાલની આશ માટે,
જુએ જુએ એ હરખી અધીરી!

ફેંકી જરા આંખ અધુરી પત્રમાં,
એકેક લઇને પછી પત્ર ફાડતો;
ને એક બે ને ત્રણ ચાર કાગળો
ફાડ્યા ત્યહીં તો અવર્ણ્ય ભાવમાં
ભૂલી ગયો વાર રજા તણો હું,
સરી ગઇ સાફસૂફીની ઇચ્છા;
ને વાંચતાં કાગળ, ફાડતાં થયું;
'અરે! બધા કાગળ-ટૂકડા આ?
ને આ વિના શાહી કશુંય છે ના?
પિતા ભગીની વળી ભાઇ મિત્રના
લખેલ પત્રો વૃથા બધા શું?
ને વાંચતાં કાગળ કોઇ, હૈયું
રડી ઉઠ્યું, અંતર આચકાએ
સમસ્ત તારો મમ જિન્દગીના
ઘેરા સૂરોથી ઝઝણી ઉઠ્યા ના?
સંભાળથી કાગળ કોઇનો વળી
ફરી ફરી હાથમહીં રમાડતાં
જાગી નહીં જીવન ઝંખનાઓ?
રચી નહીં સ્વપ્નની સ્હેલગાહો?
એ પત્રના અક્ષર અક્ષરેથી
ફૂટ્યા નહીં સ્નેહ તણા ફૂવારા?

મારી સમીપે હતી એક સૃષ્ટિ,
નિમિત્ત એ સૃષ્ટિ તણો હતો હું
કે સૃષ્ટિનો સર્જક યે હતો હું ?
એ સૃષ્ટિમાં માનવ પાય રાખી
લઢી રહ્યો ના ક્રૂરકાળ સામે ?
ના દૃશ્ય સૃષ્ટિ જીવતી જ્યહીં લગી
અદૃશ્ય સૃષ્ટિ ઉરમાં રમી રહી ?
ને ઝંખના ઓસરતાં અદૃશ્યની
શાં મૂલ્ય આ માનવજિન્દગીનાં ?

તો જિન્દગીની હરિયાળી સૃષ્ટિ
જીવો ભલે, જ્યાં લગી જીવતો હું,
થાકી જતાં જીવનભારથી કદી,
મુંઝાઈ જાતાં જગતાપથી કદી,
થાકેલ મારા ચરણો ઢળી પડે,
ને ભગ્ન હૈયું ભયભીત કંપે,
તે વેળ પત્રોની સમગ્રસૃષ્ટિ,
જાગી જગાડી ઉરમાં કહી જશે,
'ભલે જીત્યો ના કંઇ જિન્દગીમાં,
જીતી શક્યો માનવહેત મોંઘાં.'

કદર

રસ્તા તણા પથ્થર ગાલીચા પે
પડ્યો હતો અંધ ભીખારી કોઇ,
પાસે પડ્યો’તો નિજ નાથ જેવો
જૂનો તૂટેલો વળી એકતારો.

જતાં જતાં આંખ ઠરી નિહાળતાં,
ઊભો રહ્યો ને નજદિક સંચર્યો;
રંજાડતી મૌન કરાળ ચાંચો
ક્ષુધા તણી, દેહ ચૂંથી રહી’તી.

‘બજાવ તારો બસ એકતારો!’
ખિસ્સામહીં હાથ હું નાખી બોલ્યો.
‘પછી તને આપીશ પેટ માટે
પૈસા, મને સંગીતધૂન વ્હાલી.’

સૂણી રહ્યો શબ્દ, પછી ધીમેથી
બેઠો થયો, કંપન ગાત્રમાં થયાં,
મુશ્કેલીથી હસ્તમહીં ગ્રહે છે
તે એકતારો, સ્થિર કિન્તુ ના રહે.

પડે ભૂમિ, હાથથી ઊંચકી લે,
અંતે ગૂંથે આંગળી એકતારે,
અને ધ્રુજન્તી કરઅંગૂલીઓ
નાચી ઊઠે કાટચઢેલ તારે.

'બહુ થયું આ સુરદાસ ગાણું,'
કંટાળી મોઢું કરીને કટાણું
બોલ્યો, ધરી હાથ મહીં હું આનો.

ધીમું ધીમું ગાન વહી રહ્યું ત્યાં,
ને તમ્બૂરાના સૂર શાન્ત પામ્યા;
લંબાય ના હાથ, ન તેમ હાલે,
ને જીર્ણ દેહે નથી કંપતો જરા.

'ઓછા પડે છે હજી આ ય પૈસા ?
ભૂખે મરે તો ય મિજાજ જોને ?
મેં સાદ કાઢયો, પણ ના સૂણે એ,
ને ફેંકવા જાઉં છું એક આનો
ત્યાં તો પડયો હસ્તથી એકતારો
તૂટી ગયો જીવનએકતારો.

એક ભિખારીના છોકરાને જોતાં—

ઠરવાને ઠામ ના એકે, રહેવા ના રંક ઝૂંપડી,
આટલી ઉમ્મરે તારે માથે આ દુઃખની ઝડી!

માતની વ્હાલથી ઝૂકી આંખોની છાયમાં રમી,
શૈશવે શોભતા મીઠા લ્હાવાની ઝાંખી ના થઇ!

તારા જેવા હજારો ને લાખ્ખો હા! માગતા ફરે.
"ઊજળાં" વર્ગની આંખો કંટાળી બાજુએ ફરે.

ધનિકોએ ધીકાવેલી ભઠ્ઠીનાં દગ્ધ બાળુડાં!
બહુ દાઝયાં, બહુ રોયાં, હવે તો અવધિ થઇ.

આજે છો કૂબડી ઝાંખી આંખો કલ્પાંતથી ભરી,
કાલે એ કીકીઓમાંથી કાળાગ્નિઝાળ જાગશે.

આજે છો રાંકડી થૈને જીભ યાચી રહી વૃથા,
કાલે એ જીભમાં વાણી નાશની ઘોર નાચશે.

જિન્દગીને ચૂસી લેતા નિસાસા આજ છો વહે,
નિસાસા કાલ ઝંઝાનું રૂપ લૈ વૈર વાળશે.

આજે છો ભીખ માટે આ લંબાતા કંપતા કરો,
આજે છો જોમહીણા આ ધ્રૂજે પાય ધૂળે ભર્યા.

તમે ના જાણતાં, જાણું; કાલ છે તમ હાથમાં,
રોમ રોમ તમારાં આ ક્રાંતિ ક્રાંતિ પુકારતાં.

ફૂંકડી મોજ–મ્હેલાતો, છકેલાં રંગ–સોણલાં,
ધરાની ધૂળમાં કાલે રોળાશે–ધૂળ થૈ જશે.

નથી કૈં શોક એ કાજે, ઉરે વા ન ઉચાટ કૈં
વધા'વા કાલનાં વ્હાણાં તમારાં ધન્ય થૈ ઊભો.

ટાણું

મનવા! ગરવા કાળકિનારા.

ઉરરસપ્રેમ છલાછલ ડોલે, ડૂબતા ભેદમિનારા,
આજ હસી લો, કાલ ભલે હો વેધક આંસુધારા;
મનવા! ગરવા કાળકિનારા.

રાત દિનના ફરતા જગમાં આ ચગડોળ અનેરા,
આજ જીવી લો, કાલ ભલે હો કડવા મોત કટોરા;
મનવા! ગરવા કાળકિનારા.

પરજીવનની વાત જવા દો, છોડો વાદ નકામા,
આજ ઉરાડો કુંકુમ રંગો કાદવધૂળ ધરાનાં;
મનવા! ગરવા કાળકિનારા.

ધન્ય !

ધન્ય થયો સંસારે,
શાને તું આંસુડાં સારે.
મનખાદેહનાં મૂલ ન થાય,
મળે નહીં વારે વારે,
શાને તું આંસુડાં સારે.
તારે કાજ વસંત હસી હસી,
આપી રહી ફૂલ-લ્હાણાં;
તારે કાજ લપાતી છૂપાતી,
કોયલ વેરતી ગાણાં;
આવા ચારુ ચેતનઆરે,
શાને તું આંસુડાં સારે.
શિશુના સુહાગી હાસના પારણે,
જીવન ઝૂલતાં ગાજે;
ભાવિને એમ રમાડતું હોંશે,
ગૂંજી રહ્યું જગ આજે;
આવા મંગળ કાળઉતારે,
શાને તું આંસુડાં સારે.
ધન્ય થયો સંસારે,
શાને તું આંસુડાં સારે.
જીવનનાં જલ જાય વહી,
નહીં થોભતાં આરે આરે,
શાને તું આંસુડાં સારે.

આંગણે

આજ આંગણે ખેલે
　　　　　　રે ભાઇ! આજ આંગણે ખેલે.
નામ ન જાણું ઠામ ન જાણું,
રોજ રોજ એ ટૂહેલે;
　　　　　　રે ભાઇ! આજ આંગણે ખેલે.
અંતરની વેરાન ભૂમિમાં
રુમઝૂમ ઝરણાં રેલે;
ખીલે કૈંક રસાળાં કુસુમો
રંક જીવનને વેલે;
　　　　　　રે ભાઇ! આજ આંગણે ખેલે.
નહીં વાટે નહીં ઘાટે મળિયો,
નિકળ્યો એ શું સ્હેલે,
આવ જગાવ અખંડ મૌનને
ખેલ તું જીવન મ્હેલે;
　　　　　　રે ભાઇ! આજ આંગણે ખેલે.
આજ આંગણે ખેલે
　　　　　　રે ભાઇ! કોણ આંગણે ખેલે?

ભૂલા પડ્યા

ભૂલા પડયા અમે ભૂલા પડયા,
જાણીતા ભોમિયા ભૂલા પડયા.

ફૂલડાંની પાંખડીમાં ફોરમ ભૂલી પડી,
શશીઅરના કિરણોમાં સુધા ભૂલી પડી;
જાણીતી ભોમકામાં ભૂલા પડયા,
અમે જાણીતા ભોમિયા ભૂલા પડયા.

માયાની રોશનીમાં કાયા ભૂલી પડી,
જિન્દગીની છાયામાં જિન્દગી આથડી;
આતમની આરસીમાં ભૂલા પડયા,
અમે જાણીતા ભોમિયા ભૂલા પડયા.

ભૂલા પડયા અમે ભૂલા પડયા.
અમે જાણીતી ભોમકામાં ભૂલા પડયા.

સંગમઆરે

વિલાતી જીવનવાડીએ,
વસંત લ્હેરે આવી,
આથમતા આતમને આરે,
પ્રકાશપૂંજો લાવી.
મોહભર્યા ભીષણ મારગડે,
સ્નેહસુધા રેલાવી.
પ્રાણતણી પડતી પાંખડીએ,
ફોરમ શી ફેલાવી !
રંક જીવનના સ્વપ્નસીમાડે,
લીલા સૌ આ જોઇ,
સ્વપ્નસત્યના સંગમઆરે,
દુનિયા રોતી જોઇ !

૮

આંસુઓની ધારા

દુનિયાના પાપપંથ ધોતી
હો આંસુઓની ધારા વહે છે.

નેનનના અંજનને લ્હોતી
હો આંસુઓની ધારા વહે છે.

શૈશવનાં સૌમ્ય આંસુ,
યૌવનનાં વ્હાલ આંસુ,
જીવનની જ્યોતમાં જલે છે,
હો આંસુઓની ધારા વહે છે.

વર્ષાનાં પુણ્ય આંસુ,
પ્રેમનાં વિરાટ આંસુ,
વિશ્વના વિલાસને ધૂએ છે,
હો આંસુઓની ધારા વહે છે.

જીવનની અંજલીમાં,
પ્રાણુતણી પાંખડીમાં,
ભવ ભવનાં આંસુઓ ભમે છે,
હો આંસુઓની ધારા વહે છે.

જીવનના અંજનને લ્હોતી
હો આંસુઓની ધારા વહે છે.

શાશ્વત દૈન્ય

પ્રભુજી, આંખ અમીની ઢાળ.
દૈવી પ્રેમનાં કૈં કૈં મોતી ચમકે આતમભોમ,
ભરુ ભરુ તો ય ખાલી રહે આ રૂપલા જીવનથાળ;
પ્રભુજી, આંખ અમીની ઢાળ.

નેહસરોવર નયનો કીધાં, દીધાં દિલ દરિયાવ,
ડોલે માનવ તો ય અધુરો છલકાયે જળપાળ;
પ્રભુજી, આંખ અમીની ઢાળ.

ભવસાગરનાં મોજ ભયાનક, ભમતાં જીવતર જાય,
આશ ખૂટી પણ વાટ ખૂટી ના, દૂર રહી દીપમાળ;
પ્રભુજી, આંખ અમીની ઢાળ.

એક એક મૂરતમાં

એક એક મૂરતમાં સૂરત નિહાળું તારી,
કોની હું મૂરતમાં મોહું ?

એક એક હૈયાના ધબકા રટે છ નામ,
કોનાં હું ગીત આજ ગાઉં ?

એક એક આંખોની મીટપાંખે ઊડે ત્યાં,
કોનાં હું નેણલાં પિછાણું ?

એક એક જીવનના તંતુમાં વાસો ત્યાં,
કોનાં જીવનભેદ જાણું ?

અંધારા આકાશે ગાજે છો મેહુલો,
એ મેહુલો ગાજતો ન સુણું,

અનંત મેઘધાર હૈયામાં ખેલે ત્યાં,
શાને એ મેઘધાર ઝીલું ?

દૂરનો દૂર

તું તો પાસે પાસે તો ય દૂરનો દૂર,
તારા નયનોનાં વેરાયે વાટોમાં નૂર,
          તું તો પાસે પાસે તો ય દૂરનો દૂર.

મારી આશાઅટારીમાં આવી રમે,
મને પડછાયા તારા અજાણ્યા ગમે;
તારી દિલરૂબા દિલડાની છેડે કૈં સૂર,
          તું તો પાસે પાસે તો ય દૂરનો દૂર.

એકાકી અણગમતા જીવનને તીર,
સૂકાઇ સરિતાને ફૂટયાં ના નીર;
તારાં ગાજે ઘેરાં ઘોર ઘૂઘવતાં પૂર,
          તું તો પાસે પાસે તો ય દૂરનો દૂર.

તારો ભૂતકાળ ભાઇ નહીં મૂકે કેડો,
જોને વચેટ વર્તમાન ઝાલે છેડો;
અલ્યા ભાવિ! ભૂલાવે કાં ભવના કૈં શૂર;
          તું તો પાસે પાસે તો ય દૂરનો દૂર.

વેદના

મારી રાતો પૂરી નવ થાય,
અંધારે શે રે જીવાય.
આવતી કાલના ઓળાઓ આવે,
ઉષાના અંતર-સંદેશા લાવે,
હૈયાં અધીરાં દુભાય,
અંધારે શે રે જીવાય.

ઝૂકી છે ઝાડીઓ જીવનવાટે,
આશાના આગીઆ ઉડે ઉચાટે,
એના ઉજાસે શું થાય,
અંધારે શે રે જીવાય.

અંધારી ધરતીના અંધારા આરા,
ઉંચેરા આકાશે નવલખ તારા,
ઝીલું તો યે ના ઝીલાય,
અંધારે શે રે જીવાય.

મારી રાતો પૂરી નહીં થાય?
અંધારે ના રે જીવાય.

કોક દિન આવજે

જગતે જડે તો વાટ કોક દિન આવજે,
વાટો અનેક ટેક પાળજે રે લોલ;
જગતે જડે તો વાટ કોક દિન આવજે.

આતમનાં સૌમ્યહેત હૈયે તું પોષજે,
આતમના તાપને તું ટાળજે રે લોલ;
જગતે જડે તો વાટ કોક દિન આવજે.

સ્મરણોને સંતાડી સંસારે લાવજે,
જીવનના ઉપવનમાં વેરજે રે લોલ;
જગતે જડે તો વાટ કોક દિન આવજે.

તારલા અનેક તો ય ચાંદલિયો એક છે,
એક ને અનેક ભેદી આવજે રે લોલ;
જગતે જડે તો વાટ કોક દિન આવજે.

નેનન પ્યારા

ઝંખનાઓ ક્યાંથી જાગી રે,
નેનન પ્યારા.

જગતની વાટે વાટે, હૃદયના ઘાટે ઘાટે,
પગલી એ પાડી ગયો રે,
નેનન પ્યારા.

સ્વપનામાં ભમી ભમી, કવિતામાં રમી રમી,
અણદીઠ ઊડી ગયો રે,
નેનન પ્યારા.

નિરખ્યાં ન ધામ એનાં, ગૂઢ સહુ કામ એનાં,
કહે હવે કાંથી આપું રે,
નેનન પ્યારા.

પાંપણોની પાંખડીમાં, જગતની આંખડીમાં,
આંસુડાં ઉછાળી ગયો રે,
નેનન પ્યારા.

આવો તો

આવો તો એક દિન આવજો,
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

અંતરની એંધાણી રાખજો,
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

ઉષાનાં અજવાળાં વાટડિયે વેરશું,
સન્ધ્યાના રંગોનાં તોરણિયાં બાંધશું;
જીવનના સંદેશા લાવજો
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

દિલડાનાં બંધ કૈંક બારણાં ઉઘાડશું,
વ્હાલી વસંતના ગીતે વધાવશું;
આતમના આગળા ઉઘાડજો
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

આભનાં અમોલ તેજ આંગણે ઉતારશું,
સૂના મંદિરિયે દીવડા મૂકાવશું,
અંતરની જ્યોતને ઝગાવજો
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

આવો તો એક દિન આવજો,
હો જોગીરાજ ! આવો તો એક દિન આવજો.

સૌભાગ્ય પગલાં

આવું હું સાજન હો! તારા સદનમાં,
આશાના દીવડા ઝગાવ:
સાજન હો! તારા સદનમાં: આવું.

હૈયાનાં ફૂલડાં હો કે વાટે વેરાવજે,
સોણુલાંના સાથિયા પુરાવ:
સાજન હો! તારા સદનમાં: આવું.

ગાજે ઘનનન મેહુલો, વીજલડી હરખાય,
ઊમટે આતમપૂર આ, હૈયે રસ છલકાય;
ભવ ભવની ભાવના જગાવ:
સાજન હો! તારા સદનમાં: આવું.

ભોળી પ્રવાસણ હો કે ઝાંખા જગતની,
જીવનદ્વાર ઉઘાડ:
સાજન હો! તારા સદનમાં: આવું.

પ્રેમલપથી હો કે પાલવ પકડી,
કુમ્‌કુમનાં પગલાં ભરાવ,
સાજન હો! તારા સદનમાં: આવું.

આવું હું સાજન હો! મારા સદનમાં,
ભાવિનાં ગીતડાં સુણાવ,
સાજન હો! મારા સદનમાં: આવું.

એકલવાટે

સાગર ગાજે આજે અધીર,
વન ઉપવનની વાતો વેરી,
ગૂંજે મંદસમીર: સાગર ગાજે આજે અધીર.

સ્નેહજીવનની એકલવાટે,
ગાજે કાળગભીર:
આશાનાં અજવાળાં ખૂટયાં,
ખૂટયાં લોચનનીર: સાગર ગાજે આજે અધીર.

વસંતનાં ગીત કોઇ પૂકારે,
જાગે આતમવીર:
અંતરમાં ઉમંગો નાચે,
નાચે ચિતડું ધીર: સાગર ગાજે આજે અધીર.

ભાવિના ઘૂંઘટને ખોલી,
જોવા આશ લગીર:
જીવનની રસગંગા ગાજે
ગાજે સૂનાં તીર: સાગર ગાજે આજે અધીર.

વસમે ઘાટ

ઉરનદ વહુજો વસમે ઘાટ:
વન ઉપવનના મારગ મૂકી પત્થરમાં પરવરજો,
ધગધગ બળતી કાય તેમની કરમાં લઇ હુલવજો;
હળવે ચુમજો જીવઉચાટ:
ઉરનદ વહુજો વસમે ઘાટ:

નહીં કોયલના કોમલરવને ઝીલતાં જીવન વહુવાં,
નહીં તરુવરની શીતળ છાયે જીવનતીર સુહવવાં;
રમજો કાળતણે ફૂલ-પાટ:
ઉરનદ વહુજો વસમે ઘાટ:

વિશ્વસિન્ધુનાં ભવ્ય કરુણ કૈં મોજ આભને વાગે,
વહાવ તારાં ઝરણાં ઉર! ને બઢ બસ આગે આગે;
વહુજો અનંતતાને વાટ:
ઉરનદ વહુજો વસમે ઘાટ:

દિલના રાહ

કરકંકણુ નાજુક બોલે.
ઉપર સરતો પાલવછેડો કોમલ કર સંકોરે,
કરકંકણુ નાજુક બોલે.

શૂન્ય સદનમાં સભરહૃદયની ભરતી ભાવની ડોલે,
નયનનાથની મોહક મૂરતી અધીર અધીર બની ખોળે,
કરકંકણુ નાજુક બોલે.

પ્રણુય વિરહની પ્રથમપળોમાં અણુદીઠ ઉર કો કોરે,
નહીં સમજાતું પણુ મલકાતું દિલડું મારગ દોરે;
કરકંકણુ નાજુક બોલે.

સોણાં

મેં તો હૈયામાં હેતે હુલાવ્યાં,
એ પ્રીત્યુંના સોણાં સખી.
મેં તો લોચનિયે રે લડાવ્યાં,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
પેલા આષાઢી મેહુલા આવ્યા,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
પેલા મસ્તિલા મોરા રે નાચ્યા,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
પેલી સૂની સરિતાઓ ગાજી,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
પેલા સાગરે જઈને વિરાજી,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
તારી પાંપણે ભીંજાતાં જોયાં,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
તારા પાલવે લુંછાતાં જોયાં,
એ પ્રીત્યુંના સોણાં સખી.
મેં તો હૈયામાં હેતે હુલાવ્યા,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.
મેં તો લોચનિયે કૈં લડાવ્યાં,
એ પ્રીત્યુંનાં સોણાં સખી.

મુગ્ધ અજ્ઞાન

હું તો ફૂટતા વસંતને વ્હાણે,
જીવનરંગ ટાણે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

હું તો આશાની એક એક ડાળે,
ઉમંગભરી ફાળે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

હું તો ડોલતા મેહુલાને માળે,
પ્રભાત કેરી પાળે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

હું તો પ્રેમના પ્રકાશપૂર પંથે,
સુગીતભરી કંઠે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

હું તો સોહાગી સોણલાંના દેશે,
વિવિધ અંગ વેશે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

હું તો જાણું ના કોણ આ રમાડે,
ભાવિની કોણ આડે
કે રાહ રોજ જોઉં જોઉં ને રમ્યા કરું.

રિસામણાં

જાઓને નાથ! વાતવાતમાં રીસાઓ શું?
બોલું ના બોલ, અબોલા રે,
ન્હોતો જો નેહ શાને નેણલાં નચાવિયાં,
મળતાં મારગડે અકેલાં રે.

થાઓ નફ્ફટ તમે, નારીની જાત અમે,
હારીને આનંદ લઇએ રે,
પ્રાણુને પનઘટ પ્રીત કરી અમે,
જીવનજીત ઉજવીએ રે,

જાઓ કાં નાથ? વાતવાતમાં મનાવિયે શું!
રૂએ આ નેન અધીરાં રે,
કૃષ્ણ તમે મારા કામણગારા,
ઘેલી અનુરાગી મીરાં રે.

ઉમ્બરમાં

મારા સ્મરણોની સેર આજ ખૂચે,
જગતને તીર ઊભી.
મારો આતમમોર આજ નાચે,
જગતને તીર ઊભી.
કોઇ ઝીલો એ વેણુ વહી જાશે,
જગતને તીર ઊભી.

મને ભોળીને આજ કો સતાવે,
કૈં ગીતો અજાણ્યાં જગાવે;
આજ આશાઓ આંખને રડાવે,
જગતને તીર ઊભી.

પેલો આભમાં મેહુલો ડોલે,
મારા અંતરની વાત કૈંક બોલે;
આજ નેનો દિશાઓમાં દોડે;
જગતને તીર ઊભી.

મારા હૈયાની સેર આજ ખૂચે,
જીવનને તીર ઊભી.
મારો આતમમોર આજ ગાજે,
જીવનને તીર ઊભી.
કોઇ ઝીલી–ઝીલાવોને આજે,
જીવનને તીર ઊભી.

વેરણ વાદળી

આજ પેલી વાદળી વેરણ થઇ.

નિન્દરની ગોદમાં સૂતેલાં સોણલાં,
ગાજી, જગાડી એ ગઇ,
આજ પેલી વાદળી વેરણ થઇ.

હૈયાની રૂપાળી બાંધેલી પાળો,
છલકાવી, મલકાતી ગઇ,
આજ પેલી વાદળી વેરણ થઇ.

સાથે સાહેલી એ વીજને લાવી,
ઝબકારે ઝઝણાવી ગઇ,
આજ પેલી વાદળી વેરણ થઇ.

શાને તને કહું વેરણ વાદળી,
પિયુની યાદ દઇ ગઇ,
આજ પેલી વાદળી વેરણ થઇ.

સૂના જીવનના એકાકી આરે,
મોરલા મલકાવી ગઇ,
આજ પેલી વાદળી વેરણ થઇ.

મારે આંગણે

મારે આંગણે આંબાનું ઝાડ: મંજરી લૂમે-ઝૂમે.
એના હૈયાના જામ્યા ઉઘાડ: મંજરી લૂમે-ઝૂમે.
એની ઘેરી ઘટા તણી પાળ: મંજરી લૂમે-ઝૂમે.
એમાં ખેલે કિરણુ લઈ કાળ: મંજરી લૂમે-ઝૂમે.
વળી વાયુએ માંડયા વિલાસ: મંજરી લૂમે-ઝૂમે.
મારા દિલના ડોલાવે આવાસ: મંજરી લૂમે-ઝૂમે.
ત્યાં તો કોયલનો કંઠ છલકાય: મંજરી લૂમે-ઝૂમે.
મારા કાળજાના કોડ ફળી જાય: મંજરી લૂમે-ઝૂમે.
કોણે વાવ્યું એ આંબાનું ઝાડ: મંજરી લૂમે-ઝૂમે.
એના ફરતી કરી કોણે વાડ: મંજરી લૂમે-ઝૂમે.
કોણે પાણીના ઘૂંટડા પાયા: મંજરી લૂમે-ઝૂમે.
કોણે મોટી કરી એની કાયા: મંજરી લૂમે-ઝૂમે.
એવે આવ્યો વસંતનો ઘેરૈયો: મંજરી લૂમે-ઝૂમે.
એ તો આવ્યો આયુનો બજવૈયો: મંજરી લૂમે-ઝૂમે.
મારે આંગણે આંબાનું ઝાડ: મંજરી લૂમે-ઝૂમે.
એના હૈયાના જામ્યા ઉઘાડ: મંજરી લૂમે-ઝૂમે.

આષાઢી મેહુલા

જોને આષાઢી મેહુલા આવ્યા
હો! મેહુલા આવ્યા.
મેં તો મનડાના મોતીએ વધાવ્યા,
હો! મેહુલા આવ્યા.
આશાના મોર કેંક બોલે,
હૈયાં અમૂકડાં ખોલે;
તોયે નણદલના વીરા ન આવ્યા
હો! મેહુલા આવ્યા.
પેલી વીજ વળી ભૂંડી સતાવે,
મારા સૂના અવાસો હસાવે,
સખી, સંદેશા મીઠા ના કા'વ્યા,
હો! મેહુલા આવ્યા.
વહે લાંબી વિજોગની રાતો,
મારા હૈયામાં નેહ છલકાતો,
મેં તો અંતરના આગળા ઉઘાડ્યા,
હો! મેહુલા આવ્યા.
એ તો દુનિયાના મેહુલા આવ્યા
હો! મેહુલા આવ્યા.
મારા દિલડાના મેહુલા ન આવ્યા
હો! મેહુલા આવ્યા.

નૃત્ય

નેનન નેહુભર્યાં નાચે
હો નૃત્ય નવાં કોણે શિખાવ્યાં ?

આતમનાં દિવ્યનૂર,
ભાવનાનાં ભવ્યપૂર,
નાનકડા નેનમાં નચાવ્યાં;
હો નૃત્ય નવાં કોણે શિખાવ્યાં ?

સૂરજનાં તેજવેણુ,
શશિયરનાં સૌમ્યફ્હેણ;
મદમાતી મીટમાં રમાડયાં,
હો નૃત્ય નવાં કોણે શિખાવ્યાં ?

જીવનને પુણ્યપંથ,
મળિયો કો સ્નેહુસંત;
અંતરનાં આંગણાં ઉજાળ્યાં,
હો નૃત્ય નવાં કોણે શિખાવ્યાં ?

ચૂંદડી

ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી,
નમણો નાવલિયો પાસ હો જી રે
ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી.

શોભી ઉઠી મારી વેણી સોહામણી,
વેણીમાં હૈયાની વાસ હો જી રે
ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી.

લજ્જાની લાલીમા ગાલે ફરી વળી,
લજ્જામાં નેહના નિવાસ હો જી રે
ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી.

નેણલાં નમાવીને નાથે હસાવી,
જીવનનાં છલકાયાં હાસ હો જી રે
ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી.

ધીરે સમારી મેં નવરંગી ચૂંદડી,
ઢાંકે છૂપે ના વિલાસ હો જી રે
ઊડતાં ઊડી રે ગઇ નવરંગી ચૂંદડી.

ફૂલછાબ

છાબ મારી ફૂલડાંથી માય ના,
ફૂલડાંમાં ફોરમ સમાય ના,
છાબ મારી ફૂલડાંથી માય ના.

મારી વાડીનાં સૌ ફૂલડાં સોહામણાં,
આવી વસંત ને આવ્યાં હુલામણાં;
ભાર મારી છાબનો ખમાય ના,
છાબ મારી ફૂલડાંથી માય ના.

ઓરા આવો આજ પ્યારા પ્રવાસી,
હળવે ઉતારો તમારી હું દાસી;
છલકાતી છાબ કાં ઝલાય ના?
છાબ મારી ફૂલડાંથી માય ના.

ફૂલડાંમાં ફોરમ સમાય ના,
છાબ મારી ફૂલડાંથી માય ના.

મર્મર

જોઇને નીર આવતાં સરિતનાં સિન્ધુ વિચારે હૃદે,
'પોષું જીવન હું સદા સરિતનું કેવો દયાળુ જગે;'
જોઈ સાગરનીરનાં ગરજતાં મોજાં મહાહર્ષમાં,
બોલે છે સરિતા, 'અહો! અમ લીધે આ સિન્ધુનાં ખેલવાં!'

★

જગે પોલાં જેનાં જીવન પૃથિવીપાટ ખસતાં,
ભરેલા આત્માનાં જીવન, જગતે ઉર્ધ્વ રમતાં;
ઠરી ખાલી વચ્ચે ધુમસ પથ ઝાંખાજ કરતું,
ભર્યાં હૈયાં છે તો વિયતપટમાં વાદળ જતું.

ઊભાં રહોને, મિલન વળી ના થાય પાછું કદી તો,
ઇચ્છા હૈયે અધીર તવ નામાક્ષરો ઘૂંટવાની,
ના કૈં બોલી, પણ નયનના ભાવ બોલી ઉઠયા કે,
જાણી લીધું હૃદય, પછી શું નામમાં જાણવું છે?

★

વિબુધ જન વહે છે વેણ મોંઘી પળોમાં,
વખત કવખત ના મૂર્ખ જુએ, ભસે છે;
મધુર રવ વસંતે વેરતી કોકિલા ને
કુટિલ કકળતો કાગડો વર્ષ આખું.

સોહામણા કોમલ અંગ રંગમાં,
તને મળ્યો વાસ સુવાસથી ભર્યો,
મળ્યું સુખી જીવન ધન્ય! તોય તું
ભૂલ્યો નહીં કંટક ડંખવાનું!

★

દઝાડે છે દુઃખે જીવન જગતે માનવતણાં,
પ્રભો! જોઉં તેમાં ગહન તવ કો સત્ય સમણાં,
ધરાને ધીકાવે દિનકર બની ક્રૂર જગમાં,
નહીં વર્ષાકેરા વિમલજલથી શાન્ત કરવા?

નિરાશા લઈ આવી મોહક નિશા ના લાવી એ નાથને,
સૂતી સેજ મહીં પિયુસ્મરણના સૂતાં હઠીલાં બની;
રોઈ રાત ગઈ, સુઝી દૃગ ગયાં, ભીંજાઇ ગઇ સેજ તે
જોઇ, બોલી પ્રભાતમાં, 'પ્રિય સખિ, તું યે વિયોગે રડી!'

★

ઉષાના સૌમ્ય ભાલે,
સન્ધ્યાના સ્નિગ્ધગાલે,
સોહે નાચે સુનેરી અણદીઠ રવિનાં રશ્મિઓ જેમ આવી,
તેવાં તારાં અનેરાં અભિનવ સ્મરણો, ઓપશે જિન્દગાની.

'હૈયે જેવું' જગત વદતું 'હોઠમાં આવી બેસે,'
અર્ધાં સત્યો પ્રણયજીવને ભાસતાં સૌ મને એ;
જ્યારે જ્યારે તવ નિકટતા સેવું છું વાત માટે,
હોઠે મારે વચન રમતાં છોડી હૈયે સિધાવે.

★

ઓ જિન્દગી! મંગલવિશ્વમંદિરે
જલી રહેલી રસપૂર્ણ જ્યોત!
સંકોરવા વાટ અનંત તારી
આવ્યો, ત્યહીં તો પ્રગટ્યાં પ્રભાત!

વિવરણ

નવજીવન : [પૃ. ૧.] જીવનના પંકમાં પડેલો હતો—સર્વત્ર અંધકાર હતો, બાહ્ય સૃષ્ટિમાં તેમ જ હૃદયમાં; મૃત્યુની તિમિરલહરી ચેતનદીપને બુઝાવવા જતી હતી—ત્યાં તું આવી.

આવી, પણ જીવનસરના જળમાં નહિ, હું હતો ત્યાં પંકમાં નહિ; કાંઠે રહીને પગવડે જીવનજળમાં લહરી જગાડી. એ અલ્પ પ્રસાદીથી પણ જીંદગાની ધન્ય થઈ.

ન્હોતું જાણ્યું : [પૃ. ૨] તૂટયાં ખૂટયાં સાધનોથી પણ પ્રણયમૂર્તિનાં દ્વાર ઉઘડાવી શકાયાં; પ્રથમમિલને અણધાર્યો પ્રેમવિકાસ થયો. એ ક્ષણના સંભ્રમમાં કંઠ મૂક થયો, વાદિત્ર તૂટયું.

સાધનહીનતાનું ભાન થયું—પણ પ્રણયમૂર્તિને બાહ્ય સાધનની અપેક્ષા નથી. હૃદયમહીં જે ગીત છુપાયું છે તે જ બસ છે.

પં. ૧ **તડપડયા**=તડપડેલા.

'એકતારો' અને **'તંબૂરો'** ભિન્નાર્થ છતાં એક વાદ્ય માટે વાપર્યા છે.

કાવ્યદેવીને : [પૃ. ૩] કડી ૧. ઇન્દ્રિયગોચર પ્રકૃતિસૌન્દર્યમાં ગૂઢ રહેલું અતીન્દ્રિયતત્ત્વ મતિને મુંઝવે છે.

કડી ૨. પ્રેમોપચાર થાય તેટલી નિકટતા કાવ્યદેવીરૂપ પ્રિયતમાની નથી સાંપડી. આત્મા તલપતો રહ્યો છે.

કડી ૩-૪. ગૂઢતત્ત્વ ગૂઢ જ રહેશે એવી આશંકા રહે છે.

વિરાટપૂજા : [પૃ. ૪] કડી ૧-૨. પ્રજ્ઞા, સૌંદર્યદૃષ્ટિ અને હૃદયહાસ્ય આપનાર પ્રભુનું ઋણ અદા કરવા વાણી અસમર્થ છે. સહુ ભાવ (હૃદયના ભાવ) પર (વાણીથી પર) દીસે છે.

કડી ૩. જગસૌંદર્ય અવર, હીન, લાગે છે; જગના વિભવ પ્રભુની તોલે નથી. તો આપવું પણ શું? જે આપી શકાય તે પણ પ્રભુની જ સૌંદર્યકણિકા છે;

કડી ૪. આ દૈન્ય માટે ખેદ કરવો અયોગ્ય છે. પંચમહાભૂતો જેની આરતી ઉતારે છે, તેની સમક્ષ હું કોણ?

નવસર્જન: [પૃ. ૫] કડી ૧. કાળતરંગો આત્માની વજ્રશિલાપર ભલે અફળાય; એથી આત્મા નિર્મલ બનશે, આત્મશિલા ધોવાઈને પ્રતિબિંબક્ષમ થશે.

કડી ૨. પણ એમાં પૂર્ણ પ્રતિબિંબ ઝીલે તેવું જગ-દર્પણ થવાની ધન્યતા નથી, અપૂર્ણતા છે. માત્ર તેજના અલ્પકણો ઝીલાય છે, અને એ ક્ષણમાં જગતના ભેદ વાંચી લેવાય છે.

કડી ૩-૪. આખરે વિજય કાળનો છે, માનવીનો નહિં; પણ કાળના એ વિજયમાં જ માનવીએ પોતાની જીત માનવી—પ્રાણ-વિલયની ક્ષણમાં અનંત નવસર્જનનું બીજ નિહાળવું.

જીવન એટલે કાળસાગરમાં એક દ્વીપ; જીવનદ્વીપ અને કાળસાગરના તરંગોનું સંઘર્ષસ્થાન, આત્મા—કાળતરંગના આઘાતે આત્મા સમષ્ટિમાં—કાળસાગરમાં—વિલય પામે છે. સમષ્ટિમાં વ્યષ્ટિનો વિલય અને પાછો વ્યષ્ટિનો ઉદ્દય એ ક્રમપર્યાય અવિરત છે તેથી વિલયની ક્ષણ તે જ નવસર્જનની ક્ષણ છે.

કલા: [પૃ. ૬] માનવીનાં નયનોને અફળ બનાવતા અંધકારમાં સરિતા, તિમિર ભેદતી, પોતાનો અનંત માર્ગ કાપે છે, અદીઠમાં તદાકાર થાય છે.

સરિતાને જીવનની કલા જડી, જીવનમાં કલા સાંપડી (અદીઠમાં તદાકાર થવાની); પણ માનવી અકિંચન રહ્યો, એને એ કલા ન સાંપડી.

અમર ગીત: કડી ૧. **દિનરજનિની તેજછાયા રમે છે**—સંધ્યાનો સમય છે.

કડી ૨. પ્રકૃતિનાં તત્ત્વો ગીત ગાય છે; એ ગીત સાંભળીને કવિ મુક્તદશા અનુભવે છે. એનો આત્મા એ ગીતમાં તાલ આપે છે.

કડી ૩. કુદરતનું ગીત તો અનન્તકાળથી ચાલૂ છે; પણ કવિને શ્રવણે આજે પડે છે.

કડી ૪. એ ગીતનો અમર લય પી જવાની—હૃદયમાં ઉતારવાની—ઇચ્છા છે. પ્રકૃતિગીતનો લય હૃદયમાં ઉતરે, સ્થિર બને, તો કોઈ કાળે ભવ્ય ગીત સ્ફુરે.

સંતોષ: [પૃ. ૮] એકલો, વિષમ ભાગ્યમાં અથડાતો અને વ્રણ સહન કરતો—પોતાના જ વિષાદના પડઘા સાંભળતો—ભમીશ. ભલે જીવનમાં નિરાશા હો.

છતાં—દૃષ્ટિને અનંતમાં નાખીને હું હસીશ. ક્ષિતિજને—દૃષ્ટિમર્યાદાને—ઢાંકતા અજ્ઞાન પડદાને ભેદવા મથીશ. પળેપળ માનવ રહ્યો, માનવતા જાળવી રહ્યો—એ સંતોષ અલ્પ નથી.

એકલો: [પૃ ૯] ગગનમાં રાત્રિયે એકલો એક તારો, સમુદ્રતટનું એક મોજું, આકાશની એક વીજળી—એ જેવી એકલતા અનુભવે તેવી મારી એકલતા છે—મનઃકલ્પિત. પ્રભુની સૃષ્ટિમાં બધું પ્રભુનું જ છે; પ્રભુના આ જગતકુટુંબમાં એકલતા કેમ મનાય?

જીવનજલધિ: [પૃ. ૧૦] જલધિનાં જલ ખડક પર અથડાય ત્યારે સવિશેષ ચમકે છે; જીવનજલધિનાં જળમાં ઊછળતા દુઃખતરંગો શ્રદ્ધાના ખડક પર અફળાઈને તૂટે ત્યારે જ જીવનનાં જલ ચમકે છે. દુઃખ એ આવતો જતો તરંગ છે, અડગ શ્રદ્ધાબળે એ દુઃખભાવના નષ્ટ થાય એ જીવનની તેજસ્વી ક્ષણ છે.

પ્રભાતે: [પૃ. ૧૧] પ્રભુદર્શન આજે (આ જીંદગીમાં) ભલે ન થાય—પણ આ જીવનમાંથી અન્ય જીવનમાં સંક્રાન્ત થતા પ્રાણની—શ્વાસની—મંજુલ ફૂંકે કાલ દિવાલ તૂટશે;—મીંચાતી આંખની એક મીટમાં વિરાટ પ્રભુની જ્યોત રેલાશે.

સેવા : [પૃ. ૧૨] મેઘ જ્યારે વરસે છે ત્યારે એનો જન્મદાતા સૂર્ય અદૃશ્ય હોય છે; પર્ણો અને પુષ્પો વૃક્ષોને શોભાવે છે—વૃક્ષની પ્રકટ શોભારૂપ બને છે. પણ એ તો ઝંઝાવાતમાં વૃક્ષને તજીને ઉડી જશે; વૃક્ષને ટકાવનારું મૂળ અદૃશ્ય રહે છે.

દૃશ્ય જીવનસમૃદ્ધિ ચેતનાગાનથી પોષાયેલી છે; પણ વિરલવચનો—સત્યવચનો—વિશ્વના મૌનમાં છૂપાયાં છે. સાચી સેવા મૌનસહચારી છે.

એંધાણી : [પૃ. ૧૩] જીવનમાં પોતે જ પોતાના માર્ગદર્શક અને દીપદર્શક બનવાનું છે. માર્ગમાં પત્થરો છે, અને મુસાફરીની એંધાણી એક જ મૂકી જવાની છે—રક્તના ડાઘ.

ન્યાય : [પૃ. ૧૪] પૃથ્વીને તપાવતો ગ્રીષ્મ, અને પછી એને ઠારતી વર્ષા—કુદરતક્રમ છે. મનુજનાં હૈયાંના પરિતાપને ઠારવા માટે—ઋતુચક્ર જેવા ક્રમનિયમે—વર્ષા કેમ નથી? પ્રભુનો ન્યાય આ?

બનું : [પૃ. ૧૪] પ્રથમ આઠ પંક્તિઓમાં જનસેવાની અભિલાષા ચાર પ્રકારે બતાવી છે.

છેલ્લા પંકિતષટ્કમાં કહે છે કે એ મહાભિલાષા સિદ્ધ ન થાય તો કંઈ નહિ; જીવનપથિકનો શ્રમ હરનારી સુખદ લહરી બનું—એ અલ્પ સેવાનો પ્રસંગ આવે ત્યારે તત્પર રહું—તોય બહુ છે.

ત્યારે અને હવે : [પૃ ૧૬] મુસીબતમાં પ્રભુસાંનિધ્ય અનુભવાતું; અભ્યુદયમાં નથી અનુભવાતું.

પણ—હું તો જન્મનો ભીખારી છું; ભીખારી રહેવું—મનથી તો ભીખારી જ રહેવું—એવી મારી વૃત્તિ કાયમ છે. પ્રભુની નજરે તો હું ભીખારી જ રહીશ—છતાં કેમ પ્રભુ! આવતો નથી?

ઝરણું : [પૃ. ૧૭] ઝરણું વિકાસક્રમે સરિતા બનીને જલધિઉરમાં મળીને ધન્ય બને છે. અને એનો પંથ ભવ્ય વિભવશાળી છે.

મારા જીવનઝરણની વિકાસદશા કઈ છે? એ જીવનઝરણનું પ્રાપ્યસ્થાન—એનો જલધિ—કયાં છે? જે હો તે હો. એ જલધિને ભલે જીવનભર પ્રત્યક્ષ ન કરું—પણ અંતસમયે એનાં ઘેરાં ગર્જન હૈયે રમો એ જ અભિલાષા છે.

મંગલવિદાય : કડી ૧–૨. જેને પોતાના સરલજીવનમાં કર્ત્તવ્યગંગા વહેવડાવવાની કે યશ:પતાકા ઉડાડવાની તક ન્હોતી સાંપડી એવા બંધુને આ મંગલવિદાય છે.

એ બંધુ પંથભૂલેલ ભવમહાટવીનો સાધુ ન્હોતો—એ તો નિજરચી પ્રારબ્ધજાળમાં ભૂલો પડતો, માયાનો ભાર વહેતો અને આશાલાકડીએ ટેકતો મર્યાદિતજીવનને પિંજરે પુરાયલો સાધારણ મનુજ હતો—કાળધણી ન્હોતો.

કડી ૩–૪ પણ તેને સ્વપ્નો હતાં, આશા હતી, ઉત્સાહ હતો, શ્રદ્ધા હતી, તેથી જ મારું ઉર એને ચાહે છે; એના આત્માના ઉછળતા કલ્લોલ તેમ જ દેહદૌર્બલ્ય બંને વ્હાલાં હતાં.

કડી ૫–૬. એના ઉદ્‌બોધક સંસર્ગ પ્હેલાં હું વિશ્વલીલાના અનુભવથી વંચિત હતો. 'રાચે આજ'—આજની ઘડી રાચે છે; અને ભાવિસ્વપ્નો રચે છે; ભૂતકાળ પણ સૃષ્ટિને ગરવી બનાવીને ધન્ય થયો છે. પણ ભૂતકાળના સ્મરણમિશ્ર ભાવિનાં શમણાંમાંથી—મહાકાળની ખંજરીનો ધ્વનિ—મને જગાડી ગયો ન્હોતો; પણ હવે—

કડી ૭–૮. આજે કોણ જગાડી ગયું? એ બંધુનું મૃત્યુ આજે જગાડી ગયું, જેમ એનું જીવન જગાડનારૂં હતું તેમ:

કડી ૯. તારૂં જીવન, તારૂં મૃત્યુ બંને પ્રેરણાદાયક બન્યાં છે—બંને સમાન છે; કાળની બે પાંખો, દિવસ અને રજની; તેવી ચૈતન્યની બે પાંખો, જીવન અને મૃત્યુ.

કડી ૧૦ અને ૧૩. મરણ પછી પણ જીવન છે, રાત્રિ કેડે ઉષા આવે છે તેમ; જેમ અહીં સૂર્યાસ્ત થાય તે અન્યત્ર સૂર્યોદય થવા માટે છે તેમ.

કડી ૧૧ અને ૧૨. પ્રાણહારક કાળ એ જ શાશ્વત ચેતનનો આપનારો છે—જેમ જે પવન પુષ્પની પાંખડી ખેરવે છે તે જ એનું સૌરભ ફેલાવે છે તેમ; જે દીપક પતંગને બાળે છે તે જ પ્રકાશ પાથરી અંધારને હરે છે તેમ.

કાવ્યવેણુ : [પૃ ૨૧] જનોનાં સ્ખલનો જોઈને હૃદયકંપ અનુભવતો કવિ, જનો સુણે ના સુણે એની દરકાર કર્યા વગર, ફરજ સમજીને પોતાની ગાંડી-ઘેલી—દુનિયાના ડાહ્યાને ઘેલી લાગતી, કાવ્યવેણુ બજાવે જાય છે; અન્તિમ આઠ પંક્તિના એ વક્તવ્યમાં આ કાવ્યનું નામસમર્થન રહ્યું છે. આ વિચારતત્ત્વ બાદરાયણના '**કવિને**' કાવ્યમાં પણ છે એટલા પૂરતાં બંને કાવ્યો સરખાવવા જેવાં છે.

કવિની કાવ્યવેણુનો ઉપદેશ પાર્થિવ વૈભવોમાં રાચતા લક્ષ્મીઘેલા પ્રત્યે છે. વસ્તુ–વૈભવ અને આત્મવિભૂતિ વચ્ચેનો, લક્ષ્મી અને સંસ્કૃતિ વચ્ચેનો, શસ્ત્રબળ અને બાહુબળ વચ્ચેનો, બાહ્ય પ્રમાણોથી જ પ્રમાણિત પ્રેમ તથા પ્રમાણનિરપેક્ષ પ્રેમ વચ્ચેનો વિરોધ દર્શાવવો એ આ કાવ્યની વિષયવ્યવસ્થા છે. એ વિરોધ પં. ૧૫–૧૬ માં, પં. ૨૯–૩૨ માં, પં. ૩૬–૪૦ માં સમર્થ રીતે રજૂ થયો છે.

યુગમૂર્તિ : [પૃ. ૨૪] યુગની વણઝાર ચાલી જાય છે—એનું લક્ષ્ય શું છે? કાળનું ઘોર નૃત્ય ચાલે છે, છતાં મનુજ કેમ હસે છે? અને એ નૃત્યના તાનમાં કેમ ઠમક આપે છે?

શું મનુજના ઉરમાં આત્મની (આત્મજ્ઞાનની) વાંછના છુપી છે? જગત સત્યની શોધ માટે ઝંખે છે? કદાચ એમ નહિ હોય, પણ પુરાણસત્યોના પડઘા પાડતી યુગમૂર્તિપુરુષની નવલગીતાવલી વિફલ નહિ બને; જગતને સત્યાભિમુખ કરશે.

જગતના મહાઉપદેશકો ઘણા થઈ ગયા છે, પણ આ મહાપુરુષના સરલ સાદમાં કૈંક ગહનતત્ત્વ છે. ઓજસ્વી તેમ જ સૌમ્ય–બંને પ્રકારના ગુણોથી યુક્ત

આ મહાત્માની વસંતસંદેશ જેવી (નવજીવનવાહી) કથા, પરાગભરી વિચારકલિકા સદા વિકસશે. એનાં વિધાનો અમર રહેશે, એ ત્રિકાલે પૂજાશે.

પાવાગઢ : [પૃ. ૨૭] પાવાગઢે સહન કરેલા કાળપલટાનું સ્મરણ કરતા કવિ કાળની ગહન ગતિ વિશેના ચિન્તનમાં ઘસડાય છે. સર્જકવિનાશક શક્તિ વડે કાળ પ્રભુ જેવો જ જણાય છે. માનવીજીવન એ કાળના નાદપડઘા છે. માનવમાં કે પ્રકૃતિમાં—વિકાસ માત્રમાં વિનાશનાં બીજ છે. કદાચ એમ પણ હોય કે કાળનું આ વિરાટ અવિરત ખેલન—દુ:ખજનક ભાસતું છતાં—કલ્યાણકારી હોય. જીવનમાં સુખ કરતાં દુ:ખ વિશેષ, સ્નેહ થોડો અને અસૂયા વધારે, શુભ તત્ત્વોનો નાશ વહેલો, એ બધું માનવનાં દુષ્કૃત્યોનાં પરિણામો છે. (પંક્તિ ૫ થી ૪૪).

પતાઈ રાજાનાં પ્રણયી ઉરની ખેલનભૂમિ બનેલો પાવાગઢ તેજ એના કુટિલ-ઉરની કોપનભૂમિ બન્યો. અને પાવાગઢ ઉપરની સમૃદ્ધ જીવનલીલા નષ્ટ થઈ;—પાવાગઢનો સૂર્ય આથમ્યો, તે ફરી ઉદય પામશે ખરો ? (પં. ૪૫ થી ૬૦).

આખાં કાવ્યમાં મન્થન પામતું જગતની સુખદુ:ખમિશ્રતાનું ભાન છેલ્લા શ્લોકમાં નવનીતસાર અર્પે છે—કાળની નિયત ઘટના અફર છે; વિશ્વમાં યામિની ન હોય તો ઉષાનો સ્મિતવિલાસ પણ ન સંભવે.

પં. ૫૩ : '**અમર પથનો પાન્થ**'—સૂર્ય.

પં. ૬૪ : '**ઉષાના**'—'ઉષાનાં' જોઈએ.

ભલે ન પગલાં પડે : [પૃ. ૩૧] વિશ્વના અણુઅણુમાં તારો વિલાસ મૂર્તિમંત બને છે—છતાં જીવનમાં તારાં પગલાં પડતાં નથી. મારી મીટમાં (નજરમાં) તારા ઉધાનયનની કલા વિલસશે; વસંત આવીને ઉરને ખોલશે; તારા ગહન વૈભવો નીરખીને હું નમન કરીશ.

'ભલે ન પગલાં પડે, નયન ઝંખશે ના જરા.'

હૃદયની આશા હૃદયમાં ભલે શમી જાય. અતૃપ્તિનો અગ્નિ ભલે ભડભડે, પ્રણયપાંખડી અકાળે ભલે શમશમી જાય, પણ એની પુનિત ભસ્મ હું મારા અખંડ ઉરમાં ધરી રાખીશ.

તને જ : [પૃ. ૩૨] તને જ ઉર કાં ચહે ? દર્શન નથી થયું, પ્રણયવચન નથી નીકળ્યાં, પદરવ પણ સુણ્યો નથી, સ્વપ્નમાં પણ મિલનયોગ થયો નથી.

તારી શોધમાં ભટકતા ચરણ હવે ખસી શકે તેમ નથી. ચેતના શમે છે, કાળની ઘેરી છાયા માર્ગ રૂંધે છે, સતતપંથે હવે આંખડી વિકલ બનીને ઢળે છે.

હજી સુધી તારૂં નિકટ આગમન ન થયું તો હવે નેહભર્યું ડગ હમણાં ન માંડજે—હવે તો નયનો મીંચાય ત્યારે જ એ ઢળેલ નયનો પર અદીઠ ચુંબનો વેરજે. આ છેલ્લી માગણી તે વિજ્ઞપ્તિ હશે કે ઉપાલંભ?

ક્ષણિક ઝલકે : [પૃ. ૩૩] ડાહ્યાં હતાં ત્યારે—પ્રણયનું ગાંડપણ ન્હોતું ઉપજ્યું ત્યારે—દુનિયાની સમજણ ન્હોતી; પણ પ્રણયઘેલછાના ક્ષણિક ઝબકારમાં જીવનનો ભેદ સમજાયો.

પ્રથમ દિને નેત્રસમાધિ સાધતાં પ્રણયસમ્રાટ સરખાં બન્યાં; બીજે દિવસે સ્મિતવિનિમયથી ધન્ય બન્યાં; ત્રીજે દિવસે લજ્જાનો ઉદય થયો, નિકટતા સધાઈ, મુગ્ધમધુર વચનો ઝર્યાં—અને હૃદય ખોલતાં એક પળમાં પાગલ બન્યાં.

'બન્યાં ગાંડાં ત્યારે ક્ષણિક ઝબકે ભેદ સમજ્યાં.'

અકલ બાલિકા : [પૃ. ૩૪] મનોગત પ્રણયના અનુભવો—પ્રણયપ્રતીતિનાં પ્રમાણો—ન્હોતાં; હું અકિંચન હતો; પણ પ્રણયવિષય બનેલી બાલિકાને જગતવૈભવો શૂન્ય લાગ્યા, સ્નેહના અતલ શૂન્યમાં સુભગ સર્જનો દેખાયાં! પ્રાણની ઝંખના અકલ છે.

અહીં—'નયન ઘેલછા,' 'પ્રણયપાશનો તરફડાટ' 'લલિત લાડ,' 'વાણીના તાર,' 'કુસુમો' વગેરે મનોગત પ્રેમના અનુભાવો ન્હોતા તે સમજવું સ્હેલું છે. પણ 'હૃદયમાં નહીં ભાવના' એટલે? હૃદયમાં પ્રેમ ભાવના પણ ન્હોતી? એ ઉચિત નથી. 'ભાવના' એટલે પ્રણયીની ચિન્તનમય, પ્રિય–સ્મરણમય, મનોદશા અને એ પણ ન્હોતી, એટલું પણ પ્રેમપ્રમાણ ન્હોતું—એ અર્થ અભિપ્રેત લાગે છે.

અર્ધ્ય : [પૃ. ૩૫] હું તો ક્ષિતિજનો—અનંત પથનો—પ્રવાસી છું. દિવાનો પ્રવાસી છું—સુખદુ:ખની, અગવડ સગવડની મને તમા નથી.

તમે વિભવમાં રમો છો. તમે મધુરાં પ્રણયસ્વપ્નોમાં રાચો છો.

આટલું આપણા બે વચ્ચે વૈષમ્ય છે. પણ મારી પણ ઉષા ઉડશે—મારા શ્રમિત પ્રાણને પંપાળતો હું હૃદયમાં સ્નેહસૌંદર્ય ભરીને ઊઠીશ, અને હૃદયમાં આનંદનો અર્ધ્ય ધરીને, એ આનંદ અર્ધ્ય તને અર્પવા પગલાં ભરીશ.

ઝીલ્યા જગે: [પૃ. ૩૬] કાળના ઘા ઝીલી શક્યો પણ હે બાળે! તારાં દગ્બાણુ નથી ઝીલી શકાતાં; વિધિની વેધક હાસ્યધારા ઝીલી, પણ તારી સ્મિતરેખા સહી શક્યો નહિં; જગતનાં ગૂઢતત્ત્વોનો રાસ સમજાય પણ તારા ઉરનાં ધબકાર ગીતો સમજાતાં નથી.

અર્થાત્—કાળપ્રહાર ઝીલવાનું ધૈર્ય છે. પણ પ્રણયપ્રસંગમાં હૃદયની નિર્બળતા જણાય છે. એ ધૈર્ય કેવું ગણવું? આ નિર્બળતા પણ કેવી ગણવી?

સૃષ્ટિના અગમ્ય ભેદો સમજવાનું જ્ઞાન હોય—પણ એક બાળાનું હૃદય સમજી શકાતું નથી; તો એ જ્ઞાન શું! અને આ જ્ઞાનદીનતા શી! મનોધર્મોનું અન્યોન્ય વિરુદ્ધ સ્વરૂપ વિસ્મયજનક છે.

ભલે ન પાસે: [પૃ. ૩૯] આ કાવ્યનું સારતત્ત્વઃ—અસહાય દશામાં દુઃખના સહનમાંથી જ સહાયતા મળશે. અંધારી જગવાટમાં દીપ ન મળે, તો બળતાં હૈયાંની જ્વાળા પંથ ઉજાળશે; અસહ્ય તાપમાં છાંયડો નથી મળતો, તો ધીકતી ધરતીને આંસુડાથી ઠારશું.

મૃત્યુની ક્ષણે તૃષા છીપાવવા સ્વજનો કોઇ ભલે સમીપ ન હો—તારી સ્મૃતિના જલના કટોરાથી તૃષા છીપશે.

નથી હૃદયમાં: [પૃ. ૪૦] પ્રણયીઓ મળ્યાં, સ્નેહસુધા છલકી; પણ એ મિલને હૃદયતાર ઝણઝણાવ્યા નહિ. હૃદયવ્યથા—કે સ્નેહરોશનીનો ઝળહળાટ મધુરમત્ત સંભારણાં એવો કોઇ એ મિલનનો પ્રબળ સંસ્કાર રહ્યો નથી. તો એ પ્રણય હતો કે કાંઈ બીજું જ હતું?

આજે મારે: [પૃ. ૪૧] જે સ્નેહનું બીજ વવાયું હતું તેમાંથી સ્નેહવાટિકા ફાલીફૂલી છે; એનાં કુસુમો, રસ ટપકતી પુષ્પપાંખડીઓ, પુષ્પપરિમલનું સૌરભ—એ અર્ઘ્ય બીજ વાવનારને જ આપવો હતો. પણ બીજ વાવનાર ગયો! એનાં નયનઅમીથી પોષાયેલો પુષ્પવૈભવ હવે વ્યર્થ જશે. સ્મરણ કરવું અને રોવું એ જ રહ્યું છે.

એક પત્થરને વિંટળાએલી લતાને જોતાં: [પૃ. ૪૩] જેનું હૃદય સ્નેહરસથી પૂર્ણ છે, એ રસની વિભૂતિ જેના દેહમાં પુષ્પરૂપે વિકસેલી છે, એવી કોમળ લતા શુષ્ક કઠિન પત્થરને શામાટે વીંટાઇ? લતાએ તો પત્થરની રસહીન-તાની ગણના કર્યા વગર એને સ્નેહ આપ્યો. વિધિ આ પ્રકારે સૌન્દર્યને કેમ

અપાત્રપર વેડફી દેતો હશે? આવી શંકા કવિને થાય છે, લતાને નહિ. લતા તો કહે છે:

'જો ચાહવું, પત્થરમાંય તો પછી, ન પ્રાણ કાં પાથરવા ઉમંગે.'

આ અન્યોક્તિકાવ્યનો ધ્વનિતાર્થ સ્પષ્ટ છે.

નવોઢા : [પૃ. ૪૬] નવોઢાના હૃદયમાં થતું મુગ્ધસ્નેહ અને આશંકાનું મન્થન, એ મનોમન્થનને અંગે ઉપજતા ભાવતરંગો અને એના કાયિક અનુભવો સમર્થ વાણીમાં અને સુભગ શૈલીમાં વર્ણવ્યા છે.

પં. ૬ **યૌવનભારધીમી** = યૌવનથી વિકસેલાં અંગોના ભારથી ધીમી.

પં. ૭ **પાયલ** = પગનાં ઝાંઝર.

પં. ૮ **ન થતાં નગણાં** = નગુણાં થયા વગર.

પં. ૧૨ **શું મશ્કરીમાં હસી ?** = વીજનો ઝબકાર તે, નવોઢાની નિકટમાં હૃદયનાથ નથી એ સ્થિતિ પ્રતિ, ઉપહાસ છે એવી ઉત્પ્રેક્ષા છે.

પં. ૧૬ **પરજગત**—સાધારણ જગતથી પરનું જગત; 'પરજગતના રૂઢ નિયમે' એમ છપાયેલ છે, વક્તવ્ય 'પર જગતના રૂઢ નિયમે' એટલે 'જગતના રૂઢ નિયમથી પર' એવું જણાય છે.

પં. ૧૭–૨૦ અને ૨૧–૨૪; આ બંને શ્લોકોની ઉપમા સુંદર છે; પ્રથમ શ્લોકની ઉપમા રૂઢ છે, બીજા શ્લોકની નવીન છે, વિશેષ સુંદર છે.

ત્યાગ : [પૃ. ૪૯] વનમાં સૂતેલી દમયન્તીનું અર્ધવસ્ત્ર ફાડી લઇને નળ ચાલ્યો જાય છે તે પ્રસંગનું—નળના હૃદયક્ષોભનું અને દમયન્તીની શ્રદ્ધાનું—સમભાવ ભર્યું આ આલેખન, મૂક અભિનય માટે સારું વસ્તુ બને.

પં. ૧–૧૩ વિશ્વસ્ત નિદ્રિત દમયન્તીનું વર્ણન.

પં. ૬—૭ આ અનુષ્ટુપમાં, બીડાએલાં નેત્રો અને નયનો બંધ હોવા કારણે જ થતું ભાવિનું આવરણ—અદર્શન—એ બિમ્બપ્રતિબિમ્બ કલામય છે.

પં. ૧૪–૧૯ વસ્ત્રતંતુઓ કાપતાં જાણે સ્નેહના તંતુઓને કાપતો હોય એવી નળની મનોદશા.

પં. ૨૦–૪૩ નળનો હૃદયક્ષોભ અને વિરોધી ભાવોનું મનોયુદ્ધ.

પં. ૪૪–૬૬ ભૂતકાલનાં સ્મરણો—જવા ઇચ્છતા પગને શૃંખલા બનીને રોકતાં સ્મરણો.

પં. ૬૭–૭૨ નળના હૃદયમાંથી વિવેકબુદ્ધિનો લોપ, સ્નેહજ્યોતિનો વિલય.

પં. ૭૩–૮૦ માતા સમી વસુંધરાને કોમલ અંકે, સ્વામી સદા સમીપ છે એ શ્રદ્ધામાં, દમયન્તી નિદ્રાવશ છે.

પં. ૫૫ માં—'**દમયન્તી એક દી જોઇ**' એમાં, અનુષ્ટુપના પાદમાં, આઠને બદલે નવ અક્ષરો છે, તે 'દમયન્તી' શબ્દનો અસંસ્કૃત, અશુદ્ધ, ઉચ્ચાર સૂચવે છે.

પં. ૫૮–૬૪ માં કરેલા વૃત્તખંડો પ્રવાહને સ્ખલિત કરે છે.

દુનિયાના દંશ: [પૃ. ૫૩] અખા અને એની માનેલી બેન વચ્ચેનો—અખાનો શુદ્ધવૃત્તિ અને ઉદારતા, તથા બેકદર બેનની કુશંકા અને અશ્રદ્ધા આલેખતો–જાણીતો પ્રસંગ.

પં. ૨૦ 'કહે અખો અંતર્ભાવથી ભર્યો' એમાં વૃત્તભંગ છે. 'આંતર ભાવથી' વાંચવું.

પં. ૩૧ 'ન તોડી મૃત્યુ સ્મૃતિતંતુને શકે'

,, ૩૩ 'ન બેન! મૃત્યુ કદી ભાવના જીતે'
આ પંક્તિઓમાં અમૂલ્ય વિચારરત્ન છે.

પં. ૩૭ માં '**વિશ્વનો**' તે સ્થળે '**વિશ્વતણા**' વાંચવું—નહિ તો વૃત્તમાં ત્રુટિ રહે છે.

પં. ૪૧ '**જોઇ ઘડેલી સુવર્ણ કંઠીને**'—પાછી વૃત્તવિકલતા. 'ઘડેલી સુવર્ણ' ને સ્થાને 'ઘડાયેલ સુવર્ણ' વાંચતાં વૃત્ત શુદ્ધ બને છે.

પં. ૬૫–૬૮ કાવ્યનું સમાપન સંયમસુભગ છે.

જગતાત : [પૃ. ૫૭] પં. ૧ '**ફૂટી નિશાની કળી**'–પ્રભાત થયું.

પં. ૩ '**પ્રાચિદિશા અરૂણને**'–'પ્રાચીદિશા અરુણને' એ રીતે મુદ્રણદોષ સુધારી લેવો.

પં. ૪ માં સૂર્યને કર્ત્તવ્યમાં અપ્રમત્ત કહીને પં. ૧૦ માં આવતા કર્ત્તવ્યપરાયણ કૃષિકારની આગાહી આપી છે તેમાં સામ્યવ્યંજનાની મનોહરતા છે.

પં. ૩૦ માં અલ્પ શબ્દોદ્વારા ઊંડું તત્ત્વ રજૂ કર્યું છે, 'કર્મમાં મૃત્યુને ભેટે, મૃત્યુમાં કર્મને જુવે.'

પં. ૩૬ '**ઘનગરજના મેઘની**' એમાં '**ઘન**' એ ગર્જનાનું વિશેષણ છે.

હું [પૃ. ૫૯] સરમુખત્યારના અહંભાવનું સબળ ચિત્ર છે; એની ગર્વોક્તિનો અહં તે, સર્વાત્મભાવ અનુભવતા જ્ઞાનીના અહંભાવરહિત 'અહં'ની પડખે જઇને બેઠો છે; અર્થાત્ સરમુખત્યાર અને પરમાત્મા વચ્ચે ઝાઝું અંતર રહ્યું નથી લાગતું.

પૃથ્વીછંદનો કોમળ કાવ્યતત્ત્વો જોડે યોગ દુષ્કર છે—પણ અહિં તો પૃથ્વીની પાર્થિવતા અને ખડબચડાપણું વસ્તુ સાથે સારો મેળ સાધે છે.

પં. ૧ **તડિતરુદ્ર**=તડિતને કારણે ભયંકર.

પં. ૬ આમ અન્વય કરવો :
'અલૌકિક અનંત' (એમ કહેતી) સૌ આત્માતણી વાત અસત છે.

પં. ૧૧ '**શિખરરુદ્ર સત્તાતણું**'–'**શિખર રુદ્ર સત્તા-તણું**' એમ જોઇએ.

પં. ૧૪ **અનલવીજ**=અગ્નિમય વીજ.

પં. ૨૧–૨૫ મનુષ્યમાત્ર સરમુખત્યારનો સૈનિક.

પં. ૨૬–૩૧ આ પંક્તિયોનો મેર છેલ્લી—૩૧ મી—પંક્તિમાં છે—બધી માતાઓ મારી સંહારયોજનાનાં અમર યન્ત્રો છે.

પં. ૩૨–૩૫ જગઆંગણે ઉત્સવ હવે એકજ છે. સમરફાગ ખેલવા તે.

પં. ૩૬-૪૫ સંહારનાં યન્ત્રો ઉપજાવતી અજબ સંસ્કૃતિ!

છેલ્લી કડીમાં કાવ્યનું સુભગ સમાપન થાય છે. '**હું**'થી શરુ થયેલ કાવ્ય '**હું**'થીજ સમાપ્ત થાય છે. **બાદરાયણે** પણ '**હૂં**' ગાયો છે, પણ અર્થભેદે. (જુઓ **કેદી**).

પત્રસૃષ્ટિ: [પૃ. ૬૨] આ સાદા વિષયના, સાદી **શૈલી**વાળા—'**રજા હતી આજ**' એવી સાદી રીતે શરૂ થતા—કાવ્યનું—અને કાવ્યનામનું રહસ્ય પં. ૪૫-૪૬ માં સમાયું છે.

'ના દૃશ્ય સૃષ્ટિ જીવતી, જ્યહીં લગી
અદૃશ્ય સૃષ્ટિ ઉરમાં રમી રહી?'

કદર: [પૃ. ૬૫] 'કદર' એ શીર્ષક કટાક્ષગર્ભ છે; કદરનો અભાવ સૂચવે છે. ગાણાની તેમજ, ગાનારની વાસ્તવિક હાલતની કદરનો અભાવ એ આ કાવ્યનો વિષય છે.

'પછી તને આપીશ પેટ માટે
પૈસા મને સંગીત ધૂન વ્હાલી.'

પં. ૧ '**રસ્તા તણા પત્થર ગાલીચા પે:**' ગરીબના ઘરની ભોંય કરતાં પણ શહેરના રસ્તા સારા હોય છે એ ધ્વનિ નીકળી શકે—પછી કવિએ ધાર્યો હોય કે નહિ.

પં. ૭-૮ '**મૌન કરાળ ચાંચો ક્ષુધાતણી, દેહ ચૂંથી રહી હતી**' એ રૂપક ઘણું તદ્રૂપ છે.

એક ભિખારીના છોકરાને જોતાં: [પૃ. ૬૭] 'ઊજળા' વર્ગોથી તિરસ્કૃત, ધનિકોની ભઠ્ઠીમાં દાઝેલા, દરિદ્રવર્ગના નિસાસા '**કાલ ઝંઝાનું રૂપ લૈ વૈર વાળશે;**' આ વકતવ્ય શ્લોક ૫ થી ૮ માંનો '**આજ**' અને '**કાલ**'ની તુલનાથી સમર્થ રીતે રજૂ થયું છે.

ટાણું: [પૃ. ૬૯] ભવિષ્યની પરવા વગર વર્તમાનના ઉત્સવો માણવાની વૃત્તિ આલેખતા આ ગીતમાં '**આજ**' અને '**કાલ**'ની જોડી આની પ્હેલાંના કાવ્યથી જુદો જ અર્થધર્મ બજાવે છે—'**આજ જીવી લો, કાલ ભલે હો** કડવા **મોત કટોરા.**' આ કાવ્યમાં જીવનનો ઉત્સાહ છે—પણ મૃત્યુની વિસ્મૃતિ નથી.

ધન્ય!: [પૃ. ૭૦] મનુષ્ય એ જ સૃષ્ટિસૌન્દર્યનો ભોક્તા છે; માનવ–જીવન સંતાનવાહી છે—સતત છે.

'શિશુના સુહાગી હાસના પારણે જીવન ઝુલતાં ગાજે.' પારણામાં બાળકદ્વારા કે બાળકરૂપે પિતાપુત્રક્રમે અવિચ્છિન્ન રહેતું 'જીવન' ઝુલે છે. બાળકને રમાડતું જગત પોતાના '**ભાવિ**'ને જ રમાડે છે.

આંગણે: [પૃ. ૭૧] કોઇક અજાણ્યો આંગણાંમાં ખેલે છે, અને મારા વેરાન ભૂમિ જેવા અંતરમાં રૂમઝુમ થતાં જીવનઝરણાં રેલે છે; જીવનવેલમાં કુસુમો ખીલાવે છે. એનું સાંનિધ્ય અખંડ મૌનને જગાવે છે. જીવનને આંગણે ખેલતો છતાં એ ખેલનારો અજાણ્યો જ રહે છે.

ભૂલા પડયા: [પૃ. ૭૨] પ્રથમ અને અન્તિમ કડીઓના ઉત્તરાર્ધો—

'જાણીતા ભોમીયા ભૂલા પડયા
અમે જાણીતી ભોમકામાં ભૂલા પડયા.'

એમાં કાવ્યનું વક્તવ્ય સમાયું છે. અનેક જન્મો સંસારમાં વીતાવ્યા, છતાં સંસારી જીવને સત્યમાર્ગ સાંપડ્યો નથી. જેમ ફુલડાંની પાંખડીમાં ફોરમ ભૂલી પડે, ચંદ્રના કિરણોમાં અમૃત ભૂલું પડે તે રીતે, જગત્‌માં તત્ત્વરૂપ રહેલો એવો આત્મા માયાના આવરણમાં ભૂલે છે.

'આતમની આરસીમાં'—આત્મા પરમાત્માનું પ્રતિબિંબ ઝીલે છે. પણ માયાની ઉપાધિથી યુક્ત છે એ કારણે અજ્ઞાનથી આવૃત્ત છે.

સંગમઆરે: [પૃ. ૭૩] વિલય પામતી જીવનવાડીમાં સંજીવની વસંત-લહરી આવી; આથમતા આત્મામાં પ્રકાશ પૂર્યો; **મોહથી** ભયંકર બનેલા સંસાર-માર્ગમાં **સાચા સ્નેહની** સુધા રેલાવી; પ્રાણની ખરી પડતી પાંખડીમાં પણ સૌરભ ફેલાવ્યું. જીવનમાં નશ્વરતા, વિલય, મૃત્યુ એ અસત્ય આભાસ છે, સ્વપ્ન છે; સનાતન અસ્તિત્વ એ સત્ય છે. અજ્ઞાનઅંધકાર અને સત્યપ્રકાશની આ લીલા સ્વપ્નમયજીવનના સ્વપ્નમય સીમાડામાં અવિરત ચાલુ છે. દુનિયા રુવે છે—મોહદશામાં દુઃખ અનુભવે છે—તેનું કારણ એ કે દુનિયા સ્વપ્ન અને સત્યના સંગમને આરે જીવે છે.

સંપૂર્ણ મોહદશા હોય, 'આ સ્વપ્ન છે' એવા ભાન વગરની અજ્ઞાનદશામાં જ મનુષ્ય સંતુષ્ટ હોય, તો તેને દુઃખ નથી; દુઃખનું ભાન નથી. તેમ સ્વપ્નમાંથી

નીકળીને સત્યના પ્રદેશમાં ગયેલા જ્ઞાનીને દુ:ખ નથી. સ્વપ્ન સત્યના સંગમમાં જ દુ:ખ છે; સ્વપ્નની અસત્યતાનું ભાન થાય છતાં સ્વપ્નપ્રદેશમાંથી નીકળીને સત્યપદે પ્હોંચાય નહીં એ દશા જ દુ:ખનો અનુભવ ઉપજાવે છે.

આંસુઓની ધારા: [પૃ. ૭૪] આંસુઓ દુનિયાના પાપમાર્ગોને ધોઇને સ્વચ્છ બનાવે છે; '**નેનનના અંજનને**'–કૃત્રિમતાને દૂર કરે છે.

યૌવન સ્નેહનાં આંસુ ઢાળે; શૈશવ સૌમ્ય આંસુથી રડે; એ અશ્રુઓ જીવન જ્યોતને પ્રજ્વલિત રાખે છે. તારુણ્યનો સ્નેહ અને શૈશવનું રુદન એ તો જીવનનાં બીજ છે.

વર્ષાનાં આંસુ–જલધારા–વિશ્વના વિલાસમલને ધૂએ છે; પ્રેમનાં વિરાટ–વિશ્વવ્યાપી—અશ્રુઓ પણ વિલાસને ધૂએ છે. પ્રેમના સત્યસનાતનરૂપમાં વિલાસ નથી. જીવનઅંજલિ ભરાય, પ્રાણપાંખડી વિકસે–તે પણ ભવભવના અશ્રુપ્રભાવે.

શાશ્વત દૈન્ય: [પૃ. ૭૫] આત્મભોમમાં દૈવી પ્રેમમોતી ચમકે છે–પણ, ભરૂં ભરૂં તોય, જીવનથાળ અધુરો રહે છે; નયન સ્નેહનાં સરોવર છે, દિલ પણ દરિયાવ છે, છતાં માનવ સ્નેહને પર્યાપ્તરૂપે પામી શક્યો નથી; અધુરો રહ્યો છે અને એથીજ છલકાય છે. સ્નેહની તૃષા અતૃપ્ત રહી છે. જ્ઞાનપ્રકાશ અલભ્ય રહે છે; એ 'શાશ્વત દૈન્ય.'

એક એક મૂરતમાં: [પૃ. ૭૬] પ્રત્યેક માનવમાં પરમાત્મા છે; તો પછી એક માનવ બીજામાં મોહે, બીજાનાં ગીત ગાય, બીજાના નયનની ઓળખાણ ઇચ્છે, અન્યના જીવનભેદની જિજ્ઞાસા કરે, એ શા માટે?

દૂરનો દૂર [પૃ. ૭૭] કડી ૧ '**પ્રભુ પાસે પાસે તોય દૂરનો દૂર**' એ જ્ઞાનવાકયની સુંદર કાવ્યસજાવટ કરી છે.

કડી ૨ આશાની ઉંચી અટારીમાં પ્રભુ રમે છે, એના અજાણ્યા પડછાયા આનંદપ્રદ બને છે, દિલના તારને છેડે છે. છતાં, પાસે છતાં, પ્રભુ દૂર છે.

કડી ૩ પ્રભુના ધુઘવતાં પૂર ગાજે છે, પ્રભુની આગાહી થાય છે; છતાં જીવનમાં પ્રભુવિરહ છે, એકાકીપણું છે, અણગમો છે; જીવનસરિતા સૂકી છે.

કડી ૪ ભૂતકાળ–પૂર્વસહચાર કેડો મૂકતો નથી; સ્ફૂટ રૂપે સ્મરણરૂઢ નથી, છતાં તદ્દન ભૂલાયેલો પણ નથી.

વર્તમાન–છેડો ઝાલે છે, જીવન સંલગ્ન છે. ભાવિ—ભવના શૂરને, જીવનવીરને, ભ્રમણામાં નાખે છે.

આ વિષમ કડીનો ભાવાર્થ આવો છે. પરમાત્માનો પૂર્વસહચાર હતો એવી આછી ઝાંખી પ્રતીતિ પજવનારી બને છે; વર્તમાનમાં જીવનસંલગ્ન પરમાત્મા જીવનમાં રહ્યો છતાં અગમ્ય રહે છે; ભવિષ્યમાં એને મેળવવાના વીરતાભર્યા પ્રયત્નો પણ ભૂલથાપમાં પડે છે.

વેદના : [પૃ. ૭૮] ઐહિક જીવનની અંધકારમય રાત્રિ ક્યારે પૂરી થાય, ઉષાના આગમનના સંદેશા અંતરને મળે છે તે ક્યારે ખરા પડે, એ અધીરાઇમાં હૈયું દુભાય છે. આગીઆ જેવી અલ્પપ્રકાશ આશા તિમિર નાશ કરવા સમર્થ નથી.

કોક દિન આવજે [પૃ. ૭૯] સ્નેહીજનને સ્નેહસ્મૃતિ જાળવીને કોઇ દિન આવવાનું નિમંત્રણ છે; જગતમાં અનેક વાટ છે, અનેક અન્ય દિશાએ લઇ જનારાં બંધનો, આકર્ષણો છે, એ ખ્યાલથી નિમંત્રણ આગ્રહી બને છે. આત્માનાં આનંદસ્થાનો અનેક હોય–તારા જેવાં, પણ આહ્લાદનું મુખ્ય સ્થળ એકજ–ચંદ્ર જેવું; એક અને અનેકના એ ભેદને ભેદીને આવવા વિનંતિ છે.

નેનન પ્યારા : [પૃ. ૮૦] કવિના જીવનમાં, સ્વપ્નમાં, કવિતામાં રમીને, પ્રેરણાદાયી બનીને, ઉડી ગયેલા મિત્રને સંબોધન.

આવો તો : [પૃ. ૮૧] કડી ૧ આવવાનું નિમન્ત્રણ–અંતરની જ્યોતને ઝગાવનાર કોઇ જોગીરાજને.

કડી ૨ માર્ગમાં ઉષાનાં અજવાળાં વેરશું; ઘેર પહોંચશો ત્યારે સંધ્યા હશે–એ સંધ્યાના રંગોનાં તોરણો બાંધશું.

કડી ૩ અમે દિલનાં—સ્નેહસ્થાનનાં—બારણાં ઉઘાડીશું; તમે આતમના–જ્ઞાનના–આગળા ઉઘાડજો.

કડી ૪ બાહ્યપ્રકાશ છે; આંતરજ્યોત તમે ઝગાવજો.

સૌભાગ્ય પગલાં: [પૃ. ૮૨] જગતની ભોળી પ્રવાસણ પ્રણયના સદનમાં જાય ત્યારે શી શી સત્ક્રિયા માગે છે? પાર્થિવ દ્રવ્યોવડેનું સ્વાગત નહિ; પણ હૈયાંનાં ફૂલડાં, સોણલાના સાથિયા, એવું સ્વાગત. એ પ્રવાસણને સૌભાગ્યલક્ષ્મી બનવાના કોડ છે—કુંકુમ પગલીએ આવવાની હોંશ છે.

એકલવાટે: [પૃ. ૮૩] સાગરગર્જનામાં કવિને ગબીરાકાળની ગર્જના સંભળાય છે, સ્નેહજીવન ખીલાવનાર વસંતના ગીતપૂકાર, જીવનની રસગંગાની ગર્જના સંભળાય છે. સ્નેહજીવનની એકલવાટે જનારને આ નાદ ઉદ્‌બોધક અને પ્રોત્સાહક બને છે.

વસમે ઘાટ: [પૃ. ૮૪] '**ઉરનદ વહજો વસમે ઘાટ**'—સુખોપભોગને સરળ માર્ગે નહિ, પણ દુ:ખીજનને શાન્તિ આપવાને માર્ગે, અનંતતાને માર્ગે, જીવનનદ વહે એવી—બુદ્ધમહાત્મા જેવી—તમન્ના.

દિલના રાહ: [પૃ. ૮૫] નહીં સમજાતું—પણ સ્મિતથી નિમંત્રતું—દિલડું માર્ગે દોરે છે. અને એ રીતે દોરાતી મુગ્ધાનું—પાલવડો સંકોરતાં—'કરકંકણ નાજુક બોલે.'

સોણાં: [પૃ. ૮૬] મેં સોણલાંને હૈયે હુલાવ્યાં છે, લોચનિયે લડાવ્યાં છે. પ્રણયીજનને બહેકાવનાર વર્ષા આવી ત્યારે હે **સખી!** પ્રીતિને સ્મરણે તારી પાંપણ ભીંજાઈ, પણ મેં તો એ સ્મરણોને હૈયામાં છુપાવીને હુલાવ્યાં અને લોચનિયે લડાવ્યાં.

મુગ્ધ અજ્ઞાન: [પૃ. ૮૭] બબ્બે કડી સાથે લેવી.

કડી ૧–૨: વસંત, જીવતરંગ, આશાની ડાળ. 'આશાની એક એક ડાળે, ઉમંગ ભરી ફાળે'—મનવાનર એક આશાડાળથી બીજી પર કૂદે છે.

કડી ૩–૪: મેહુલો—નવપ્રભાત—પ્રકાશપૂર.

કડી ૫–૬: સોણલાં—વિવિધ અંગવેશ; ભાવિનું અદર્શન.

રિસામણાં : [પૃ. ૮૮] અને મનામણાં પણ ખરાં.

'નારીની જાત અમે, હારીને આનંદ લઇએરે;' પ્રિયતમાને વિજયનો–વિજયાભાસનો આનંદ આપીએ, પણ ખરી જીત કોની?

કૃષ્ણ તમે—હું મીરાં; પ્રેમ જ નહિ, પ્રેમભક્તિ.
અને પ્રીત ક્યાં કરી? પ્રાણને પનઘટે.

ઉમ્બરમાં : [પૃ. ૮૯] પ્રભુના મંદિરના ઉમ્બરમાં, જ્ઞાનના ઉમ્બરમાં ઊભી છું—જગતને તીર. જ્ઞાનની ઝાંખી થાય છે, જિજ્ઞાસા ઉત્કટ બને છે—**'કોઇ ઝીલો એ વેણ વહી જાશે.'**

વેરણ વાદળી : [પૃ. ૯૦] જિજ્ઞાસા સુપ્ત હતી; પ્રિયતમની સ્મૃતિ પ્રસુપ્ત હતી; તેને જગાડી જનારી વાદળી વેરણ થતી લાગે છે.

બ્હારના મોરલાને અંતરમાં આણી મૂકતી **'સૂના જીવનના એકાકી આરે, મોરલા મલકાવી ગઈ'** એ કડી સુંદર છે. **'મલકાવી'** એ ઠીક છે કે **'ટહુકાવી?'**

મારે આંગણે : [પૃ. ૯૧] પં. ૨. **હૈયાના જામ્યા** ઉઘાડ = હૃદયનો વિકાસ થયો.

પં. ૪. **'એમાં ખેલે કિરણ લઇ કાળ'**—ઘેરી ઘટામાં કાળ સંતાયો છે; અને સંતાયેલા કાળને પકડતાં સૂર્યકિરણો એમાં રમે છે કિરણની અને કાળની સંતાકૂકડી.

જે વસંતે આંગણે રહેલા આંબાના ઝાડની મંજરીઓ ખીલાવી, તે જ વસંત 'મારા' આયુનો બજવૈયો એવો ઘેરૈયો આણે છે. આ કારણે વસંતના ઘેરૈયાના પ્રેમથી પ્રેરાયેલું આ ગીત આંબાને ફરતું ગવાયું છે.

વિવરણ

આષાઢી મેહુલાઃ [પૃ. ૯૨] **મનડાના મોતીએ**—માનસિક વ્યાગતોપચારથી.

આશાના મોર—મેહુલો મોરને ટહુકાવે છે; પ્રિયતમના આગમનની આશા હૃદયમોરને ટહુકાવે છે.

મારા સૂના અવાસ હસાવે—વીજળીના ઝબકારાથી સૂના આવાસમાં થતો પ્રકાશ, પ્રિયતમના વિરહમાં, હૃદયના અંધકારને દૂર કરતો નથી એ ધ્વનિ છે.

નૃત્યઃ [પૃ. ૯૩] કેવળ કલાવિલાસ નહીં, માત્ર પ્રેમપ્રેરિત નહીં, પણ આત્મજ્યોતિ અને પુણ્ય ભાવનાથી ભરપૂર નૃત્ય; સૂર્યની માફક તેજોમયતાના અને ચન્દ્રની માફક સૌમ્યતાના સંદેશા આપતું નૃત્ય.

ચૂંદડીઃ [પૃ. ૯૪] ચૂંદડી ઉડી જતાં શું શું ગૂઢ હતું તે પ્રકટ થયું? વેણી, અને વેણીદ્વારા હૃદય; સૌરભ; લજ્જાની લાલાશ અને એથી સૂચિત સ્નેહભાવ; દબાવી રાખેલું—હવે છલકાઈ જતું, હાસ્ય. ચૂંદડી સમારી—પણ છુપાવવાનું બાકી રહ્યું ન્હોતું. કડી ૩ માં **લાલિમા** જોઈએ, **લાલીમા** નહિ.

ફૂલછાબઃ [પૃ. ૯૫] છાબમાં ન માતાં ફૂલડાં; ફૂલડાંમાં ન સમાતી ફોરમ; એને વિકસાવતી વસંત; એ અગૂઢ અંગવિકાસ અને સ્નેહસૌરભ તથા યૌવનનાં રૂપકો ગણી શકાય.

મર્મર [પૃ. ૯૯ થી ૧૦૩]

જોઈને નીર ૦—સિન્ધુ સરિતાનો, દયિતદયિતાનો, અન્યોન્યાશ્રય.

જગે પોલાં ૦—ધુમસ એ પોલાં જીવનનું અને વાદળ એ ભર્યાં હૈયાંનું દૃષ્ટાન્ત છે.

ઉભાં રહોને ૦—નામના જિજ્ઞાસુને જિજ્ઞાસાથી અધિક જાણવાનું મળ્યું: 'હૃદય નાણી લીધું છે, એ એકરાર જાણવાનો મળ્યો.

વિબુધજન ૦—દૃષ્ટાન્ત—કોકિલા તે વિબુધજનનું, કાગડા મૂર્ખનું-રૂઢ છે.

સોહામણા ૦–ગુલાબના પુષ્પ જેવો નિવાસ, એની સુવાસનો સહવાસ, તોપણ કંટક તે કંટક જ રહ્યો. અન્યોક્તિ.

દઝાડે છે દુઃખે ૦–અહિં ગ્રીષ્મ વર્ષાના ઋતુચક્ર જોડે દુઃખસુખનું ભાગ્યચક્રનું સામ્ય સ્વીકાર્યું છે. આ જ વિચાર–સરણિ છતાં વૈષમ્યદર્શન માટે જુઓ પૃ. ૧૪, **ન્યાય.**

નિરાશા લઇ આવી ૦–પ્રથમ શબ્દ **નિરાશાનો નિ** ગુરુ ઉચ્ચારવો પડે છે; એ દોષ છે.

શય્યા પણ નાથ વિરહે રડી–એ તર્ક સુભગ છે.

ઉષાના સૌમ્ય ભાલે–ઉષાના **ઉ**ને ગુરુ ઉચ્ચારવાની ફરજ ઊભી થાય છે.

હૈયે જેવું ૦–'હૈયે તે હોઠે' તે કહેવત પ્રણયજીવનમાં ખોટી કરવાનો અનુભવ થાય છે–હોઠે આવેલું હૈયે સિધાવે છે.

ઓ જિન્દગી ૦–જીવનની જ્યોત જલે છે. તેની હોલાઇ જતી વાટને સંકારવા આવ્યો ત્યાં તો— ઇહજીવનરૂપ નિશા સમાપ્ત થઇ, પરજીવનનું પ્રભાત પ્રગટ્યું.

મુદ્રણદોષો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૦	છેલ્લી	ઉષાના	ઉષાનાં
૩૧	૬	આનિલમત્ત	અનિલમત્ત
૩૭	છેલ્લી	આંખે આંખ મળે, ન પથ;ના	આંખે આંખ મળે, સમાન પથ ના;
૪૫	૪	દ્વેશના	દ્વેષના
૫૪	૨	અંતર્ભાવથી	આંતર ભાવથી
	છેલ્લેથી બીજી	વિશ્વના	વિશ્વતણા
૫૫	૩	જોઇ ઘડેલી સુવર્ણ કંકીને	જોઇ ઘડાયેલ સુવર્ણ કંકીને
૫૭	૩	પ્રાચિદિશા અરૂણને	પ્રાચીદિશા અરુણને
૬૦	૭	વિષદ	વિશદ
૬૨	૧૩	વિચારી	વિચારીને
૬૩	૪	તો	તૂર્ત
,,	૧૧	લખેલ પત્રો	લખેલ આ પત્ર
૬૭	૧	ઠરવાને	ઠરવા
૮૨	૧૫	કુમકુમ	કુંકુમ
૯૪	૭	લાલીમા	લાલિમા
૧૦૦	છેલ્લી	કકળાતો	કકળાતો આ